વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/– તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૯ છૂટક નકલ રૂા. ૧૦/–

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫ વીર સંવત : ૨૫૩૫ ચૈત્ર વદિ – તિથિ – ૭

## જિન–વચન

### આત્મા સર્વત્ર

अप्पा नदी वेयरणी अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू अप्पा मे नंदणं वणं ।।

–उत्तराध्ययन– २०-३६

આત્મા પોતે જ વૈતરણી નદી છે. આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદુધા ગાય છે અને આત્મા જ નંદનવન છે.

आत्मा ही वैतरणी नदी है और आत्मा ही कूटशाल्मली वृक्ष है । आत्मा ही कामदुधा धेनु है और आत्मा ही नंदनवन है ।

The soul itself is the river Vaitarani. The soul is a Kutashalmali tree. The soul is Kama-duha (wish-fulfilling) cow and the soul is the Nandanavana (a park in paradise).

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

# આત્મજ્ઞાનની સલામતી

હજરત મહંમદ પયગંબર સાહેબ એક વાર પોતાના સાથીઓ સાથે હજરત અલી સાહેબને ઘેર વિરાજ્યા હતા. હજરત અલી સાહેબે અતિથિઓનું સ્વાગત કરવા માટે એક તાસકમાં મધ મૂકી તેઓની સેવામાં ધર્યું.

એવામાં હજરત મહંમદ સાહેબની નજર મધમાં પડેલા એક વાળ પર પડી. એ જોઈને પયગંબર સાહેબે કહ્યું: 'આ થાળીમાં પડેલો આ બારીક વાળ જોઈને તમને બધાંને કંઈ કહેવા જેવું લાગે છે ખરું ?'

મહંમદ પયગંબર સાહેબની સૂચના સાંભળીને એક પછી એક જણાએ પોતપોતાની રીતે પોતાના વિચારો દર્શાવવા માંડ્યા.

હજરત અબુબકર સિદ્દીક સાહેબે કહ્યું: 'મુસલમાન આ થાળી કરતાંય વધારે પવિત્ર છે, અને મુસલમાનોના દિલમાં રહેલી શ્રદ્ધા આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ શ્રદ્ધાને જિંદગીભર ટકાવી રાખવી આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ઉમર ફારૂક સાહેબે કહ્યું: 'હકૂમત આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને હકૂમત કરવાની તમન્ના આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ અદલ ઈન્સાફ કરવો આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ઉસ્માન ગની સાહેબે કહ્યું: 'વિદ્યા આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને વિદ્યા મેળવવાની તત્પરતા આ મધ કરતાંય વધારે મીઠી છે. પરંતુ તે પ્રમાણેનું આચરણ કરવું આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત અલી સાહેબે કહ્યું: 'અતિથિ આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને તેમનો આદરસત્કાર કરવો આ મધ કરતાંય વધારે મીઠો છે. પરંતુ અતિથિનું દિલ જીતવું આ વાળ કરતાંય વધારે બારીક છે.'

હજરત ફાતિમા સાહેબ બોલ્યા: 'સ્ત્રી માટે લજ્જા આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને સ્ત્રીનું શીલ આ મધ કરતાંય વધારે મીઠું છે. પરંતુ પોતાની જાતને બીજાની કુદૃષ્ટિથી બચાવવી આ વાળ કરતાંય વધારે બારીક છે.'

પછી હજરત મહંમદ સાહેબ બોલ્યા: 'આત્મજ્ઞાન આ થાળી કરતાંય વધારે પવિત્ર છે. અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આ મધ કરતાંય વધારે મીઠું છે. પરંતુ આત્મજ્ઞાનને પોતાના દિલમાં સલામત જાળવી રાખવું આ વાળ કરતાંય વધારે બારીક છે.' ✱✱✱

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | હે વાણી દેવતા, આ વિશ્વના અણુ અણુમાં પ્રવેશો ! | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ઈલેક્ટ્રોનનો સમુદ્ર અને નિશ્ચય-વ્યવહાર | ડૉ. જવાહર પી. શાહ | ૫ |
| (૩) | દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૯ |
| (૪) | માન : કષ્ટદાયક કષાય | શાંતિલાલ ગઢિયા | ૧૦ |
| (૫) | ચૂંટણી પર એક વેધક નજર | કાકુલાલ છગનલાલ મહેતા | ૧૨ |
| (૬) | કસ્તુરબા સેવાશ્રમ-મરોલી-ચેક અર્પણવિધિ કાર્યક્રમ | મથુરાદાસ ટાંક | ૧૩ |
| (૭) | 'ગામઠી આરોગ્ય વિજ્ઞાન' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૫ |
| (૮) | ચંદ્રાઉલા : કાવ્ય પરિચય | ડૉ. કવિન શાહ | ૧૬ |
| (૯) | જયભિખ્ખુ જીવનધારા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૯ |
| (૧૦) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૬ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૨ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૫ |
| (૧૨) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેય:પૂ. વિમલાતાઈ | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૨૮ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ००૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● ● અંક : ૪ ● ● તા. ૧૬એપ્રિલ, ૨૦૦૯ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## હે વાણી દેવતા, આ વિશ્વના અણુ અણુમાં પ્રવેશો !

जगत वत्सल महावीर जिनवर सुणी, चित्त प्रभु चरणने शरण वास्यो ।
तारजो बापजी बिरुद निज राखवा, दासनी सेवना रखे जोशो ।।

[મહાવીર પરમાત્મા ત્રણે જગતનું હિત કરનારા છે. એમ સાંભળીને મારા ચિત્તે આપનાં ચરણોનું શરણ સ્વીકાર્યું છે. તેથી હે જગતાત! હે રક્ષક! પ્રભુ! આપ તારકતાના બિરુદને સાર્થક કરવા માટે પણ મને આ સંસાર-સાગરથી તારજો. પરંતુ, દાસની સેવા-ભક્તિ તરફ ધ્યાન ન દેતાં અર્થાત આ સેવક તો મારી સેવા-ભક્તિ બરાબર કરતો નથી, એમ જાણી મારી ઉપેક્ષા ન કરશો પણ મારી સેવા તરફ જોયા વિના ફક્ત આપ મને એ તારક બિરુદને રાખવા માટે તારજો–પાર ઉતારજો.]

(શ્રી પ્રેમલ કાપડિયા સંપાદિત અદ્ભુત ગ્રંથ 'શ્રીમદ્ દેવચંદ્ર કૃત ચોવીસી'માંથી ઋણ-સ્વીકાર સાથે)

ભગવાન મહાવીરને કોટિ કોટિ વંદન.

આજે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક દિવસ છે. આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં આ ભારતની ધરતી ઉપર એક ભવ્ય આત્મા વિહરતો હતો. ઉગ્ર તપશ્ચર્યા અને સ્વ અનુભવે એ મહામાનવના આત્મામાંથી જગત કલ્યાણ માટે દિવ્ય વાણી વહી હતી. આ વર્તમાન જગતને આજે આજ વાણી વિશ્વશાંતિ પાસે લઈ જશે.

આ અંકના સૌજન્યદાતા
**શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ**

એટલે આવો, આજના આ ભવ્ય દિવસે એ વાણી દેવતાને પ્રાર્થના કરી વિનંતિ કરીએ કે હે મહાવીર વાણીદેવ આપ આ જગતના અણુએ અણુમાં પ્રવેશો અને પ્રાણી માત્ર ઉપર ઉપકાર વર્ષાવો.

*સવ્વે જીવા વિ ઈચ્છંતિ*
*જીવીઉં ન મરિ જિજીઉં*
–દશ વૈકાલિક સૂત્ર-૬/૧૧

(બધાં પ્રાણીઓને જીવન પ્રિય છે, અને પ્રત્યેક પ્રાણીમાં જિજિવિષા અને સુખાકાંક્ષાની ચાહ રહે છે. બધાં પ્રાણીઓ જીવિત રહેવા ચાહે છે. કોઈ પણ મરવા ચાહતું નથી.)

આ વાણીસૂત્ર પ્રત્યેક આતંકવાદી અને કતલખાનાના કર્મચારીમાં હૃદયસ્થ થાવ. પછી કોઈ ગોળીઓની ધનધનાટી નહિ સંભળાય, એ ગોળીઓના ભોગ બનેલ કોઈ નિર્દોષ પરિવારના મુખમાંથી આહ અને શાપના શબ્દો નહિ નીકળે, કોઈ અબોલ પ્રાણીઓની હૃદયભેદક ચિચિયારી નહિ સંભળાય, કોઈ પર્યાવરણ સમતુલા નહિ ગુમાવે, કોસ્મિક લય ખોરવાઈ નહિ જાય, આકાશમાંથી ચોમાસાના ચારે માસ અનરાધાર વરસાદ વરસશે, ધરતી ધાનથી ફાટ ફાટ થશે, નદીઓ ક્યારેય સૂકાઈ નહિ જાય, ગાય માતા પોતાના સર્વ સત્ત્વથી જીવ માત્રને પોષણ આપશે. મોર, પોપટ અને કોયલના સંગીતથી ધરતી ગુંજી ઊઠશે. પછી સ્વર્ગ આ ધરતી પર છે, આ ધરતી પર છે એવી પ્રતીતિ થશે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચે વ્રતોની ઊંડી સમજ જીવનમાં 'રસાયણ'ની જેમ ઓગળી જશે. પછી કોઈ કોઈનો દુશ્મન નહિ બને. સર્વને પોતાના પૂરતું મળી રહે પછી લડાઈ શેના માટે? પ્રત્યેક માનવ સ્યાદ્વાદ અને અનેકાંતવાદની દૃષ્ટિ કેળવશે. પછી કોઈ ધર્મોએ પોતાના અસ્તિત્વ માટે 'ઊંચા' અવાજે ગર્જવાનું નહિ રહે.

જે પ્રાપ્ત થયું છે એ બધું અનિત્ય છે. કોઈ પણ પદાર્થ, પુદ્ગલ કે સંજોગ નિત્ય નથી જ. પછી મમત્વ શા માટે? એ સિદ્ધાંત સમજાઈ જશે પછી એને પકડી રાખવાની મથામણ નહિ રહે, એટલે દુઃખ તો બચારું દેશવટો લઈ લેશે, સમજનો સૂરજ ઉગશે ત્યારે જીવન ઝળાંહળાં

થઈ જશે, ત્યારે અંધકારમાં પણ પ્રકાશ દેખાશે, શરીરની માંસપેસીમાંથી યુદ્ધ નહિ પણ અંતરમાંથી બુદ્ધત્વના અનેક સૂર્યો અનેરા પ્રકાશ લઈને ઉગશે, એ કિરણોમાંથી ગરમી નહિ પણ જીવ માત્ર માટે ચાંદની જેવી શીતળતા વરસતી હશે.

સ્વાદ્વાદ અને અનેકાંતવાદનું તત્ત્વ સમજાશે ત્યારે 'મમ સત્ય'નો આગ્રહ ઓગળી જશે, પછી યુદ્ધનું કારણ શું?

મહાવીરે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ આપણા શરીરમાં બેઠેલા આ છ અરિ-શત્રુઓને જાણ્યાં અને સર્વ દુઃખોના કારણ આ છ જ છે એવું સત્ય અનુભવ્યું એટલે એ છને જીત્યા. તેથી જ મહાવીર અરિહંત થયા.

મહાવીરવાણીએ માનવને જીવન જીવવાની કળા બતાવી. કર્યું, કરાવ્યું, અનુમોદ્યું એના સૂક્ષ્મ ભેદ સમજાવ્યા. જીવનના શુદ્ધિકરણ માટે શ્રાવકજનને પ્રતિક્રમણ અને સામાયિકનો ભવ્ય ઉપહાર આપ્યો.

તમારા કર્મના કર્તા તમે જ છો, જેવું કર્મ કરશો એવું પામશો એવો કર્મવાદ મહાવીર વાણીએ જગતને આપીને સમાજ રચનાને સ્વસ્થતા આપી.

મહાવીરવાણીની યાત્રાના અંતે માનવને શૂન્ય મળે, મહાશૂન્ય મળે અને મોક્ષ મળે.

મહાવીરના અનુયાયીઓ આજે મહાવીરને યાદ કરશે. પર્યુષણમાં એ મહામાનવનું પૂજન કરશે, પણ તીર્થંકરની વાણીને ઊંડાણપૂર્વક સમજો અને અનુસરો તો જ એ વાણી એના સેવકને તારશે. જ્ઞાન વગરની ક્રિયા એક પાંખના પંખી જેવી છે.

પોતાના જીવન વ્યવહારના અણુએ અણુમાં મહાવીરવાણીને ઓગાળે એ સાચો મહાવીરનો અનુયાયી, પછી એને બાહ્ય આડંબરની કોઈ જરૂર નથી. ભીતરની સમજનો સૂરજ જ એને મોક્ષ યાત્રા કરાવશે.

મહાવીરની સેવા કરવી હોય તો **મહાવીર વાણીની સેવા કરો**, જગત કલ્યાણનો આ રાજમાર્ગ છે.

સાચો મહાવીર અનુયાયી આતંકવાદીને પણ ક્ષમા આપશે, કારણ કે એણે શું કર્યું એનું એને ભાન નથી, કરાવનારને ય 'સમજ' નથી. એની પાસે શસ્ત્ર કરતાં સ્યાદ્વાદ હોત તો 'આમ' ન થાત.

ભલે આપણે ભવ્ય રથયાત્રાનું આયોજન કરીએ, ભલે ઉત્તુંગ મંદિરોનું નિર્માણ કરીએ, પરંતુ આ બેથી પણ એક ભવ્યાતિ ભવ્ય કામ મહાવીરના અનુયાયીઓએ કરવાનું છે.

ભગવાન મહાવીરનું જીવન અને મહાવીરની વાણીનેસમાવતા એક પ્રમાણભૂત ગ્રંથનું સર્જન થવું જોઈએ અને એ ગ્રંથને **વિશ્વની પ્રત્યેક ભાષામાં– હા, પ્રત્યેક ભાષામાં એ** જીવન અને વાણીનું અવતરણ થવું જોઈએ અને એ પુસ્તકો ત્યાંના યુવાનોને અર્પણ કરીને એ વાણી એ સર્વને સમજાવવી જોઈએ. આ ધર્મ પ્રચાર નથી, શાંતિ પ્રસાર છે, કારણ કે આ રથના ધ્વજની ઉપર સ્યાદ્વાદ બિરાજમાન હશે. આટલું થયા પછી ત્રણ દાયકા પછી વિશ્વના કોઈ ખૂણે યુદ્ધ નહિ હોય, આતંક નહિ હોય, ધર્મના ભેદભાવ નહિ હોય, એની ખાત્રી.

પૂ. સાધુ ભગવંતો અને દાનવીર શ્રેષ્ઠિજનો આ કાર્ય, આ મહાન અને ભગીરથ કાર્ય કરવા પૂરા સમર્થ છે, એ સર્વના હૃદયમાં આ ભાવ પ્રગટો અને એ સાર્થકતા માટે એક વિશાળ આયોજન થાય એવી પરમાત્માને પ્રાર્થના.

આ પુણ્ય કાર્ય કરવાની ફરજ પ્રત્યેક જૈનની છે. મહાવીરનો પ્રત્યેક અનુયાયી પોતાનું યોગદાન આ કાર્ય માટે આપે તો સાગર જેવું આ મહાન કાર્ય માત્ર એક દશકામાં સિદ્ધ થાય.

આ મહાવીર વાણી જ જગતનો ઉદ્ધાર કરશે, એ વાણી જ જગતમાં શાંતિ પાથરશે.

તા. ૭-૪-૨૦૦૯ **❑ધનવંત શાહ**

(આ લેખ નિમિત્તે મારા પરમ મિત્ર ડૉ. ગુણવંત શાહનું એક અદ્ભૂત પુસ્તક 'મહામાનવ મહાવીર' – જે એઓશ્રીએ બે વર્ષ પહેલાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પધારેલા ત્યારે મને ભેટ આપ્યું હતું–એ વાંચવાનો લાભ મળ્યો. ૧૯૮૫થી ૨૦૦૭ સુધી આ પુસ્તકની સાત આવૃત્તિ પ્રગટ થઈ છે. કોઈ જૈન વિદ્વાનની મહાવીર ઉપરના પુસ્તકની આટલી બધી આવૃત્તિ ભાગ્યે જ પ્રગટ થઈ હશે! આ પુસ્તક વિશે અમારા ડૉ. રમણલાલ શાહ લખે છેઃ 'આગમ ગ્રંથોના દોહન રૂપ 'સમણ સુત્ત' નામના ગ્રંથનો આધાર લઈ ડૉ. ગુણવંત શાહે ભગવાન મહાવીરની અમર વાણીના કેટલાંક અમૂલ્ય તત્ત્વોની વર્તમાન સંદર્ભમાં સુંદર છણાવટ આ ગ્રંથના લેખોમાં મનોહર શૈલીથી કરી છે.'

આ પુસ્તક વાંચવા સર્વ જિજ્ઞાસુજનને હું વિનંતિ કરું છું, એ વાંચનની સફરને અંતે વાચકને પોતાના પુદ્ગલમાં ફેરફાર થયેલો જણાશે જ. ગુણવંતભાઈ કહે છે કે 'હું જન્મે જૈન નથી પણ પટેલ છું.' પરંતુ હું તો ગુણવંતભાઈને સવાઈ જૈન કહીશ. ધ.)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ ઝવેરીને પુત્રશોક

વરસોથી આ સંસ્થાને કોષાધ્યક્ષ તરીકે માનદ્ સેવા આપતા શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઝવેરીના યુવાન પુત્ર શ્રી પ્રશાંતનું તા. ૨૦-૩-૨૦૦૯ના અચાનક અવસાન થયું.

શ્રી ભૂપેન્દ્રભાઈ અને એમના કુટુંબીજનો તેમજ એમના સ્વજન અને મિત્રો માટે આ અસહ્ય ઘટના બની છે. આ વેદના સહન કરવાની પરમાત્મા એઓ સર્વેને શક્તિ આપે.

ભાઈ પ્રશાંતના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# ઈલેક્ટ્રોનનો સમુદ્ર અને નિશ્ચય-વ્યવહાર

❑ ડૉ. જવાહર પી. શાહ

**પ્રાસ્તાવિક:**

અર્વાચીન વિજ્ઞાન અસ્તિત્વ કે સત્તા (reality) વિષે જે કાંઈ પણ કહે છે તેમાં આપણી પરંપરાના પ્રાચીન જ્ઞાનનું કંઈક અંશે પુનરાવર્તન થતું હોવાનું જોવા મળે છે. જો કે બન્ને સ્વતંત્ર પણે નિષ્કર્ષો તારવે છે. વિજ્ઞાનની પરિભાષા તેને સૂત્રો કે સમીકરણ દ્વારા વ્યક્ત કરે છે. જ્યારે પ્રાચીનકાળમાં ધાર્મિક પ્રતીકો કે શબ્દ રૂપકો દ્વારા તેની રજૂઆત થતી.

આપણને કોઈ પૂછે કે તમારી દૃષ્ટિએ ગઈ સદીની મહાન શોધ કઈ? તો આપણે જવાબ આપીએ કે આઈન્સ્ટાઈનનું જાદુઈ સૂત્ર $E=mc^2$. આ સૂત્રમાં ઊર્જા અને દળનો સંકુલ સંબંધ સ્થાપિત થયો છે.

પ્રાચીન શાસ્ત્રોના અવગાહન દ્વારા આપણે તેને લગતા પ્રતીક કે શબ્દરૂપક શોધી શકીએ. જૈન દર્શનમાં પુદ્ગલની વિભાવના છે. આપણે બહુધા તેને ભૌતિક પદાર્થ રૂપે જ ગણીએ છીએ પરંતુ શાસ્ત્રીય વ્યાખ્યામાં જેમાં પૂરણ અને ગલનની પ્રક્રિયાઓ સૂચિત થાય છે તે પદાર્થને પુદ્ગલ કહેવામાં આવેલ છે. रूपिण: पुद्गला: એ તત્ત્વાર્થની ઉક્તિમાં અન્ય અરૂપી પદાર્થોની સરખામણીમાં તેનું વિશેષ લક્ષણ વ્યક્ત કરવામાં આવ્યું છે પણ વસ્તુતઃ તેના મૂળભૂત એકમ – પરમાણુમાં રહેલી શક્તિનું પણ તે પ્રક્રિયાઓ અર્થઘટન કરે છે.

આ જગત કે સમસ્ત બ્રહ્માંડમાં બધું પુનરાવર્તન પામતું રહે છે. જેને Law of cyclic periodicity કહે છે. આપણા શાસ્ત્રોમાં કાલચક્રની અવધારણા છે. અર્વાચીન વિજ્ઞાન કહે છે કે કાલ સીધી લીટીમાં ગતિ કરતો નથી. તેમાં વળાંક છે. (curveture of time). ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને એક કાલચક્ર થાય છે એવી શાસ્ત્રીય વાત ત્યારે કેટલી સંગત લાગે છે!

બાદર કે સ્થૂળ પદાર્થ ઊર્જા રૂપે પલટાઈ જાય છે. પુદ્ગલ પરમાણુની સ્થૂલ કે સૂક્ષ્મ થવાની વાત સ્થાનાંગ અને ભગવતી-જીમાં યુગોપૂર્વે કહેવામાં આવી છે જેને આજનું વિજ્ઞાન સમર્થન આપી રહ્યું છે.

ક્વોન્ટમ્ ફિલ્ડ થિયરી દર્શાવે છે કે સમગ્ર આકાશ (space) ઊર્જા ક્ષેત્રો (energy fields)થી ભરેલું છે. અણુની નાભિમાં જે ન્યુટ્રોન છે તે જ દૂર દૂરની આકાશગંગાઓમાં કે તારા વિશ્વોમાં ન્યુટ્રોનના પલ્સાર્સ તારાઓ છે. ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનની ત્રિમૂર્તિ ક્વાર્ક્સ નામના તેથી પણ સૂક્ષ્મ કણોની બનેલી છે. સિગ્મા, ન્યુટ્રિનો, મ્યુઓન, પાયોન કે લેપ્ટોન કે ટાઉ વગેરે પરમાણુ કણો એકમેકના સંઘાતથી ઉત્પન્ન થાય છે. પરમાણુ જગતમાં દરેક કણના પ્રતિરૂપો પણ છે. Matter-દ્રવ્યનું પ્રતિરૂપ-anti matter તરીકે ઈલેક્ટ્રોન-પોઝિટ્રોન પ્રોટોન-એન્ટી પ્રોટોન રૂપે અસ્તિત્વ ધરાવે છે અને વાસ્તવમાં બબલ ચેમ્બર નામના ઉપકરણમાં તેની વાસ્તવિકતા ચકાસવામાં પણ આવી છે.

ઊર્જાના અનંત પ્રવાહને સમાવિષ્ટ કરી કણો પરિવર્તનના અવનવા રૂપો તરીકે આ પારસ્પરિક અસરોને વ્યક્ત કરે છે. પરમાણ્વિક કણો ઊર્જા રૂપોની સાતત્યપૂર્ણ વિવિધતામાં સર્જાય છે અને નાશ પામે છે. કણોની આ પારસ્પરિક અસરોમાં સ્થિર સંરચના પણ ઊભી થાય છે જે આપણે સખત-Solid ભૌતિક જગત રૂપે નિરખીએ છીએ.

ભગવાન મહાવીરે તેમની સમવસરણ સભામાં ગણધરોના किं तत्तम्? એ પ્રશ્નના જવાબમાં તત્ત્વનું સ્વરૂપ દર્શાવતા કહ્યું હતું 'उपन्नेइ वा, विगमेइ वा, धुवे इवा।'

આમ સમસ્ત લોકોમાં સતત ગતિ (પરિસ્પંદ) કે ક્રિયા રૂપે ઊર્જાનું વૈશ્વિક નૃત્ય થતું રહે છે. ડૉ. ફ્રિટજ્યોફ કાપ્રા પણ કહે છે કે `Movement and rhythm are essential position of matter, all that matter, whether here on the Earth or in outerspace is involved in a continuous cosmic dance.'

મોટા ભાગના કણો એક સેકંડના અબજમાં ભાગ કરતા પણ ઓછો સમય અસ્તિત્વ ધરાવે છે! (૧ સેકંડ=$૧૦^{૨૩}$ પાર્ટિકલ સેકંડ!)

વૈજ્ઞાનિક વાસ્તવિકતાના નિર્દેશનમાં મોટી મુશ્કેલી એ છે કે આધુનિક વિજ્ઞાનના આધારસ્થંભ સમો હાઈઝનબર્ગનો અનિશ્ચિતતા સિદ્ધાન્ત કહે છે કે પરમાણુ કણનું એક જ સમયે સ્થિતિ અને વેગમાનનું નિર્ધારણ અશક્ય છે. આમ વૈજ્ઞાનિક વાસ્તવિકતા સ્વનિર્ભર નથી. જે સિદ્ધાન્તો વડે વૈજ્ઞાનિક વાસ્તવિકતા સમજાવાય છે તે વાસ્તવિક સત્યના અખંડિત પ્રવાહની અમુક બાજુઓનું ખંડગ્રાહી જ્ઞાન માત્ર છે. જો કે વિજ્ઞાનીઓના સિદ્ધાન્તો અને સાધનો અમૂર્ત (abstract) વિચારણાના અંગોને આકાર આપે છે.

વૈજ્ઞાનિક સિદ્ધાન્તો વિશ્વ કે લોક (જૈન પરિભાષામાં લોક અને બ્રહ્માંડ પર્યાયવાચી ગણી શકાય)ને જે વ્યવસ્થા કે ઓર્ડરમાં ગોઠવે છે તેમાંથી જ 'વાસ્તવિકતા' અંગેના ખ્યાલો નિર્મિત થતા રહે છે. આઈન્સ્ટાઈનની થિયરી ઓફ રિલેટીવીટી કે ક્વોન્ટમ્ થિયરી પણ લોકનું વર્ણન કરનાર પૂર્ણ સિદ્ધાન્તો નથી.


વિજ્ઞાનીઓને ઘણીવાર એવું લાગે છે કે વિશ્વના બંધારણના સૂક્ષ્મ ઘટકો-fundamental building blocks of Universe-અનિશ્ચિત રૂપે વર્તતા કોઈ અનિર્ણિત અને અવ્યાખ્યેય સત્યને રજૂ કરે છે.

ફ્રેંચ વિજ્ઞાની de Brogliએ પુદ્ગલ કણની તરંગ પ્રકૃતિનો સિદ્ધાન્ત

રજૂ કર્યો હતો. અણુવિજ્ઞાનનો મૂળભૂત એકમ–electron એ કણ છે કે તરંગ છે? દૃષ્ટા એને કઈ રીતે મૂલવે તેના પર એનો આધાર છે. પરંતુ આ બે નિરીક્ષણોમાં ઈલેક્ટ્રોન એ ખરેખર શું છે? ડૉ. ડેવિડ બ્હોમની થિયરી ઈલેક્ટ્રોન અને બીજા કણોને સાવ નવા પરિપ્રેક્ષ્યથી જોવા પ્રેરાય છે. ભૌતિક વિજ્ઞાનમાં અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે ઈલેક્ટ્રોન એ એક કણ છે જે દરેક પળે આકાશના એક પ્રદેશમાં અસ્તિત્વ ધરાવે છે અને સમય જતા તે પોતાની સ્થિતિ (Position) બદલતો રહે છે. બ્હોમની વિચાર- સરણી પ્રમાણે ઈલેક્ટ્રોન એક કણ છે જે pilot wave દ્વારા guide થાય છે. આમ એકી સાથે તે–તરંગ અને કણ બન્ને છે. મહત્ત્વની વાત એ છે કે તે વાસ્તવિક (real) છે અને તેનું વર્ણન કરી શકાય છે.

ડૉ. ડેવિડ બ્હામે તેના wholeness and the Implicate order નામના પુસ્તકમાં ક્વોન્ટમ્ થિયરી અને આઈન્સ્ટાઈનની રિલેટિવીટી થિયરીમાં રહેલી સૈદ્ધાન્તિક ક્ષતિઓની પૂર્તિ કરી. તેણે અખંડિત સમગ્રતા (undevided wholeness)ના સિદ્ધાન્ત સાથે એક નવા orderની વાત કરી છે. આ સિદ્ધાન્ત ગૂઢ છે પણ વાસ્તવદર્શી છે. બ્હોમ માને છે કે પ્રકૃતિની વ્યવસ્થા કે order સમજવા માટે પ્રજ્ઞા કે આંતર્ દર્શનની જરૂર છે.

ડૉ. બ્હોમનો પૂર્વના તત્ત્વજ્ઞાન પ્રત્યેનો આદર અહીં જોઈ શકાય છે. તેમના અખંડિત સમગ્રતા સિદ્ધાન્તને પ્રાયોગિક ધોરણે જોઈએ. આ પ્રયોગને ગ્લીસરીન–ડાય–એક્સપેરિમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેનું સાધન છે એક એવો નળાકાર (Cylinder) જેમાં વચ્ચે વર્તુળાકારે ફરી શકે તેવો પહોળો કાચનો સળિયો રાખવામાં આવેલો છે. હવે આ પ્રમાણે પ્રયોગની શરૂઆત કરવામાં આવે છે.



Glycerin dye Experiment

આ સિલિન્ડરમાં ગ્લીસરીન ભરેલું છે. વચ્ચે ગોળ ઘુમાવી શકાય તેવો કાચનો સળિયો છે. ગ્લીસરીન ઉપર શાહી પૂરવાની ટોટીથી શાહીનું ટીપું ગ્લીસરીનની ઉપરની સપાટી ઉપર નાંખવામાં આવે છે. તે ટીપું ગ્લીસરીનમાં ડૂબતું નથી. પણ ત્યાં જ રહે છે, કારણ ગ્લીસરીન એક ઘટ્ટ અને ચીકણું (Viscous) પ્રવાહી છે.

હવે આ સિલિન્ડર વચ્ચે આવેલો સળિયો ગોળ ગોળ ફેરવવામાં આવે છે. એટલે શાહીનું ટીપું પાતળી રેખાનો આકાર ધારણ કરી ધીમે ધીમે અદૃષ્ય થઈ જાય છે. આવી રીતે કોઈ બીજું ટીપું નાંખી ફરી એ જ રીતે સળિયો ઘુમાવતા તે પણ અદૃષ્ય થઈ જાય છે. આવું જ ત્રીજા ટીપાં પછી પણ બને છે. આપણે ટીપાની જગ્યાએ ઈલેક્ટ્રોન કલ્પીએ તો તેઓ પણ અવ્યક્ત જગતમાં તીરોભાવ પામી જાય છે. ત્રણ ઈલેક્ટ્રોન જે આંખેથી જોઈ શકાતા હતા તે દેખાતા બંધ થઈ જાય છે.

હવે પ્રયોગનો બીજો તબક્કો વિચારીએ. સળિયાને પહેલા ફેરવતા હતા તેનાથી અવળી દિશામાં (reverse direction)માં ફેરવવામાં આવે છે. તો સૌથી પહેલા, જે ત્રીજું ટીપું ગ્લીસરીનમાં નાંખવામાં આવ્યું હતું તે એક પાતળી રેખાના આકારમાં ફેલાઈને છેવટે ટીપાના રૂપે આંખ આગળ છતું થઈ જાય છે. પછી ફરી સળિયાને વધુ ફેરવતા બીજું ટીપું અગાઉ નાંખેલું તે એક રેખાનો આકાર ધારણ કરી ટીપાની મૂળ દશામાં વ્યક્ત થાય છે. આ સમયે થોડીવાર પહેલાં દેખાયેલું ત્રીજું ટીપું સામેની દિશામાં અદૃશ્ય થવા લાગે છે. ત્રીજીવાર સળિયો ફેરવતા ત્યાં પહેલું ટીપું બહાર પ્રગટ થઈ જાય છે અને બીજું ટીપું પાતળી રેખાના આકારે અદૃશ્ય થવા લાગે છે. આ રીતે આ મોડેલમાં ટીપા વ્યક્તમાંથી અવ્યક્ત કે સૂક્ષ્મ દશામાં પ્રવેશે છે કે તેમાંથી બહાર નીકળે છે.

ક્વોન્ટમ્ મિકેનિક્સ પણ આ જ વાત કરે છે કે ઈલેક્ટ્રોન એક સમયે વ્યક્ત દેખાય અને બીજા સમયે પાછો અવ્યક્ત પણ થઈ જાય! શું જૈન દર્શનના પરમાણુવાદમાં આ વાત નથી?

પદાર્થનું થતું પ્રત્યક્ષીકરણ સતત ચાલતી પ્રત્યક્ષ–પરોક્ષ સ્થિતિની હારમાળાથી થાય છે. આમ સમગ્રનો વિચાર કરવાથી જ જુદા જુદા ઘટકોનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ગ્લીસરીનમાં શાહીનું ટીપું નાંખી તેને તિરોહિત કરી દેવામાં આવ્યું છે તો ફરીથી પ્રગટ થતું ટીપું નવું સર્જન હોય તેમ જ લાગે. પણ વાસ્તવમાં એવું નથી–કે બનતું પણ નથી. તે તો પ્રવાહીમાં દરેક જગ્યાએ વ્યાપેલું હતું જ. તિરોહિત દશામાં હોવાથી–આપણે તેના મૂળ આકારમાં જોઈ શકવા સમર્થ ન હતા.

હવે આપણે બીજી રીતે ગ્લીસરીનમાં ટીપાં મૂકીએ. પહેલા એક ટીપું મૂકી તેને અંદર ભેળવી દો. પછી બરાબર તેની બાજુમાં આવે તેવી રીતે બીજું ટીપું મૂકો. તેને પણ અંદર ભેળવો. તેવી જ રીતે ત્રીજું ટીપું પણ બરાબર તેની બાજુમાં તેવી રીતે ભેળવી દો. આમ અનેક ટીપાં તિરોહિત ક્રમમાં લઈ જાવ. હવે કાચના સળિયાને ઉલટી દિશામાં ઘુમાવો. ઝડપથી ઘુમાવતાં છેલ્લું ટીપું દેખાય પછી તેના પહેલાનું, પછી તેના પહેલાનું અને એ રીતે અવિરત પણે ઝડપથી સળિયો ઘુમાવ્યા કરીએ તો તે ટીપાં વારાફરતી પ્રગટ થતા જણાશે નહિ પણ આકાશમાં પરિભ્રમણ કરતા એક માત્ર ટીપા જેવા દેખાશે.


આ પ્રયોગમાં ઊંડા ઊતરી ફેરફાર કરીએ. ગ્લીસરીનની સપાટી પર એક સ્થળે એક ટીપું નાંખી તેને પ્રવાહીમાં ભેળવી દો. બરાબર એ જ સ્થાને બીજું ટીપું નાંખી તેને પણ તિરોહિત કરી દો. આમ અનેક ટીપા એક ચોક્કસ સ્થાનેથી ભેળવતા તિરોહિત ક્રમમાં લઈ જાઓ. હવે વચ્ચેના ગોળાકાર સળિયાને ઊલટી દિશામાં ગોળાકાર ફેરવો. બધાને આવિર્ભૂત ક્રમમાં લાવવા પ્રયત્ન કરો. તો શું દેખાશે? અનેક ટીપાં હોવા છતાં આકાશમાં સ્થિર હોય એવું એક ટીપું જ દૃશ્યમાન થશે. તિરોહિત ક્રમમાં લઈ જતી વખતે એક જ સ્થાનેથી તે ટીપા મૂકવામાં આવતા આવું બને છે જે સૂચિત કરે છે કે તિરોહિત ક્રમનું આ 'એક' વ્યક્ત સ્વરૂપ છે.

ગ્લીસરીન ભરેલો સિલિન્ડર તો એક રૂપક છે. તેમાં ટીપાંની ગતિનું જ્ઞાન પણ યથાર્થ નથી. પરમાણ્વિક ક્ષેત્રમાં તો આવા કોઈ વિભાગો નથી. ડૉ. બ્હોમની દૃષ્ટિએ પરમાણુ કણો, ગ્રહો, આકાશગંગાઓ એ બધા જુદા જુદા લાગતા આવિર્ભૂત ક્રમો પણ તિરોહિત ક્રમના આધારે રહેલા છે. સિલિન્ડરને બ્રહ્માંડ સમજી લો અને શાહીના ટીપાંને પરમાણુઓ તો આ વાત સારી રીતે સમજાઈ જશે.

ડૉ. બ્હોમે વિશ્વની અવધારણા વિષે નવો વિચાર રજૂ કર્યો. ભૌતિક રસાયણ વિજ્ઞાન (Physical Chemistry) માં ધાતુ અને અધાતુ (metal and non metal) ની અણુસંરચનામાં મૂળભૂત ભેદની વાત ઘણી જાણીતી છે. ધાતુઓ free electrons ધરાવે છે જેનો અધાતુઓમાં અભાવ હોય છે. આ free electrons બીજા electrons સાથે પારસ્પરિક ક્રિયા કે interactions કરી શકે છે. ધાતુઓને આપણે free electronsના સમુદ્ર તરીકે પણ ઓળખી શકીએ.

ડૉ. બ્હોમ દર્શાવે છે કે સમગ્ર ઈલેક્ટ્રોન-સમુદ્રની સામૂહિક ગતિ સમગ્રતાથી સંકળાએલી છે. દરેક ઈલેક્ટ્રોન અવ્યવસ્થિત રીતે વર્તે છે અને જુદા જુદા પદાર્થો બનાવે છે તે સિદ્ધાન્ત ખોટો છે. સમગ્રતાથી સંકળાએલ ઈલેક્ટ્રોન-સમુદ્રને માટે ડૉ. બ્હોમે નવો શબ્દ પ્રયોજ્યો–ઈલેક્ટ્રોન-પ્લાઝમા. આવી સામૂહિક પ્રમાલિકા દરેક ઈલેક્ટ્રોનની ગતિ ઉપરછલ્લી રીતે જોઈએ તો અતંત્ર કે યાદૃચ્છિક (random) જણાય. અસંખ્ય ઈલેક્ટ્રોનની સૂક્ષ્મ ગતિની સંચયી અસર (collective effect) સમગ્ર સાથે સંકલિત રહે છે. પ્રાયોગિક રીતે આ સામૂહિક અસર સિદ્ધ થઈ ચૂકી છે, જેને તેણે પ્લાઝ્મોન તરીકે દર્શાવી. આમ જોઈએ તો પ્લાઝમોનની ગતિ ધાતુમાં રહેલ દરેક ઈલેક્ટ્રોનનું વર્તન દર્શાવે છે. દરેક ઈલેક્ટ્રોન સમગ્ર રીતે પ્લાઝ્મોનની ગતિ સૂચવે છે. આ સિદ્ધાંત દર્શાવે છે કે સામૂહિક ગતિના ક્રમો દરેક પૃથક્ક લાગતી ગતિમાં છૂપાએલા જ હોય છે.

જુદી જુદી પ્રક્રિયાઓ સાથે સંકળાએલ આ ક્રમ શું છે ? વિજ્ઞાનની દૃષ્ટિએ order કે ક્રમ વ્યવસ્થા એટલે to give attention to similar differences and different similarities અર્થાત્ સમાન તફાવતો અને જુદી સમાનતાઓને ધ્યાનમાં લેવી.




આ આકૃતિમાં જુદી જુદી દિશાઓમાં જતી સીધી રેખાઓ વાળી વક્રરેખા પણ જુઓ. A B C D – રેખા પરના બિંદુઓ સહજ રીતે સરખા અંતરે છે. તે રીતે D E F G ની ક્રમિકતા પણ સ્પષ્ટ જોઈ શકાય છે. જ્યારે આપણે આખી વક્ર રેખાને જોઈએ છીએ ત્યારે આપણને તેના એક સરખા તફાવતો અને જુદી જુદી સમાનતાઓનો ખ્યાલ આવે છે. અહીં સરખાપણાની ત્રણ ડીગ્રી જોવા મળે છે. આ ઉપરથી આપણને પ્રશ્ન થાય કે આપણે યાદૃચ્છિકતા (randomness) કોને કહીએ છીએ? અવાવરૂ અંધારા ઓરડામાં પ્રકાશના કિરણનો શેરડો પડે ત્યારે તેમાં ઊડતી રજકણો આપણે જોઈ શકીએ છીએ તેમાં કોઈ વ્યવસ્થા હોતી નથી. આ પ્રકારની ગતિને બ્રાઉનીઅન મોશન કહે છે. ડૉ. બ્હોમે આ પ્રકારની યાદૃચ્છિક ગતિને–તેની અતંત્રતાને પણ એક ઊંચીમાત્રામાં ક્રમબદ્ધ સુવ્યવસ્થા રૂપે ગણાવી છે. તેના મત પ્રમાણે યાદૃચ્છિક (random) દશા ક્રમબદ્ધતાનો ભંગ થતા ઊભી થતી અવ્યવસ્થા નથી પણ કોઈ છૂપાએલ (implicit order) ક્રમ વ્યવસ્થાની જ સૂચક છે. આમ Implict--Explicate order કે તિરોહિત–આવિર્ભૂત ક્રમ એક સિક્કાની બે બાજુઓ જેવા છે.

તિરોહિત ક્રમની પરિભાષામાં અનેક ટીપાંની હારમાળા હોવા છતાં ગ્લીસરીનમાં ફરતા એક માત્ર ટીપાં કે કણ જેવું પ્રત્યક્ષીકરણ થાય છે. આપણે જાણીએ છીએ કે તિરોહિત ક્રમની દશામાં ટીપાના રંગનો કણ પદાર્થ રૂપ છે જ નહિ, કેવળ સંકેલાવાની જુદી જુદી માત્રાવાળા એક બીજાની અંતર્ગત્ રહેલા ઘટકોની પરંપરા જ છે. તિરોહિત ક્રમમાં પરમાણ્વિક કણની ગતિ time and spaceમાં એક બિંદુથી બીજા બિંદુ સુધી પરિભ્રમણ કરતા કોઈ ગતિમય પદાર્થ જેવી નથી પણ એક સમાન સમયે સર્વ સમુપસ્થિત પ્રાગટ્યની ભિન્ન ભિન્ન માત્રાઓ છે. તેથી તિરોહિત ક્રમમાં ગતિને એક બિંદુ સાથે સંકળાએલા બીજા બિંદુ જેવી વર્ણવવાને બદલે વર્તમાનમાં એક સ્વરૂપ (તિરોભાવની એક યાત્રા) સાથે વર્તમાનનું બીજું સ્વરૂપ (તિરોભાવની બીજી યાત્રા) સંકળાએલું હોય છે. ડૉ. બ્હોમના મત પ્રમાણે આ બધા વર્તમાનો કોઈપણ ક્ષણે એક સાથે આવિર્ભૂત કે પ્રગટ થતા રહે છે. તે પ્રતિપાદિત કરે છે કે time and spaceમાં કોઈ વિભાગો કે ખંડો છે જ નહિ. અહીં તો પ્રવર્તે છે સદા સર્વત્ર 'અખંડિત સમગ્રતા.'

ડૉ. બ્હોમની થિયરી ઈલેક્ટ્રોન અને બીજા કણોને નવા પરિપ્રેક્ષ્યથી જ કાર્યાન્વિત થતા જુએ છે. તેની દૃષ્ટિએ ઈલેક્ટ્રોન સમસ્તમાં તિરોહિત વસ્તુ સ્થિતિનું સમગ્ર દર્શન કરાવતો અખંડિત સંપૂર્ણ સમૂહ છે.

આમ બ્રહ્માંડમાં વ્યાપ્ત ઈલક્ટ્રોનનો સમૂહ તો સદાય છે જ. તેની ઉત્પત્તિ કે નાશ કેવળ આવિર્ભૂર્ત કે તિરોહિત દશાનો અવસ્થા ભેદ માત્ર છે.

તિરોહિત ક્રમાનુસાર બ્રહ્માંડ સતત અને અસતત બન્ને રૂપે દેખાઈ શકે છે. તિરોહિત સર્વગ્રાહી ઘટક સમૂહો (Implicate ensambles) કેવી રીતે પ્રગટ થાય છે તેના પર એનો આધાર છે. તિરોહિત ક્રમમાંથી આવિર્ભૂત ક્રમમાં આવેલા ઘટકો દશ્યમાન જગતમાં જુદા જુદા લાગે પણ વાસ્તવમાં તે એક જ સમુદ્રના અખંડ પ્રવાહમાં દેખાતા વમળો સમાન છે.

**ઉપસંહાર :**

ડૉ. બ્હોમના તિરોહિત ક્રમ (Implicit Order) અનુસાર સૃષ્ટિ કે બ્રહ્માંડ સનાતન અને ક્ષણિક એમ બન્ને રીતે દેખાય છે. 'કણ' કે 'તરંગ'નો દ્વિસ્વભાવ પણ તિરોહિત ક્રમ અંતર્ગત્ ઘટક પ્રગટ થવાની તૈયારીમાં હોય તે સમયે તેના માર્ગમાં અવરોધ મૂકતા તેનો આવિર્ભૂત ક્રમ બદલાય જાય છે.

ક્વોન્ટમ્ ફિઝિક્સ અને થિયરી ઓફ રિલેટિવીટીએ જગતનો દૃષ્ટિકોણ બદલી નાંખ્યો છે. અનંત વિશ્વોના એક એક ઘટક બાકીના એક એક ઘટક સાથે જોડાઈને રહ્યા છે. એક પરમાણુ કણ બીજા પરમાણુ કણથી જુદો છે એમ જોવું કે માનવું જ ભૂલ ભરેલું છે. બન્ને થિયરી બ્રહ્માંડ અવિભાજ્ય સમગ્રતા ધારણ કરે છે તે વાત સાથે સંમત છે પણ તેમના સિદ્ધાંતોમાં ક્યાંક ક્યાંક મતભેદ પડી જાય છે અને વિભક્ત થઈ જાય છે. ડૉ. બ્હામે બન્નેનો ઊંડો અભ્યાસ કરી તે સિદ્ધાંતોમાં રહેલી ત્રુટિઓ અને સીમિતતા દૂર કરી.

સાપેક્ષવાદ સંકેતો (Signal) પર ભાર મૂકે છે અને માને છે કે સંકેતો ખંડોને જોડી રાખે છે. સ્પેશ્યલ રિલેટીવીટી થિયરીમાં સંકેત પ્રકાશની નિયત કે બદ્ધ ઝડપે જ ગતિ કરી ખંડોને જોડે છે તેમ માનવામાં આવ્યું. પ્રકાશ-ઊર્જા કે રેડિયો તરંગો જેવી બીજી વસ્તુ કોઈ તંત્રના એક સ્વતંત્ર ભાગથી બીજા સ્વતંત્ર ખંડ તરફ પ્રેષણ કે સંચરણ કરે છે ત્યારે આપણે પદાર્થગત પૃથક્કતાને તો માન્યતા મળે જ છે એ વિસંગતતા બ્હોમે સમજાવી. ક્વોન્ટમ્ મિકેનિકસમાં પણ સંપૂર્ણ અખંડિતતા જળવાઈ રહેતી નથી કારણ કે 'વેવ ફંક્શન' તરંગવિધેયનો ખ્યાલ પણ વસ્તુ ગત છે. 'વેવ ફંક્શન' અનુસાર સત્તાની જુદી જુદી પ્રશાખાઓમાં એક બીજાથી સાવ જુદું ઘટિત થાય છે તેમ દર્શાવેલ છે. ક્વોન્ટમ્ સ્થિતિનો ઉલ્લેખ એક પૃથક્ક હયાતીનું જ પ્રમાણપત્ર છે. જ્યારે વાસ્તવિક રીતે તો તેનો મૂળ મંત્ર એમ કહે છે કે પૃથક્ક હયાતી જેવું કંઈ જ નથી.

ગ્રાન્ડ યુનિફિકેશન થિયરીમાં પણ ક્વોન્ટમ્ ફિલ્ડસને time and spaceના દરેક બિંદુએ સ્વતંત્ર હયાતી ધરાવતા દર્શાવવામાં આવ્યા છે.

ડૉ. બ્હોમના આ પ્રકારના વિશ્લેષણથી આપણે એમ વિચારવા પ્રેરાઈએ છીએ કે કોઈપણ વિચાર, સમજ કે અનુભવ પર આધારિત સિદ્ધાન્ત કે વૈજ્ઞાનિક થિયરી એ કેવળ એક પરિપ્રેક્ષ્ય કે દૃષ્ટિકોણ છે, જે કુદરત કે પ્રકૃતિ સાથે એક રહસ્યમય સંબંધ (mysterions relation) ધરાવે છે જે સીમિત માત્રામાં હોય છે. તત્ત્વજ્ઞાની માર્ટિન હીડેગરે આપેલું દૃષ્ટાંત અહીં ઉપયુક્ત છે. પીવાના પ્યાલાનું રૂપક સમજીએ તો તેનો એક ભાગ તમારી સામે ધરો તો બાકીનો ભાગ આપોઆપ દૃષ્ટિથી જાણે ઓઝલ થઈ જાય છે. આ રીતે સમગ્રતાને પણ ઈન્દ્રિયો પૂરેપૂરી પકડી શકતી નથી. સમગ્રતાને સમજ્યા વિના આપણે સમગ્ર અને તેના ભાગો વચ્ચેનો સંબંધ ગૂંચવી દઈએ તેવું બને. સાચી સમજ અને ઊંડી અનુભૂતિથી એકમાં અનેકનું જ્ઞાન થઈ શકે છે.

અહીં આચારાંગની ગાથા યાદ આવે છે.

जे एगं जाणई से सव्व जावइ

जे सव्वं जाणइ से एगं जाणइ ।

એક એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થના મૂળભૂત દ્રવ્ય રૂપ પુદ્ગલનો એક સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુ – સકલ પદાર્થના સર્જન માટેનો એકમ છે; અને એ એક પરમાણુને સંપૂર્ણ રીતે જાણવો એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થને જાણવા, કારણ કે એ એક પરમાણુ આ બ્રહ્માંડના દરેક પદાર્થોના ભાગ રૂપે રહેલો હતો અને ભવિષ્યમાં દરેક પદાર્થના મૂળભૂત એકમ તરીકે રહેવાનો છે, એટલે તે એક જ પરમાણુને જાણવા માટે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થનું જ્ઞાન જરૂરી છે. તેથી કહ્યું છે કે એક પરમાણુનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે તેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન થઈ જાય છે અને જેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન છે, તે દરેક પરમાણુને પણ સંપૂર્ણ જાણે છે.' આચાર્યદેવ શ્રી શીલાંક સૂરિનું આ વિવેચન કેટલું સ્પષ્ટ દર્શન કરાવે છે.

આ રીતે ડૉ. બ્હોમનો આવિર્ભૂત ક્રમ (explicate order) ભૌતિક વાસ્તવિકતાને જૈન દર્શન નિર્દિષ્ટ વ્યવહાર નયના નિરૂપણ સાથે ઘણે અંશે મળતો આવે છે.

જૈન આગમોમાં નિશ્ચય નયનું સ્વરૂપ અને ભાવ નિક્ષેપનું વર્ણન મળી આવે છે. ભાવ નિક્ષેપની મુખ્યતાનો સ્વીકાર કરી નિશ્ચયનયના પ્રકાશમાં આત્મતત્ત્વનું નવું જ રૂપ જૈન દાર્શનિકોએ જગત સમક્ષ મૂક્યું છે. તેમાં પર દ્રવ્ય, પર્યાય, ગુણ, ધર્મ અને ધર્મી, અવયવ અને અવયવીનો ભેદ સમાપ્ત થઈ સ્વતઃ અભેદ સ્થપાઈ જાય છે. વસ્તુનું પારમાર્થિક અને શુદ્ધ સ્વરૂપનું ગ્રહણ નિશ્ચય નયથી થાય છે. જ્યારે અપારમાર્થિક અને અશુદ્ધ સ્વરૂપનું ગ્રહણ વ્યવહાર નયથી થાય છે. બન્ને નય પરસ્પર સાપેક્ષ છે અને પરમ તત્ત્વ-પુદ્ગલનું-વર્ણન બન્ને નયો દ્વારા જ પરિપૂર્ણ થાય છે. તે જ રીતે બ્હોમના આવિર્ભૂત ક્રમ અને તિરોહિત ક્રમના પરસ્પર સાપેક્ષ નિરૂપણથી જ અખંડિત સમગ્રતો સિદ્ધાન્ત પૂર્ણ થાય છે. ડૉ. બ્હોમ કહે છે કે આવિર્ભૂત ક્રમદશામાં પૃથક્ક ભૌતિક વિશ્વનો આપણને અનુભવ થયા કરે છે એટલે આપણું અસ્તિત્વ મહદંશે તેનો જ ખ્યાલ રાખે છે. પરંતુ ટાઈમ અને સ્પેસ-સમય અને અવકાશની પરંપરાગત મર્યાદાઓને અતિક્રમી તિરોહિત દશામાં અંતઃજ્ઞાન કે પ્રજ્ઞાનું પ્રાગટ્ય થાય છે.

આવિર્ભૂત વિશ્વ અંગોના સરવાળા (Sub totals) થી બને છે અને પદાર્થની સંરચના સ્થિર લાગે છે. આવિર્ભૂત ક્રમ કે તિરોહિત ક્રમ પરસ્પર વિરોધી કે સ્વતંત્ર ક્રમ નથી. તે એક જ સિક્કાની બે બાજુઓ જેવા છે. તેઓ પરસ્પર પૂરક બની ભૌતિક વાસ્તવિકતાનો પરિપૂર્ણ કે સમગ્રતાથી અનુભવ કરાવે છે.

જો સંસાર નથી તો મોક્ષ નથી એવું ક્યાંક વાંચેલું યાદ આવે છે તેમ અહીં પણ કહી શકાય કે જો આવિર્ભૂત ક્રમ નથી તો તિરોહિત ક્રમ પણ નથી. ✶✶✶

૬૫, શિવાલિક બંગલોઝ,૧૦૦' રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
Phone No. : (079) 26930998

# દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

જનક રાજાના સમયની વાત છે. એના રાજ્યમાં એક બ્રાહ્મણે એક એવો ગુનો કર્યો, જેની સજા 'દેશનિકાલ' હતી. સજા સાંભળી એ રાજદરબારમાં આવ્યો અને જનક રાજાને પૂછ્યું–'હે રાજન! મને આપે દેશનિકાલની સજા કરી છે, તો કહો કે તમારો દેશ–તમારો અધિકાર ક્યાં સુધી છે?' આ પ્રશ્ને જનક રાજાને વિચાર કરતાં કરી મૂક્યા. 'મારા દેશની સીમા તો બહુ મોટી છે, પણ શું એ બધા પ્રદેશો પર મારો અધિકાર છે? ના. આ બધામાં તો ઘણાં ચોર–ડાકુઓ અને અપરાધીઓ પણ વસે છે, જે મારી આજ્ઞા વિરૂદ્ધ કાર્યો કરે છે. તો શું મારા પાટનગર પર મારો અધિકાર છે? ના–એમાં પણ એવા ઘણા લોકો છે જે મારા અધિકારની અવજ્ઞા કરી રહ્યા છે. તો શું મારા રાજમહેલ પર, રાજમહેલના મારા ઉઠવા બેસવાના કક્ષ પર, મારા શયનખંડ પર, મારા છત્ર પલંગ પર, મારા શરીર પર–કોઈના ઉપર મારો અધિકાર છે?' આમ વિચારતાં વિચારતાં એને જ્ઞાન થયું કે મારો અધિકાર તો માત્ર મારા આત્મા પર જ છે. એણે પેલા બ્રાહ્મણની સજા માફ કરી. બ્રાહ્મણ પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થયો અને કહ્યું કે 'હે જનક! હું તો ધર્મ છું. તને પ્ર તિબોધ દેવા આવ્યો હતો. હવે તું તારા આત્મામાં રહે.'

ત્યાર બાદ જનક રાજાએ 'વિદેહ' રૂપે જીવન વિતાવ્યું. એમની પુત્રી સીતા 'વૈદેહી'ના નામથી જાણીતી બની. આનું જ નામ 'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,' આધ્યાત્મિકતાનો અર્થ જ એક છે–ચેતનાની જાગૃતિ.

જનક મહારાજ જેવું જ એક દૃષ્ટાંત પ્રમાણ શાસ્ત્રમાં પણ આપવામાં આવે છે. સાત પ્રકારના નયમાં નિશ્ચય દૃષ્ટિથી તો સાતમો 'એવંભૂત' નય જ આખરે સત્ય છે. એ સમજાવવા 'વસતિ' દૃષ્ટાંત આપવામાં આવે છે. એક ભાઈએ બીજાને પૂછ્યું કે 'તમે ક્યાં રહો છો?' એ માણસ રાષ્ટ્રવાદી હતો. એણે જવાબ આપ્યો કે હું 'ભારતવાસી છું–ભારતમાં રહું છું.' ફરી પ્રશ્ન કર્યો 'ભારતમાં કયા પ્રાંતમાં?' જવાબ મળ્યો 'મહારાષ્ટ્ર'માં. ફરી સવાલ પૂછ્યો, 'મહારાષ્ટ્રમાં કયા શહેરમાં?' 'મુંબઈમાં.' મુંબઈમાં કઈ જગ્યાએ તો જવાબ મળ્યો સાયનમાં. એમ કરતાં કરતાં નિશ્ચય નય અથવા એવંભૂત નય આખરે કહે છે કે 'તું' તારા આત્મામાં જ રહે છે. બાકી બધું 'અન્ય' છે. આમ એકત્વ ભાવના અને અન્યત્વ ભાવના જેણે ભાવી છે તે દેહમાં રહેવા છતાં અંદરથી 'દેહાતીત' રહે છે. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શની દુનિયામાં શબ્દાતીત, રૂપાતીત (અમૂર્ત), ગંધાતીત, રસાતીત અને સ્પર્શાતીત થઈને રહે છે. નામની દુનિયામાં અનામી બને છે. શોક અને હર્ષના દ્વન્દ્વમાં શોકાતીત અને હર્ષાતીત બની જાય છે. મધ્યસ્થ ભાવનાના સમતા રસમાં તરબોળ બની જાય છે. એ રહે છે અંદર અને જીવે છે બહાર. નિશ્ચય નયની દૃષ્ટિથી આત્મામાં જીવે છે અને વ્યવહાર નયની દૃષ્ટિથી બહાર–દેહાદિમાં જીવે છે. દૃશ્યમાન પુદ્ગલની દુનિયામાં રહેવા છતાં એ પોતાની ચેતનામાં મસ્ત રહે છે. જે પદાર્થની ચેતનામાં રહે છે એને વ્યામોહ વ્યાપે છે, સદા ચિંતિત રહે છે, Depression દૂર કરવા Prozac ની ગોળીઓનો સહારો લે છે. ઊંઘ લાવવા ઊંઘની ગોળીઓ ખાય છે. પણ આ બધા બાહ્ય ઉપચારો આખરે તો 'નકામા' બની જાય છે. એ ફાયદા કરતાં નુકસાન વધુ કરે છે. આ રોગ માટે તો પદાર્થાતીત ચેતનાનો વિકાસ કરવો અભિપ્રેત છે. એકત્વ/અન્યત્વ ભાવના દ્વારા આત્માને ભાવિત કરવાથી જ આવી 'દેહાતીત' દશા પ્રાપ્ત થશે.

આવી જ ભાવનાનું દર્શન ધીરા ભગતની રચનામાં જોવા મળે છે.

*'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં,*
*અજા–જૂથ માંહી રે, સમરથ ગાજે સહી.*

ધીરો ભગત પણ મહાન તત્ત્વચિંતક હતા. એમણે અનેક ઉપમાઓ આપી આત્માની પિછાણ કરાવી છે. ઘેટાંના ટોળામાં સિંહ, કસ્તુરી મૃગની નાભિમાં જ રહેલી કસ્તૂરી, તલમાં તેલ, લાકડીમાં અગ્નિ, દહીમાં ઘી, આદિ ઉપમાઓ આપી આખરે ભગત કહે છે–*'પોતે પોતાની પાસ રે.'*

એવી જ રીતે ભક્ત કવિ નરસિંહ મહેતાએ આ ફિલસૂફી એમના ભજનમાં વણી લીધી છે.

*'જ્યાં લગી આત્મ–તત્ત્વ ચીન્યો (ચિંતવ્યો) નહીં*
*ત્યાં લગી સાધના સર્વ જૂઠી.*

ભજનના અંતમાં સારાંશ છે–

*'આ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,*
*આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;*
*ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના,*
*રત્નચિંતામણિ જન્મ ખોયો.'*

આમ આ બધા કવિઓએ જીવનની સાચી ફિલસૂફી સરળ શબ્દોમાં સમજાવી છે.

આવી 'વૈદેહી' દશા પ્રાપ્ત કરવા નીચેના જપનું એકાગ્રતાથી સતત રટણ કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે–

'હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ, સ્ત્રી, પુત્ર આદિ મારા નથી, હું શુદ્ધ ચેતન અવિનાશી, એવો આત્મા છું.'

અત્યંત ભાવથી, તીવ્ર એકાગ્રતાથી અને સંપૂર્ણ જાગૃતિ સાથે આ પદનું રટણ કરવાથી આત્મામાં સ્થિત થઈ શકાય છે; પરભાવમાંથી સ્વભાવમાં આવી શકાય છે. પણ જો દ્રવ્ય જપ એટલે

કે માત્ર શબ્દોના ઉચ્ચારણ સાથે જો અર્થની જાગૃતિ નહીં રહે તો 'આત્મા છું' ને બદલે આત્મા 'છૂ' થઈ જશે, વિસ્મૃત થઈ જશે.

શ્રી કૃપાળુદેવ કહે છે તેમ જો 'દેહાધ્યાસ' છૂટે તો જ આત્મ સ્વભાવમાં રમણ થાય. આત્માના પોતાના સ્વભાવગત ચાર મૂળ ગુણ છે–જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ. આ મેળવવા માટે એના પર લાગેલા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મનો ક્ષય કરવાની આવશ્યકતા છે. બહિરાત્મામાંથી અંતરાત્મા પ્રવેશીને પરમાત્મા બની શકાય છે.

આપણે આપણા પોતાના બનવાનું છે. જગત સાથે માત્ર વ્યવહાર પૂરતો formal સંબંધ જ રાખો. પૂ. નમ્રમુનિ લખે છે કે જે એક વખત પોતાના આત્માનો થઈ જાય છે એ જગત સાથે વ્યવહારથી જીવતો હોય છે. માત્ર formality નિભાવતો હોય છે. એને કોઈનું વળગણ–ગમો–અણગમો નથી હોતો. પણ 'પર' સાથે હોય છે, ત્યારે એ પરભાવમાં જીવે છે. એ વળગણ વ્યક્તિનું હોય, સંબંધીનું હોય, પુદ્ગલનું હોય કે 'સ્વ' સિવાય બીજા કોઈનું પણ હોય; ત્યારે એ સ્વભાવ ભૂલી જાય છે. જ્યાંસુધી તમે પારકાના ઘરમાં છો ત્યાં સુધી પારકું તમારા ઘરમાં રહેશે. તમે જેવા તમારા સ્વઘરમાં રહેવા જશો એટલે 'પારકું' બહાર નીકળી જશે. આ પારકું કોણ છે? આત્મા સિવાય બીજું બધું પારકું છે. આવી અન્યત્વ ભાવના ભાવવાથી જ એકત્વ ભાવના દૃઢતર થતી જશે. વ્યક્તિ પોતાના ઘરમાં ક્યારે હોય છે? એ જ્યારે ક્ષમા, સમતા, સરળતા, નમ્રતા અને સંતોષ રાખે છે ત્યારે એ સ્વગૃહમાં રહે છે. પણ કષાય, નોકષાય, રાગ–દ્વેષ, ઈર્ષા, વેર–ઝેર, બદલાની ભાવના, તીવ્ર વાસના આદિ જ્યારે વ્યક્તિનો કબજો લે છે ત્યારે એ 'સ્વભાવ'માંથી 'પરભાવ'માં જતો રહે છે. માણસ જ્યારે ઈન્દ્રિયોના વિષયોનો કે મનની કલ્પનાઓનો ગુલામ બને છે ત્યારે એ દેહ અને એના અસુરોની માગણીનો તાબેદાર બની જાય છે.

અન્યના વર્તનથી સુખી–દુઃખી બનવા કરતાં આપણે પોતે જ આપણું ચિંતન, વાણી, ક્રિયા, પ્રતિક્રિયા, આદિ પર પ્રભુત્વ મેળવી લઈએ. પ્રિયના સંયોગમાં કે અપ્રિયના વિયોગમાં સુખ નથી શોધવાનું. 'સાગરવરગંભીરા'–સાગર જેવા ગંભીર સમભાવી બનવાથી પ્રત્યેક પરિસ્થિતિનો શાંત સ્વભાવથી સ્વીકાર કરી, એમાં સાક્ષીભાવની સાધના કરવાની છે. જ્યારે આવો જ્ઞાતા–દૃષ્ટા ભાવ પ્રગટ થશે તો આપણે આપણા ઘરમાં આવી જઈશું.

આવી દેહાતીત અવસ્થામાં રમણ કરવા માટે કુન્દકુન્દાચાર્યકૃત સમયસારનું સાંગોપાંગ અધ્યયન કરવા જેવું છે. એમાં નિશ્ચય અને વ્યવહારની યાત્રા ગુંથાયેલી છે. એની એક ગાથા આત્માના ખરા સ્વરૂપને સુંદર રૂપે વર્ણવે છે–

*'અહં એક્કો, ખલુ સુદ્ધો, દંસણ–નાણ મઈજો સદા અરૂવી,*
*નવિ અત્થિ મજ્ઝા કિંચિવિ, અણ્ણં પરમાણુ મેત્તં વિ.'*

હું એક છું, ખરેખર શુદ્ધ છું, દર્શન–જ્ઞાન મય અને સદા અરૂપી છું. પરદ્રવ્યનું એક પરમાણું માત્ર પણ મારું નથી.

પણ માણસ આ ચેતનરૂપ આત્માને કેમ ભૂલી જાય છે? કારણ વ્યક્તિ પ્રત્યક્ષને જ જુએ–જાણે છે. પરોક્ષની–શાશ્વતની અવગણના કરે છે. આપણું પોતાનું શાશ્વત ઘર તો આપણો આત્મા જ છે. એને બદલે અશાશ્વત પણ પ્રત્યક્ષ એવા શરીરને આપણું ઘર માની લેવાની ભૂલ આપણે કરી રહ્યા છીએ. આજ દુઃખનું મૂળ કારણ છે. ધ્યાનની સતત સાધના દ્વારા આત્માનંદનો સાક્ષાત્કાર કરવાથી બધાં દુઃખ દૂર થાય છે. આનંદનો–આત્માનો સ્વભાવ છે. એ કદી દુઃખી થઈ જ ન શકે–આવી ભાવના સ્થિર થાય તો સ્વગૃહમાં–આત્મામાં રહી શકાય. ✱✱✱

અર્હમ, ટોપ ફ્લોર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈસ્ટ), મુંબઈ–૪૦૦૦૨૨.ફોનઃ(૦૨૨)૨૪૦૯૫૦૪૦/૨૪૦૯૪૧૫૭

# માન : કષ્ટદાયક કષાય

❑ શાંતિલાલ ગઢિયા

શાસ્ત્રો કહે છે, મનુષ્યના દુઃખનું કારણ એના ૬ આંતર-શત્રુઓ (ષડ્રિપુ) છેઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. જૈન ધર્મ ચાર કષાય ગણાવે છેઃ ક્રોધ, માન, માયા અને લોભ. પ્રથમ યાદીમાં 'મદ' અને બીજીમાં 'માન' સમાન વૃત્તિનો નિર્દેશ કરે છે. કોઈ વળી અહંકાર કહે છે, કોઈ અભિમાન કહે છે, તો કોઈ ગર્વ કે ઘમંડ. એક જ વિષવૃક્ષનું કટુ ફળ.

અહંકાર મનુષ્યનો શતમુખે વિનિપાત કરે છે. છતાં કેવું મહદ્ આશ્ચર્ય છે કે મનુષ્ય એમાંથી મુક્તિ મેળવવા નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરતો નથી! મનઃચક્ષુ આગળનો અહંકારનો પડદો જગતનું યથાતથ દર્શન કરવા દેતો નથી. એક કારીગરે તસવીરને સુંદર ફ્રેમમાં મઢીને તૈયાર રાખી હતી. નિયત સમયે ગ્રાહક લેવા આવ્યો. તેને તસવીરના નવાં રૂપરંગ ગમ્યા, પણ કાચ પર રજકણ જોતાં કારીગરને એ લૂંછવા કહ્યું. કારીગરે કાચ સાફ કર્યો. તો ય ગ્રાહકને સંતોષ ન થયો. કારીગરે ફરી કાચ લૂંછ્યો. છતાં ગ્રાહકની એ જ ફરિયાદ. આખરે કારીગરે ગ્રાહકની આંખ પરના ચશ્મા જોઈ કહ્યું કે આપના ચશ્માના કાચ પર ધૂળનો કણ છે. અહંકારી મનુષ્યની સ્થિતિ પણ આવી જ હોય છે.

રૂપ, યૌવન અને સંપત્તિનો અહંકાર મનુષ્યને કઠપૂતળીની જેમ નિરંતર નચાવે છે અને મનુષ્ય તોરમાં ને તોરમાં તેમાં ડૂબેલો રહે છે.ડાયોસ્થિનીઝે વિજેતા સિકંદરને પૂછ્યું, 'આટલા વિજય પછી હવે તારી શી યોજના છે?' 'પેલો પ્રદેશ જીતવાની'. સિકંદરે જવાબ આપ્યો. 'ત્યાર પછી?' 'બીજો પ્રદેશ જીતવાની.' આમ બંને વચ્ચે

સવાલ-જવાબ ચાલતા રહ્યા. છેવટે ડાયોસ્થિનીઝે કહ્યું, 'દુનિયા જીત્યા પછી તું શું કરીશ?' 'બસ-વિશ્રાંતિ લઈશ શાંતિથી.' 'તો પછી અત્યારે જ વિશ્રાંતિ લે ને!' સિકંદર મૌન. લાલસા અને અહંકાર જોડિયા ભાઈ-બહેન છે.

અહંકારને દુર્વૃત્તિ ગણી જે રીતે વ્યક્તિની ટીકા કરવામાં આવે છે, એમાં અતિશયોક્તિ હોય છે. અહંકાર ક્યાંથી, કેવી રીતે જન્મે છે એની પૂરી સમજ આપણને હોતી નથી. શુભ્ર શ્વેત ચાંદની રેલાવતા ચન્દ્રમાં ય ડાઘ હોય છે, પર્વતમાંથી ખળખળ વહેતી નદીમાં ય કંકર ને કસ્તર હોય છે; જ્યારે આ તો જીવતો-જાગતો માણસ. તેનો સ્વ (Self) વિકાસ પામતો હોય છે ત્યારે આપોઆપ અહમ્‌નું મલિન તત્ત્વ તેમાં ભળી જાય છે.

જન્મથી માંડી ક્રમશઃ બાળકનો વિકાસ એક સળંગ પ્રક્રિયા રૂપે થાય છે. શારીરિક-માનસિક વિકાસને સમાંતર બાળકનો સામાજિક વિકાસ પણ થતો રહે છે. લગભગ ૩ મહિનાની ઉંમરે તેનામાં સામાજિક વર્તનની શરૂઆત થાય છે. સામાજિક વર્તન એટલે આસપાસની વ્યક્તિઓને અનુલક્ષીને થતું બાળકનું વર્તન. આ ઉંમરે બાળક અમુક વ્યક્તિની હાજરી-ગેરહાજરીની નોંધ લઈ તદનુરૂપ વર્તન કરે છે. ૬ મહિનાનું થતાં ઘરની પરિચિત વ્યક્તિઓના ચહેરા ઓળખતું થઈ જાય છે. ૮ થી ૧૦ માસનું બાળક વિશિષ્ટ અવાજો કરીને પોતાની પ્રતિક્રિયા બતાવે છે. અઢી-ત્રણ વર્ષના ગાળામાં બાળકની સામાજિક પ્રતિક્રિયા સુસ્પષ્ટ બને છે. 'મોન્ટુ'ને ખાવું છે,' એમ પોતાના માટે ત્રીજા પુરુષમાં વાતો કરતો મોન્ટુ હવે 'મને ખાવું છે' બોલતો થાય છે. 'આ મારું છે, તને નહિ આપું,' કહીને તે પોતાનો 'સ્વ' અન્ય સમક્ષ જાહેર કરે છે. પછી બાળક શાળાએ જતો થાય છે ત્યારે એનામાં મારા-તારાપણાનો ભાવ દૃઢતર થાય છે. પુખ્તાવસ્થાએ આ ભાવને આપણે 'મમત્વ'થી ઓળખીએ છીએ. 'મમતા છોડો.' 'માયા છોડો', એવા આદર્શવચનો મોટેરા ઉચ્ચારે છે.

'સ્વ'નો ઉદ્‌ભવ જરૂરી છે. સ્વ-ભાન ન હોત તો આપણું શું થાત, એની કલ્પના જ થઈ શકતી નથી. દેહપ્રાણ ધરાવતું ખોળિયું માત્ર હોત આપણે! સ્વ-સન્માન (self-esteem) કે સ્વ-વિશ્વાસ (self-confidence) વગરના આપણે જડ યંત્રો હોત. બગીચામાં હીંચકે ઝૂલવાની બાળકને હોંશ હોય છે. શરૂઆતમાં મમ્મી ઝૂલાવે છે. ધીમે ધીમે બાળક પોતે જમીન પર પગના ટેકાથી હીંચકો ખાય છે ત્યારે પોતાની શક્તિ પર વારી જઈ ખુશ થાય છે. મનોમન બોલી ઊઠે છે, 'અરે, હું જાતે હીંચકો ખાઉં છું. ઊંચે હવામાં ઊડું છું.' બાળકનું આ સ્વ-સન્માન એવરેસ્ટ સર કરનાર તેનસિંગ-હીલેરીની સિદ્ધિ કરતાં સહેજે ઊતરતું હોતું નથી. સ્વ-સન્માનમાંથી સ્વ-વિશ્વાસ જન્મે છે અને વ્યક્તિ નવાં નવાં સાહસ કરી પોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર ઉપલબ્ધિઓ સ્થાપિત કરે છે. ફળસ્વરૂપ વ્યક્તિનું મહત્ત્વાકાંક્ષા-સ્તર (Level of aspiration) ઉત્તરોત્તર ઊંચે જાય છે.

આફતના ઓળા ત્યારે ઊતરે છે, જ્યારે સ્વ-ભાન અહંકારમાં રૂપાંતરિત થાય છે. કદાચ વ્યક્તિને ખુદને આ અવસ્થાંતરની જાણ હોતી નથી. 'મારું રૂપ', 'મારું ઘર', 'મારો દેશ' કહેતાં કહેતાં વ્યક્તિ 'હું જ એક સ્વરૂપવાન', 'મારું ઘર સૌથી સુંદર', 'મારો જ દેશ મહાન' એવું રટણ કરવા લાગે છે. ગૌરવની ભાવના સંકુચિત ગર્વમાં ફેરવાઈ જાય છે.

'સ્વરૂપ ગર્વ' માટે અંગ્રેજીમાં Narcissism શબ્દ છે. એની વ્યુત્પત્તિની કથા રસપ્રદ છે. ગ્રીક પુરાણકથા છે કે નાર્સિસસ નામનો રાજકુમાર અતિ સ્વરૂપવાન હતો. એક વાર સ્વચ્છ સરોવરમાં પોતાનું પ્રતિબિંબ નિહાળે છે. સુંદરતાના વિચારમાં પાણીમાં ડૂબી મૃત્યુ પામે છે. કાળાંતરે એ જગ્યાએ ફૂલછોડ ઊગે છે, જે નાર્સિસસ તરીકે ઓળખાય છે. અરબી ભાષાનો 'નરગિસ' શબ્દ એના પરથી ઊતરી આવ્યો છે. આથી જ સ્વપ્રીતિ (સ્વરતિ)માં ગરકાવ રહેતો મનુષ્ય 'નાર્સિસિઝમ'થી પીડાય છે, એવું કહેવાય છે. જગન્નિયંતા મરક મરક હસતો હશે કે અન્યના રૂપથી આકર્ષિત થતો મનુષ્ય ખુદના રૂપ પર પણ મોહી પડે છે!

વ્યક્તિને અહંકારથી દૂર રાખવામાં કેળવણી અને સંસ્કાર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનાથી વ્યક્તિમાં આદર્શો અને મૂલ્યો વિકાસ પામે છે. વળી આત્માર્થીએ અંતર્મુખ થઈ પોતાની જાતને પૂછવું જોઈએ-હું શું છું? આ દેહ એ હું છું? દેહથી પર શું છે? આ રીતે આત્મ-સ્વરૂપની ઓળખ થશે અને અહમ્-મુક્તિનો માર્ગ સરળ બનશે. સત્સંગ, સદ્‌ગ્રંથ-વાંચન અને ગુરુકૃપાથી અહંકારમાંથી છુટકારો મળી શકે. બાલ્યાવસ્થાનું સ્મરણ થાય છે. અમે ઘરના સૌ રાત્રે સૂતા પહેલાં સ્તુતિ અને પ્રાર્થનાઓનું ગાન કરતા. એક સ્તુતિના શબ્દો હતાઃ

*અહમ્ મમત્વને ટાળી દઈને*
*આત્મ સ્વરૂપ ઓળખાવ્યું*
*ત્રિવિધ સંતાપો હરનાર*
*ગુરુજીને કોટિ વંદન!*
*ગુણિયલ ગોવિંદ સ્વરૂપ*
*ગુરુજીને કોટિ વંદન!*

જો કે બાહ્ય બળોની તુલનામાં સ્વતઃસિદ્ધ અહમ્‌મુક્તિ સર્વોત્તમ કહી શકાય, કારણ કે તે ચિરંતન હોય છે. મહાવીર, બુદ્ધ, ઈશુ આદિ વિભૂતિઓને આ કક્ષામાં મૂકી શકાય. કેટલી સહજ હતી એમને આ સ્થિતિ! ભગવાન મહાવીરનો એક પ્રસંગ છે-

એક યજ્ઞમાં વિદ્યાસભાનું આયોજન થયું હતું. તેમાં અગિયાર બ્રાહ્મણ વિદ્વાનો ઉપસ્થિત હતા. ભગવાન મહાવીરને સભામાં ભાગ લેવાની ઈચ્છા થઈ. પગપાળા ચાલીને સ્થળ પર આવ્યા. ભારેખમ

સંસ્કૃત ભાષામાં વાદવિવાદ ચાલ્યો, પણ મહાવીરે તો લોકબોલીમાં સીધી સરળ શૈલીમાં પોતાનો મત રજૂ કર્યો અને પરિણામ ચોંકાવનારું આવ્યું. તમામ વિદ્વાનો મહાવીરના ચરણોમાં શિષ્ય બની ગયા! આ પ્રસંગ સૂચવે છે કે નિરહંકારી મનુષ્યનું દૃષ્ટાંતરૂપ વર્તન સામી વ્યક્તિનું પણ અહંકાર-નિરસન કરે છે.

અહંકારમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવાનો માર્ગ આત્માર્થીને ક્યારેક કંટકમય લાગે છે, કારણ કે વચ્ચે વચ્ચે અહમ્ ડોકાય છે અને પ્રજ્ઞા અસ્થિર બનતી હોય તેવું ભાસે છે. આ સંદર્ભમાં ભગવાન મહાવીરનો બીજો પ્રસંગ જોઈએ.

એક રાજા ભગવાન મહાવીરને પૂછે છે, 'મેં માર્ગમાં રાજા પ્રસેનચંદ્રનાં દર્શન કર્યાં. કેવું તપઃપૂત મુખારવિંદ! અલૌકિક છે એમની શ્રમણના અને સાધુતા. જાણવા માગું છું કે એ સ્થિતિમાં એમનું નિર્વાણ થયું હોત તો એમની ગતિ શી હોત?' મહાવીર કહે, 'નરકમાં.' ક્ષણાર્ધ વિરામ બાદ મહાવીરે ઉમેર્યું, 'અને અત્યારે થાય તો સ્વર્ગમાં.' રાજાને અચરજમાં પડેલો જોઈ મહાવીરે ખુલાસો કર્યો, 'તમે આ માર્ગથી પસાર થયા તે પહેલાં તમારા સેવકો પ્રસેનચંદ્રને કહેતા હતા કે એના કારભારીઓ દુરાચારી બની ગયા છે. તુરત જ પ્રસેનચંદ્રનો હાથ મ્યાનમાંથી તલવાર ખેંચવા કમર પર ગયો. પછી હાથ મુગટ શોધવા માથા પર ગયો; પણ તલવાર કે મુગટ હવે કેવા! પોતાના સાધુત્વનું સ્મરણ થયું. તમે પસાર થતા હતા ત્યારે પ્રસેનચંદ્રના મનમાં રાજાશાહીના તરંગો દોડતા હતા. હાથ હેઠે પડ્યા એને થોડી જ વાર થઈ હતી, પણ અત્યારે એમનું ચિત્ત સંપૂર્ણ શાંત છે.'

✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્ત જીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

# ચૂંટણી પર એક વેધક નજર

❑ કાકુલાલ છગનલાલ મહેતા

આપણું રાજ્ય એક પ્રજાસત્તાક રાજ્ય છે. ૧૮ વર્ષથી ઉપરના દરેક નાગરીકને વિધાનસભા કે લોકસભામાં પોતાને પસંદ ઉમેદવારને મત આપવાનો અધિકાર છે. ઉમેદવારનો અર્થ શું? ઉમેદવારનો અર્થ અહિં એવો છે કે મતદાતા જેને મત આપે તે ઉમેદવાર તે મતદાતાના હિતનું રક્ષણ કરવા બંધાયેલો છે જે રીતે કોઈ વ્યક્તિ પોતાની સંપત્તિનું સંચાલન કરવાનો કે પોતાના હિતના રક્ષણ કરવા માટે કોઈ બીજી વ્યક્તિને અધિકાર કે 'પાવર ઑફ એટર્ની' આપે તે રીતે મતદાતાના વિશ્વાસને અને હિતને પ્રમાણિકપણે સાચવવાનો હોય છે.

હવે આપણે ચૂંટણીમાં શું થાય છે એ તરફ એક દૃષ્ટિ કરીએ. દરેક રાજકીય પક્ષ, સામાન્ય રીતે એવી વ્યક્તિને ઉમેદવાર તરીકે ઊભા રહેવા મંજૂર કરે છે જેની શક્તિ, યોગ્ય કે અયોગ્ય, કોઈ પણ માર્ગે જીતી જવાની હોય. દેખીતી રીતે એ વ્યક્તિ જે પક્ષ તેને ઉમેદવાર બનાવે તેને વફાદાર બનીને જ રહી શકે, પક્ષના હિતનું જ ધ્યાન રાખવાનું એનું કર્તવ્ય બની જાય છે. જ્યારે રાજકીય પક્ષનો ઈરાદો ન કેવળ સત્તા ભોગવવાનો પણ સાથે સાથે આર્થિક લાભ અને તેમાંથી ઉદ્ભવતા અન્ય લાભ અને માનપાન મેળવવાનો હોય છે. પ્રજાસત્તાકમાં વિરોધ પક્ષ હોવો જરૂરી છે એમ માનવામાં આવે છે પણ એ ત્યારે જ ઉપયોગી બને જ્યારે ભેદ સૈદ્ધાંતિક હોય, પરંતુ આપણો અનુભવ એ બતાવે છે કે બધા જ રાજકીય પક્ષોનો ઈરાદો અને નીતિ એક સમાન જ છે. આપણે એ જોઈએ છીએ કે ચૂંટાયેલ વ્યક્તિ મંત્રીપદ કે એવા જ લાભદાયક હોદ્દા માટે આગ્રહ સેવતા હોય છે. અઢળક ખર્ચ કરીને જીતેલ વ્યક્તિ સ્વાભાવિક રીતે જ પહેલા કરેલ ખર્ચને વસુલ કરવામાં અને પછી ભવિષ્ય માટે બચત કરવામાં લાગી જાય. ભ્રષ્ટાચારના પગરણ અહિંથી શરૂ થાય છે, મુળિયા ઊંડા ઉતરે છે. જ્યારે સત્તાધારી વ્યક્તિ પોતે જ ભ્રષ્ટાચારી બને ત્યારે નોકરિયાતનો ભય જતો રહે છે અને એ રીતે ભ્રષ્ટાચાર છેક નીચે સુધી પહોંચી જાય છે. સત્તાધારી કે સંચાલકને જ્યારે આ જ માણસો થકી કામ લેવાનું હોય છે એટલે એમની સામે કોઈ પણ જાતના પગલાં લેવાનું બની શકતું નથી. એક નાગરીક કે મતદાતા તરીકે સરકાર સાથે કામ લેવામાં આપણો આ અનુભવ છે. એટલે આવા ઉમેદવારને મત આપવામાં મુર્ખાઈ નહિ તો બીજું છે શું?

શિક્ષિત અને અનુભવી મતદાતા વર્ગ એમ સમજીને મત આપવાથી દૂર રહે છે કે આવા ઉમેદવારને મત આપવો એટલે ઉલમાંથી ચુલમાં પડવાનું છે. આ રીતે મતદાતાનો આંક ઘણો જ નીચે આવી જાય છે. જે મત આપે છે તે મહદ અંશે ગ્રામીણ અભણ વર્ગ છે જેનો કીમતી મત એક સાડી, ધોતિયું કે દારુની બોટલ આપીને ખરીદી શકાય છે. જ્યાં આ નથી થઈ શકતું ત્યાં ધાકધમકીથી અથવા છેતરપિંડીથી અને બંદૂક બતાવીને, કોઈને ઉપાડી જઈને કે ખૂન સુદ્ધા કરીને પણ વર્ચસ્વ ધરાવનાર પક્ષ ફક્ત ૩૦ ટકા મત મેળવે તો પણ પૂરા પાંચ વર્ષ માટે સત્તા હાંસલ કરી શકે છે, કરે છે. આ રીતે મતદાતા પોતાની જાતને એવી રીતે બંધનમાં જકડે છે કે એમાંથી ઉમેદવાર વિશ્વાસ ભંગ કરે તો પણ એ છૂટી નથી શકતો. આમાં મતદાતાને પોતાના અધિકારીને ચૂંટવાની સ્વતંત્રતા ક્યાં રહી? અરે ખુદ ઉમેદવાર પણ પોતાના અંતરાત્માના અવાજને વળગીને ચાલવા ચાહે તો પણ પક્ષ એને છૂટ નહિ આપે.

રાજ્ય સંચાલન માટે લોકશાહી પદ્ધતિ સૌથી સારી માનવામાં આવે છે. બીજી પ્રમુખશાહી પદ્ધતિ માટે સૂચનો આવે છે. લોકશાહી

પદ્ધતિ આપણે અનિચ્છાએ સ્વીકારવી પડી છે. બન્ને પદ્ધતિ પરદેશી હોવા ઉપરાંત એમનો ઉદ્ભવ પણ ઘણાં વર્ષો પહેલા અને જુદા જ સંયોગોમાં થયેલ છે જે આપણા ઈતિહાસ, ભૂગોળ, શિક્ષણ પદ્ધતિ, સંસ્કૃતિ, અર્થ વ્યવસ્થા અને આપણી આકાંક્ષા અને ઈરાદાને અનુકૂળ નથી. પશ્ચિમના દેશોએ જે વિકાસ સાધ્યો છે, એમનું શિક્ષણ અને એમની રાષ્ટ્રભાવના અને ઉમેદવારની ક્ષમતાનું પૃથ્થકરણ કરવાની શક્તિ એમને યોગ્ય વ્યક્તિને જ ચૂંટવાની શક્તિ અર્પે છે જે આપણામાં નથી.

ઉપાય શું? શ્રેષ્ઠ ઉપાય એ છે કે મતદાતાઓ પોતે જ પોતાના મતદાન ક્ષેત્રમાંથી કોઈ એક ઉચ્ચ ચરિત્ર ધરાવનાર શિક્ષિત અને દેશપ્રેમી વ્યક્તિને પસંદ કરીને એમને ચૂંટણીના ઉમેદવાર તરીકે ઊભા રહેવા વિનંતિ કરે અને એ ચૂંટણીમાં સફળ થાય એ માટે સખત શ્રમ ઊઠાવે અને જીતાડે. મતદાતા જ્યારે પોતે જ કોઈ વ્યક્તિને પસંદ કરે ત્યારે ઉમેદવારને ખાસ કાંઈ ખર્ચ કરવાનો આવે નહિ અને થોડા ખર્ચ માટે મતદાતાઓ જ વ્યવસ્થા કરી શકે. આમ થાય તો જ આપણે સ્વાર્થી અને સંવેદનહીન રાજકારણીઓથી છૂટી શકશું. આ કાંઈ અસંભવ વાત નથી. આઝાદી મળી ત્યારે નેતાઓ આ રીતે જ ચૂંટાયેલા. એક સફળ પ્રયોગ એવી જ સફળતા માટેની હારમાળા ઊભી કરી શકે. આમ બને ત્યારે જ આપણે ત્યાં સાચી લોકશાહી સ્થપાશે. યુવાનો દ્વારા વ્યવસ્થિત પ્રયાસ અને અનુભવી, શિક્ષિત, દેશપ્રેમી વયસ્ક નાગરિકના સહકારથી આ ચોક્કસ બની શકે છે. આવું ન બને ત્યાં સુધી આપણી સરકાર પક્ષસત્તાક જ રહેવાની અને ભૂલશો નહિ કે પક્ષસત્તાક એટલે વિભાજિત–ઐક્યનો દુશ્મન.

તમે કોઈ ગુનેગારને, ખૂનીને, દગાખોરને, લુટેરાને, પૈસા કઢાવવા બાળકને ઉપાડી જનારને કે વિશ્વાસને નાલાયક વ્યક્તિ પર વિશ્વાસ મૂકવાનું પસંદ કરો ખરા? તો પછી તમે શા માટે ખરેખર કોઈ વિશ્વસનીય વ્યક્તિને ન પસંદ કરો? અલબત્ત આવી વ્યક્તિને શોધવા માટે ખંતપૂર્વક પ્રયાસ કરવો રહ્યો અને એમને વિશ્વાસમાં લઈ એમને જીતાડવા મહેનત કરવી પડે પણ એ બધું તો સુચારુ રાજ્યવ્યવસ્થા અને અંતે પ્રજાના લાભાર્થેજ હશેને? અગર બધા સાથે મળીને વિચારે અને પ્રયત્ન કરે તો આ કંઈ અશક્ય તો નથી જ. ખરું જોઈએ તો આજ સાચો અને વ્યવહારુ માર્ગ છે.

ચૂંટણી અધિકારીએ તો સરકારને કાનૂનમાં 'આમાંથી કોઈ નહિ' એવો મતપત્રકમાં સુધારો કરવાનું સૂચન અંદાજે બે વર્ષ પહેલા કરેલ છે; પણ સરકારે કોઈ નિર્ણય હજુ સુધી લીધો નથી અને લેશે એવી આશા રાખવી પણ વ્યર્થ છે કેમકે એ તો બધા જ પક્ષોના સ્થાપિત હિતસંબંધોની વિરુદ્ધ જવાનું તે એમ કેમ સ્વીકારે? આ સુધારો ન થાય ત્યાં સુધી આપણી પાસે કોઈ ઉપાય નથી. ઈલેકટ્રોનિક મશીનમાં તો એક જ બટન દબાવી શકાય એટલે એમાં તો અનિચ્છાએ પણ અયોગ્ય વ્યક્તિને મત આપવાનો રહ્યો. ચૂંટણી આવી રહી છે. પ્રજાનો વિશાળ વર્ગ એમ નિર્ણય કરે કે 'આમાંથી કોઈ નહિ' એવો સુધારો ન થાય ત્યાં સુધી અમે મત નહિ આપીએ તો કદાચ બહુ જ નાની ટકાવારીથી જીતી જાય તો પણ એ વ્યક્તિ પ્રજાનું પ્રતિનિધિત્વ નથી ધરાવતી એ વાત સાબિત થઈ જાય. મત આપવાની ફરજ હોવા છતાં આજ એક વ્યવહારુ ઉપાય સુઝે છે. યુવા વર્ગ આ પડકારને ઝીલે એ જ અભ્યર્થના. ✷✷✷

તા. ક.: વાચક ભાઈ-બહેનોના મંતવ્ય આવકાર્ય.

1704, ગ્રીન રીડ્જ ટાવર–2, 120, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (પ), મુંબઈ–400 092. ફોન : (022) 28988878

# કસ્તુરબા સેવાશ્રમ–મરોલી–ચેક અર્પણવિધિ કાર્યક્રમ

❑ શ્રી મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાત રાજ્યની પછાત, આદિવાસી કે શિક્ષણક્ષેત્રે માનવસેવા, લોકસેવાનું કામ કરતી સંસ્થા માટે દાનની અપીલ કરવામાં આવે છે.

દાનની અપીલ કરતાં પહેલા સંઘના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યો બે કે ત્રણ સંસ્થાની મુલાકાતે જાય છે. સંસ્થાની વિગતોની ચર્ચા કરવામાં આવે છે. તેમાંથી આર્થિક રીતે જેની વધારે જરૂરીયાત હોય તે સંસ્થાને મદદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ વર્ષે કસ્તુરબા સેવાશ્રમ–મરોલીને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

અમને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સંઘની અપીલના જવાબમાં રૂપિયા પચીસ લાખ જેવી માતબર રકમ કસ્તુરબા સેવાશ્રમ–મરોલીને માટે મળી છે. તેને અર્પણ કરવાનો કાર્યક્રમ મરોલી મુકામે ગુરૂવાર તા. ૧૯મી માર્ચ ૨૦૦૯ના રોજ સવારના ૧૧ કલાકે રાખવામાં આવ્યો હતો.

સંઘના હોદ્દેદારો, સભ્યો અને દાતાઓ મળી કુલ ૧૭ ભાઈ–બહેનો ગુરૂવાર તા. ૧૯મી માર્ચ, ૨૦૦૯ના રોજ સવારે ૬–૨૫ કલાકે શતાબ્દિ એક્સપ્રેસમાં મુંબઈ સેન્ટ્રલથી રવાના થઈ સવારે ૧૦–૦૦ કલાકે સુરત સ્ટેશને ઉતર્યા. કસ્તુરબા સેવાશ્રમના શ્રી કરસનભાઈ એરકંડીશન્ડ બસ લઈને હાજર હતાં. બધા બસમાં ગોઠવાઈ ગયાં અને મરોલી ૧૧–૩૦ કલાકે પહોંચ્યાં. સંઘના પ્રવાસનું સંચાલન હંમેશાં અમારા પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ અને ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ સંભાળે છે પણ આ વખતે બીજા રોકાણને લીધે એઓશ્રી આવી શક્યાં ન હતાં.

મરોલી મુકામે પહોંચતાં આશ્રમના કાર્યકરો સર્વશ્રી ઉષાબેન ગોકાણી (પૂ. ગાંધીજીના પૌત્રી) ભૂપેન્દ્રભાઈ દેશાઈ, કનુભાઈ પટેલ, ભીખુભાઈ પટેલ, તેમજ સ્કૂલની બાળાઓએ બધા મહેમાનોને ચાંદલો કરી ગુલાબનું

ફૂલ આપી સ્વાગત કર્યું. પરિચયવિધિ શ્રી ભૂપેન્દ્રભાઈ દેશાઈ તેમજ શ્રી ભીખુભાઈ પટેલે કરી.

મંચ ઉપર બેઠેલા આજના અતિથિવિશેષ સર્વશ્રી મહેશભાઈ કોઠારી, અર્જુનભાઈ ધોળકિયા, ઉષાબેન ગોકાણી, ભૂપેન્દ્રભાઈ દેશાઈ, કનુભાઈ પટેલ, ડૉ. રમણિકલાલ દોશી, ડૉ. ધનવંતભાઈ શાહ, નીતિનભાઈ સોનાવાલા અને ભૂપેન્દ્રભાઈ જવેરીનું ફુલહારથી અભિવાદન કરવામાં આવ્યું.

પ્રારંભમાં આશ્રમના ટ્રસ્ટી અને ગાંધી પરિવારના મોભી ઉષાબેન ગોકાણીએ આશ્રમમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. એઓશ્રીએ પોતાના વક્તવ્યમાં કહ્યું: 'અહીં પૂ. ગાંધીજીના મૂલ્યોનું જતન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. શ્રી ભૂપેન્દ્રભાઈ દેશાઈ અને કનુભાઈ પટેલ બંને ઉદ્યોગપતિઓ છે પણ જ્યારે આશ્રમનું નામ આવે ત્યારે બધા કામ મૂકી હાજર થઈ જાય છે. શ્રી અર્જુનભાઈ ધોળકિયા જેઓ હીરા બજારના મોટા વેપારી છે, હજારો, લાખનું દાન એમના અને એમના મોટાભાઈ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા આપે છે. કોઈપણ સેવાના કામમાં તેઓ પીછેહઠ નથી કરતાં. ચિખોદરાના આંખના સર્જન ડૉ. દોશી કાકા પૂ. રવિશંકર મહારાજની પ્રતિકૃતિ હોય એમ જ લાગે છે. ૯૩ વર્ષની જૈફ ઉંમરે આવા જાહેર કાર્યક્રમમાં હાજરી આપે છે તે આશ્રમ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગર્વ લેવા જેવી વાત છે. એમની આ સેવાની કદર રૂપે ગુજરાત રાજ્યે તેમને માનવસેવાના એવૉર્ડથી વિભૂષિત કર્યા છે.'

અતિથિવિશેષ શ્રી અર્જુનભાઈ ધોળકિયા અને પ્રમુખ શ્રી મહેશભાઈ કોઠારીએ કહ્યું કે ઓબામા (અમેરિકન રાષ્ટ્રપ્રમુખ) ગાંધીજીનો ફોટો નજર સમક્ષ રાખીને કામ કરે છે. શ્રી નેલશન મંડેલા પણ આજે એ પ્રમાણે જીવન જીવી રહ્યાં છે. **ગાંધીજીના મૂલ્યોનું જતન આશ્રમમાં થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે, જેથી એમની યાદ હંમેશાં રહ્યાં કરે.** સંઘના માનદ્ મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે કહ્યું કે ભાષણો થતાં રહેશે પણ અમે જે કામ માટે મુંબઈથી આવ્યાં છીએ તે પહેલા પૂરું કરવું જોઈએ. ચિખોદરાના ચક્ષુરોગ નિષ્ણાત ડૉ. રમણિકલાલ દોશીને ડૉ. ધનવંતભાઈ શાહના હસ્તે આશ્રમના ટ્રસ્ટી ઉષાબેન ગોકાણીને ચેક એનાયત કરવામાં આવ્યો. ડૉ. ધનવંતભાઈ શાહે પોતાના વક્તવ્યમાં કહ્યું કે અમને આશ્રમે સદ્કાર્ય કરવાની ઐતિહાસિક તક આપી તે માટે અમે આશ્રમના આભારી છીએ. અમે કોઈ દાન આપતાં નથી. આપના વતી અમે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ટહેલ નાખી તેના પ્રત્યુત્તર રૂપે જે ફાળો મળ્યો તે અમે આપને અહીં આપવા આવ્યાં છીએ. અમે ફક્ત ટપાલીનું કામ કર્યું છે. તમારું હતું અને તમને આપ્યું એમાં અમે ફક્ત નિમિત્ત બન્યા છીએ. સંઘના માનદ્ મંત્રી શ્રી નીરુબહેન શાહે પ્રાર્થનાથી શરૂઆત કરી કહ્યું કે અમે દાન લેનારને ઓશીયાળા નથી કરતાં. મદદ કરીએ પણ લાગણી ન દુઃભાવવી જોઈએ તેમજ આભારની ઉઘરાણી ન હોય અને લેનાર ઉપકારથી દબાઈ ન રહે એવી અમારી હંમેશાં શુભ ભાવના છે. ડૉ. દોશી કાકાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે તેઓ બધી સંસ્થાઓથી ખૂબ જ માહિતગાર છે પણ સંઘે જે આ સંસ્થાની વરણી કરી તે ખૂબ જ યોગ્ય પાત્ર ગોત્યું છે એમ તેમણે કહ્યું. સંઘ એમની સલાહ સૂચનાથી સંસ્થાની વરણી ઘણીવાર કરે છે.

આશ્રમના માનદ્ સભ્યો ને વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ પટેલે મુંબઈથી પધારેલા સંઘના સભ્યોને પુરસ્કાર રૂપે પુસ્તકો અને પૂ. ગાંધીજીનું સ્મૃતિ ચિન્હ ભેટ આપી અભિવાદન કર્યું. અંતમાં શ્રી ભીખુભાઈ પટેલે મરોલી પધારવા માટે બધાનો ખૂબ આભાર માન્યો તેમજ આ આશ્રમની ભલામણ કરવા માટે શ્રી નીતિનભાઈ સોનાવાલાને અભિનંદન આપ્યાં. અંતમાં આશ્રમની બાળાઓએ જન ગણ મન... મંગલ ગીત ગાયા બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

સભા દરમિયાન, મોડું થવાથી બધા ભોજનની પ્રતિક્ષાએ હતાં એટલે જેવી સભા પૂરી થઈ કે તરત જ બધા ભોજન હૉલમાં ગોઠવાઈ ગયાં. અમારે બીજી સંસ્થા જોવા જવાનું હતું. ભોજન પછી જરા પણ આરામ કર્યા વગર બધા એરકંડીશન્ડ બસમાં ગોઠવાઈ ગયાં.

સુરત–ઉમરા ગામે અમે બધા ૪–૩૦ કલાકે વિકલાંગની સંસ્થા ડીસેબલ્ડ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈંડિયા જોવા ગયા. ત્યાંના સંચાલક શ્રી કનુભાઈ ટેલરે બધાનું સ્વાગત કર્યું. સ્કૂલની બાળાઓએ બધાને ગુલાબનું ફૂલ આપી અભિવાદન કર્યું. શ્રી કનુભાઈ ટેલર જેઓ પોતે વિકલાંગ છે, તેમણે ૧૦ વર્ષ પહેલાં આ સંસ્થાની સ્થાપના કરી હતી. શૂન્યમાંથી એમણે એક મોટું સર્જન કર્યું છે તેમાં જરાય અતિશયોક્તિ નથી. તેમણે સ્કૂલની શરૂઆતથી તે આજસુધીની પ્રવૃત્તિની ખૂબ જ સરળ અને સંક્ષિપ્તમાં રજૂઆત કરી બધાને ભાવવિભોર કર્યા; કારણ કે તેમણે જે કામ વિકલાંગ હોવા છતાં ૧૦ વર્ષમાં કર્યું તે બીજાું કોઈ કદાચ ૨૫ વર્ષમાં પણ ન કરી શક્યું હોત. એમનું વીઝન ખરેખર અદ્ભુત છે. આ સ્કૂલમાં હાલમાં ૪૦૦ બાળકો અભ્યાસ કરે છે. સ્કૂલમાં ૧૨ ધોરણ સુધી અભ્યાસ થાય છે. વધારે પડતાં છોકરા–છોકરીઓ ઝુંપડપટ્ટીમાંથી આવે છે. ભણવાનું, સ્કૂલ ચોપડીઓ, જમવાનું, ઘરેથી લાવવા–પાછા મુકવા જવાનું બધું જ મફતમાં સ્કૂલ કરી આપે છે.

આ સ્કૂલમાંથી ૧૨મું પાસ કરી બે બાળકોને લંડન MBA કરવા માટે મોકલ્યાં છે. ગુજરાતની જુદી કૉલેજમાં ૭ બાળકો MBBSમાં દાખલ કર્યા છે. તેમજ ૧૭ બાળકો એન્જિનિયરીંગમાં અભ્યાસ કરે છે. એમનો ભવિષ્યનો પ્લાન છે કે વિકલાંગોનું વૃદ્ધાશ્રમ સ્કૂલમાં ખોલી શકીએ તો સારું. રસ્તા ઉપર એક પણ વિકલાંગ દેખાય નહીં એવું એમનું સપનું છે.

સંઘના માનદ્ મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'કોઈ પરિકથા સાંભળતા હોઈએ એવું વર્ણન શ્રી કનુભાઈ ટેલરે કર્યું હતું. આવું પણ થઈ શકે છે તેનો અહીં અમે સાક્ષાત્કાર થયો જોયો.' અમારી પાસે વખત ઓછો હતો છતાં ઓછા સમયમાં તેમણે અમને ઘણું સમજાવ્યું, બતાવ્યું. એમના ખૂબ આગ્રહથી અમે ચા–નાસ્તાને ન્યાય આપ્યો; કારણ કે અમારે સુરત સ્ટેશને ૫–૩૦ કલાકે પહોંચવું હતું કેમકે શતાબ્દિ એક્સપ્રેસમાં અમે બધા મુંબઈ પાછા જવાના હતાં.

જ્યારે બધા સ્ટેશને પહોંચ્યા અને શતાબ્દિ એક્સપ્રેસમાં સીટ ઉપર બેઠા ત્યારે શ્રી કનુભાઈ ટેલરની વાતો વાગોળતા હતા. એક વિકલાંગ વ્યક્તિએ દસ વરસના ટૂંકા ગાળામાં કેટલું મહાન સર્જનાત્મક કામ કર્યું છે તે સમજ બહારની વાત છે. અમે બધા રાતના ૯–૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ સુખરૂપ પહોંચી ગયાં હતાં.

✱ ✱ ✱

# 'ગામઠી આરોગ્ય વિજ્ઞાન'

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

હું સને ૧૯૩૨માં કડી–'સર્વ વિદ્યાલય'માં ભણતો હતો ત્યારે શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની નામના એક તરવરિયા વિજ્ઞાન–શિક્ષક હતા. શાસ્ત્રીય વિજ્ઞાનની સાથે તેઓ ગામઠી આરોગ્ય વિજ્ઞાનની વાતો પણ કરતા હતા. એકવાર એમણે આખા વર્ગને એક પ્રશ્ન પૂછ્યો:

'દુનિયામાં વધુમાં વધુ ડોસા કયા દેશમાં છે?'

એમનો પ્રશ્ન રાષ્ટ્રીય આયુષ્ય આંક (નેશનલ સ્પેન ઑફ લાઈફ)નો હતો.કોઈ વિદ્યાર્થી સાચો જવાબ આપી શક્યો નહીં એટલે એમણે કહ્યું: 'ડેન્માર્ક દેશના ડોસા–ડોસીઓ લાંબામાં લાંબું જીવે છે.' એ પછી એમણે એ દેશના દીર્ઘાયુષ્યના કેટલાંક કારણો ગણાવ્યાં તેમાં એના ડેરી ઉદ્યોગના જબ્બર વિકાસનો ઉલ્લેખ કર્યો ને પછી ઘી–દૂધ–છાશનું આપણા આહારમાં શું મહત્ત્વ છે તે સમજાવ્યું. છાશનું આહારશાસ્ત્રમાં ગૌરવ કરતાં કહે:–

'તક્રમ્ શક્રસ્ય દુર્લભમ્'–મતલબ કે છાશ તો ઈંદ્ર જેવા ઈંદ્રને પણ દુર્લભ છે. પૈસાદારોએ છાશની મફત 'પરબો' માંડવી જોઈએ. धृतम् एव आयुः। ऋणम् कृत्वा धृतम् पिबेत! ઘી એ આયુષ્ય છે...દેવું કરીને પણ ઘી પીઓ. સુશ્રુતે કહ્યું છે કે જે વ્યક્તિ દરરોજ ત્રણ રૂપિયાભાર (તોલા) ઘી ખાય છે તેની આંખોનું તેજ ગરૂડની આંખો જેવું થાય છે. દૂધે વાળુ જે કરે તે ઘર વૈદ્ય ન જાય! એ દેશી કહેવત કહી બોલ્યા:–

'દૂધ ને રોટલો, દહી ને ભાત,

લાડવા ને વાલ, ખાઓ મારા લાલ!' આ કહેવત કહી, દૂધ–રોટલો, દહીં–ભાત ને લાડવા–વાલના યુગ્મનું આરોગ્યલક્ષી મહત્ત્વ સમજાવ્યું. વાત, પિત્ત, કફની વાત કરી આહારના સમીકરણની ચર્ચા કરી. એ પછી આરોગ્યનું એક બીજું સૂત્ર સંભળાવ્યું:–

'આંખે પાણી, દાંતે લૂણ,
પેટ ન ભરીએ ચારે ખૂણ;
ડાબું પડખું દબાવી સૂવે,
તેનું દુઃખ સીમાડે રુવે.'

દરરોજ આંખે, ઠંડું પાણી છાંટવાથી, મીઠાથી દાંત ઘસવાથી પેટને ૧/૪ ઊણું રાખવાથી અને ડાબે પડખે સૂવાથી આરોગ્ય સારું જળવાય છે. મતલબ કે એનું દુઃખ સીમાડે પોક મૂકીને રડે છે! ડાબે પડખે ઊંઘવાની વાત આવી એટલે કહે:–

ઊંધો સૂવે અભાગિયો,
ચત્તો સૂવે રોગી;
ડાબે તો સૌ કોઈ સૂવે,
જમણે સૂવે જોગી.

મેં તો અનેકને ઊંધા સૂતા જોયા છે પણ એ બધા કૈં અભાગિયા નહોતા! સામાન્ય રીતે રોગી ચત્તા સૂતા હોય છે અને સૌ કોઈ ડાબે પડખે સૂતા નથી હોતા. રાતની આઠેક કલાકની નિદ્રામાં અજાણતાં પણ પડખાં ફરતાં રહે છે...ડાબે–જમણે, જમણે–ડાબે. ડાબે પડખે સૂવાનું કારણ આપતાં કહેલું કે તે બાજુ હૃદય આવેલું છે...એટલે રક્તધબક ને સંચારમાં સુવિધા રહે એટલા માટે ડાબે પડખે સૂવાનું મહત્ત્વ. જોગી લોકો કયા કારણે જમણે પડખે સૂવે છે, ન–જાને!

શ્રી જાની સાહેબ, વર્ગમાં પાટલી પર, ઘરમાં જમતી વખતે પાટલા પર ને દીર્ઘશંકા ટાણે સંડાસમાં કઈ રીતે બેસવું જોઈએ એ બધું શારીરિક અભિનય સાથે શિખવતા હતા. ડોક, કરોડરજ્જુ, કટિ પ્રદેશની સ્થિતિનો ખ્યાલ આપતા હતા. પેટ સાફ રાખવાનું મહત્ત્વ સમજાવતાં કહેતાં:–

'એક વાર જાય જોગી,
બે વાર જાય ભોગી;
ને ત્રણ વાર જાય રોગી'.

જોગી–ભોગી ને રોગીનો પ્રાસ મળેલો જાણીને આનંદ થયેલો પણ વસ્તુતઃ એક, બે ને ત્રણની વાત તદ્દન સાચી છે. જાની સાહેબ કહેતા કે આપણા એંશી ટકા રોગો વિપરીત આહાર ને અતિ આહાર–અકરાંતિયાવેડાને કારણે થાય છે. આપણે પેટને પૂછીને ખાતા નથી, જીભને ચટાકા કરવા ખાઈએ છીએ ને એમ સમજીએ છીએ કે પેટમાં દાંત છે. મારા આ શિક્ષકે આગળ જતાં આરોગ્ય–વિષયક કેટલાંક પુસ્તકો લખેલાં જેમાંના ત્રણનાં નામ મને યાદ છે: 'સાનમાં સમજાવું', 'દાયકે દશ વર્ષ' અને 'વાસીદામાં સાંબેલું'. મને એવો ખ્યાલ છે કે વડોદરાની વિશ્વવિખ્યાત સંસ્થા 'પ્રાચ્ય વિદ્યા મંદિર' (ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ)ના એકવારના અધ્યક્ષ ડૉ. ભટ્ટાચાર્ય લિખિત અંગ્રેજી પુસ્તકનો અનુવાદ શ્રી જાની સાહેબે કરેલો તે પુસ્તકમાં આયુર્વેદ અને હોમિયોપેથીનો સમન્વય કરેલો છે. તેઓ કહેતા કે આપણે મુખ્યત્વે વનસ્પતિ–આહારી છીએ. વનસ્પતિ આહારમાં ઈંડા સુદ્ધાંનો નિષેધ છે. એટલે માત્ર પૂર્ણ નત્રિલો ખાતર દુગ્ધાન્ન ઉપર આધાર રાખવો પડે છે. ઘી વિના ચાલે, દૂધ વિના નહીં. દૂધમાં છેવટે સેપરેટ દૂધ પણ કમ નથી, બલ્કે લગભગ દૂધ જેવું જ છે–પોષણમાં તો વળી વધારે–પણ જો તે ચોકખું હોય તો.'

આ જાની સાહેબનો આગ્રહ કઠોળોમાં મગ માટેનો હતો. કહેતા: 'મગ ચલવ્યે પગ' ને 'મગ કરે ઢગ.' મતલબ કે મગથી ચાલવાની શક્તિ વધે ને 'ઢગ' કહેતાં મળશુદ્ધિ કરે. જુવાર, બાજરી, મગ ને ઘઉંના 'તોઠા'–ઘી–ગોળ મિશ્રિતનો તેમનો આગ્રહ ભારે હતો.

આ પછી તો આગળ જતાં અમને આરોગ્ય વિષયક કેટલાંક

કવિત–સૂત્રો જાણવા મળ્યાં...જેમ કે:–

'આંખમેં અંજન, દાંત મેં મંજન
નિત કર, નિત કર, નિત કર' અને
નાકમેં અંગુલિ, કાનમેં લકડી
મત કર, મત કર, મત કર'.

શું કરવું, શું ન કરવું...એ વિધિ–નિષેધમાં આરોગ્યનો મુદ્દો ગર્ભિત છે. સાધારણ રીતે દાળ, ભાત, ખીચડી, રોટલી આપણો આહાર છે; તો એ આહારની ગુણવત્તા પણ આવાં કવિત–સૂત્રોમાં અંકિત થયેલી જાણવા મળે છે. દા. ત. :–

'ખીચડી કહે મેરા હલકા ખાના,
મેરે ભરોસે કહી ન જાના'.
રોટી કહે મૈં આવું, જાવું;
દાળભાત કહેઃ મંઝિલ પહોંચાઉં.'

આ બધા આહારમાં રહેલી પાચન–પોષક-શક્તિનો ખ્યાલ આપ્યો છે. આહારશાસ્ત્રની સાથે લોકકવિએ વ્યવહાર શાસ્ત્ર ને સમાજ શાસ્ત્રને પણ આ રીતે સાંકળી લીધું છેઃ–

'અમલદારી ગરમની,
વહુ–બેટી નરમની,
ઈજ્જત–આબરૂ ભરમની
ને દાલરોટી કરમની.'

'કરમની'માં બે અર્થો અભિપ્રેત છે. 'કરમ' એટલે Fate નશીબ...નશીબમાં હોય તો દાળ રોટી નશીબ થાય ને કરમનો બીજો અર્થ–કર્મ–પુરુષાર્થ...પુરુષાર્થ કરીએ તો દાળરોટી પામીએ.

એક જમાનામાં સુરત શહેરમાં નવરાત્રિના નવ દિવસ સુધી પળાતા 'ઘોઘારાણા'ના પ્રસંગમાં છોકરાઓ મશ્કરીમાં આ પ્રકારનું જોડકણું લલકારતાઃ–

'ઘોઘારાણા, વાલવટાણા,
પાછલી રાતે, થાય અઘાણા.'

આમ તો જોડકણામાં કેવળ મશ્કરીનો જ ભાવ છે પણ સાથે સાથે વાલવટાણાની ખાસિયત–વાયડાપણું ને એનું રેચકતત્ત્વ પણ એમાં ગૂંથાઈ ગયાં છે. આપણા મોટા ભાગના ધાર્મિક તહેવારો સાથે સંલગ્ન ખાણીપીણીનો ઝીણવટથી વિચાર કરીશું તો તેમાં મૂળે તો વૈજ્ઞાનિક દૃષ્ટિ રહેલી જણાશે જેનું રૂપાંતર આવા ગામઠી પ્રયોગોમાં જોવા મળે છે. ✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭.
ફોન : ૬૬૨૧૦૨૪

# ચંદ્રાઉલા : કાવ્ય પરિચય

❑ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યમાં વિવિધ પ્રકારના કાવ્યો સર્જાયાં છે તેમાં અલ્પ પરિચિત કાવ્ય પ્રકાર ચંદ્રાઉલા વિશેની માહિતી આ લેખમાં પ્રગટ કરવામાં આવી છે.

પદ્ય રચનામાં છંદ પ્રયોગની સાથે દેશીઓનો મોટા પ્રમાણમાં પ્રયોગ થયો છે. દેશીઓની સંખ્યા ૨૩૨૮ છે તેની માહિતી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૮માંથી પ્રાપ્ત થાય છે.

દેશી, ઢાળ, વલણ, ચાલ વગેરે પર્યાયવાચી શબ્દો કાવ્ય ગાવાની શૈલીનો સંદર્ભ દર્શાવે છે. દેશીઓની વૈવિધ્યપૂર્ણ સૂચિમાં 'ચંદ્રાઉલા–વલા' એ એક પ્રકારની દેશી છે જેનો નં. ૫૪૭/૧ છે. આ દેશીનો પ્રયોગ કરનાર કવિઓમાં કવિ સમયસુંદર સં. ૧૬૭૩, કવિ જયરંગ–સં. ૧૭૦૦, કવિ જ્ઞાન કુશળ–સં. ૧૭૦૭, કવિ જયવંત સૂરિ સં. ૧૬૪૩. આ દેશીનો પ્રયોગ કરીને રચાયેલી ચાર કૃતિઓ પ્રાપ્ત થાય છે. ૧. કવિ ઋષભદાસના સમયના કવિ લીંબોની કૃતિ પાર્શ્વનાથ નામના સંવેગ રસ ચંદ્રાઉલા ૨. કવિ જયંતસૂરિ કૃત સીમંધરના ચંદ્રાઉલા (૧૭મી સદી). ઉપરોક્ત બે કૃતિઓ અપ્રગટ છે. ત્રીજી કૃતિ અજ્ઞાત કવિની શ્રી પાર્શ્વનાથજીના ચંદ્રાવલા સંવત ૧૯૩૯માં પ્રગટ થયેલ છે. ચોથી કૃતિ કવિ જ્ઞાન સાગરની નેમિચંદ્રાવલા છે. ચંદ્રાઉલા દેશીમાં રચાયેલી કૃતિઓનો પરિચય નીચે પ્રમાણે છે.

૧. પાર્શ્વ નામના સંવેગરસ ચંદ્રાઉલાની રચના કવિ લીંબોએ કરી છે. આ કૃતિમાં ૪૯ કડી છે. તેનો આરંભ પરંપરાગત કાવ્ય રચના શૈલી પ્રમાણે દેવ–ગુરુની સ્તુતિથી થયો છે.

*સકલ સુરિંદ નમઈ સદા રે, પાસ જિણેસર દેવો,*
*માનવ ભવ પામી કરી રે, અહર્નિશ કરજે સેવો.*

કવિએ જીવાત્માના ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ આત્મવૃતાંતનું નિવેદન કર્યું છે. આ નિરૂપણકર્યું છે. આ નિરૂપણ દ્વારા આત્માની કરૂણ સ્થિતિનો પરિચય થાય છે. નમૂના રૂપે ભવ ભ્રમણનો પરિચય કરાવતી પંક્તિઓ નીચે મુજબ છે.

વૃષભ તણો ભવ દોહિ લો રે, ભારવહે નિશીદીસો.
હરિણ સમા બાણે કરી રે, હરખતા પાડે ચીસો.
હણતાં છાગ કરે અલિ ચીસ, તેહના દુઃખ લઈ
જગદાસ ભાર તલે, દાઝલાં વૃષભ પ્રમુખ અતિ દુઃખ સહતા.
જીરેજી. ।।૧૭।।

નગર વાસ પાગુ અરિ દુઃખ તણો ભંડારો,
કાદવ દુર્ગંધ પૂરિયો રે, સાતઈ નરગ મઝારો.
સાતઈ નરગ મઝારઈ, બંધતા આઉખમ
સાગરોપમ ચઢંતા મોભો, દેહ વાંછતો તે મરણ પામૈ.
ઉભો રાખી દુઃખૈ દામી. જીરેજી. ।।૧૦।।

નારકીના જીવો દુઃખ–વેદના ભોગવે છે ત્યારે પરમાધામી દેવ પૂર્વે કરેલાં પાપની સ્મૃતિ તાજી કરાવતાં કહે છે કે,

દેવ કહે સાંભલો, અમ્હરીએ કાં તુ મદમાતો હાંડલો રે,
કરતો પાપ અનેકો, પાપ અનેકો પદાતું લોક પ્રતઈ

વળી કહેતો એહવો, નથી સાત નરગ.
રાત્રિભોજન, પરદારાસેવન, મહાઆરંભ
સમારંભ કર્યા, વેગેરે પાપોની યાદી અપાવે છે.
માનુસને ભવ ઉપનો રે, તૌ પહિલું ગર્તાવાસો રે,
ઘોર અઘોરી જીવ, મનુશ પીડિ જઈ
દસમાસો પીડિખામ, દસમાસો મગર તણા પરે
દુઃખ સહઉ, રોમિ કરઉ તે આહાર,
મનુસને ભવિ દુઃખ અપાર. જીરેજી।।૩૦।।

સમકિતધારી જીવ પાપના ફળને જાણીને જિન ધર્મની આરાધના કરી માનવ જન્મ સફળ કરે છે. જિન પૂજા–દાન–શીલ–તપ ભાવ ધર્મની આરાધના કરવી જોઈએ. મનુષ્ય ગતિમાં આરાધના થઈ શકે છે. કવિના શબ્દો છે.

માનવની ગતિ મલો રે, લીલા અપારો, શ્રીજિન
શાસન આદરો રે પાલૈ સંજમ ભાર,
પાલૈ સમકિતસ્યું વ્રત બાર, જાણી જીવાજીવ વિચાર,
પંચમી ગતિ પામી નિર્વાણ, કે માણ લહઈ અમર વિમાન
અંતે કવિના શબ્દો છે,
લીંબોકહી સાંભલો રે, અભય તણાં દાતારો રે,
સરણાઈ લુમ્હારીય આવીયો, સ્વામી જગદાધાર રે,
સ્વામી ધ્યાઉં શ્રી જિનચંદ ધ્યાન ધરંતા પરમાનંદ.
જેચ્છઈ, શાશ્વત સુખ અનંત લીંબોનૈ
આપઉ ભગવંત. જીરેજી. ।।૪૯।।

૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતા જીવાત્માના દુઃખોનું વર્ણન કરીને આત્મા સમકિતધારી બની વ્રત સ્વીકારીને કર્મ ખપાવી મોક્ષ સુખ પામે છે એવો સારભૂત વિચાર વ્યક્ત કર્યો છે. જિનવાણીનો સાર સર્વવિરતિ ધર્મની આરાધના અને તેનાથી મોક્ષ પ્રાપ્તિ એટલે કે જન્મ–જરા–મૃત્યુના ચક્રમાંથી સર્વથા મુક્તિ અને આત્માના શાશ્વત સુખની પ્રાપ્તિ.

કવિએ શિર્ષકમાં ચંદ્રાઉલાનો નિર્દેશ કર્યો છે પણ કાવ્યમાં કોઈ જગાએ આ શબ્દનો કે રચના સમયનો ઉલ્લેખ થયો નથી. સમયની મહત્તા દર્શાવતી આ રચના શિર્ષકની યથાર્થતા સૂચવે છે.

૨. કવિ સમય સુંદરે જિનચન્દ્રસૂરિ ચંદ્રાઉલા ગીતમ્‌ની ચાર કડીમાં રચના કરીને ખરતર ગચ્છના મહાન ગુરુદેવના આગમન અને તેનાથી સકળ સંઘમાં હર્ષોલ્લાસ પ્રગટ્યો છે તેનું વર્ણન કરીને ગુરુ મહિમા ગાયો છે. કવિએ ચંદ્રાઉલા શબ્દ પ્રયોગ કરતાં જણાવ્યું છે.

'એ ચંદ્રાઉલા ભાસ મઈ ગાઈ, પ્રીતિ સમયસુન્દર મનિ પાઈ।।
એ ચંદ્રા ઉલઉ ગાઈ, હજૂરઈ, તઉ યુ ઝુ આરી ફલઈ સવિ નૂરઈ.'
'એ ચંદ્રાઉલઉ સાંભલ ન્યોરી, હું બલિહારી પૂજ જી તોરી.'

ચંદ્રાઉલા દેશીમાં આ રચના દ્વારા ગુરુ મહિમા ગાવામાં આવ્યો છે અને 'ચંદ્રાઉલા'નો તેમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો છે.

૩. કવિ જયવંતસૂરિએ સીમંધર ચંદ્રાઉલાની રચના ૨૭ કડીમાં કરીને પરંપરાગત રીતે સીમંધર સ્વામીના ગુણ ગાવામાં આવ્યા છે. સીમંધર સ્વામીના સ્તવનમાં જે વિચારો પ્રગટ થાય છે તેનું જ અહીં નિરૂપણ થયું છે. નવીનતા એ છે કે કવિએ ચંદ્રાઉલા દેશીનો પ્રયોગ કર્યો છે.

કવિએ સીમંધર સ્વામીનો મહિમા ગાતાં જણાવ્યું છે કે,
તું ત્રિભુવન મનમોહન સ્વામી, વિજયવંત
પુષ્કલાવતી, ત્રિભુવન દીપઈ, કેવલ ન્યાનઈ
કુમત જ જીવઈ, વગેરે વિશેષણો દર્શાવીને ભગવાનને વિનંતી રૂપે ચંદ્રાઉલાની રચના કરી છે. ભરતક્ષેત્રથી ઘણે દૂર વસેલા આપનું વારંવાર સ્મરણ થાય છે.

કવિએ ભક્ત હૃદયના વિરહનું કરૂણ રસમાં ભાવવાહી નિરૂપણ કર્યું છે. સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે પણ ભરત-ક્ષેત્રના માનવીઓ ત્યાં પહોંચી શકતા નથી છતાં પ્રતિદિન એમનું સ્મરણ–ગુણગાન કરે છે. પ્રભુ દર્શન ક્યારે થશે તેની આકાંક્ષા રાખે છે. દૃષ્ટાંતરૂપ પંક્તિઓ નીચે પ્રમાણે છે.

અરતિ અભૂખ ઉનાગરઉ રે, આવરણઉ
નિશિ દી હો, અહવા તે દુરજન બોલડા રે,
તેઈ સંતાપ્યા નેહે, તઈ સંતાપ્યા ફિટિર
ઝૂરી ઝૂરી પંજર હુઈ દેહ, તુમ્હથી શીખ હવ નહીં
મુજ હુઈ, નેહન કીજઈ તાં સુખ તેહીઈ જી–જીવન।।૧૩।।
વેધ દાવાનળ લાઈ રહ્યા રે બલઈ હૈડ
એહવો ચવટાઈ મનમાં હેઈ રહું રે, કુણ
જાણઈ પર પીડ્યો, પરની પીડા થોડા જાણઈ
જેહ નઈ ભાર પડઈ, તે તાંણઈ, ધૂલિ
વરાંસ્યા, હઈડઈ આપી, નેહ વેલિ ધૂરથી
કાપી જી જીવન ।।૧૨।।
નેહ સંભારઈ દુઃખ દહઈરે, ગહિવર હુઈશરીરો
કાગલ શી પરિ મોક લઉ રે, કોઈ નહીં ગંભીરો
કોઈ નહીં ગંભીર જે સાથઈ, કાગલ પુહચઈ
તુમ્હા રઈ હાથઈ. ગુણ સંભારઈ હઈડઈ
ખીજઈ આંસુ નીરઈ કાગલ ભીંજઈ.
જી જીવનજી ।।૧૪।।

કાગલ કોના સાથે મોકલું! સંદેશો કોણ લઈ જાય? મારી વિરહ વેદના કેવી રીતે પ્રગટ કરું? હે પ્રભુ તમારા ગુણનું વર્ણન સાંભળીને આંખમાંથી આંસુ સરી પડે છે. આ તો પરદેશીની પ્રીત છે. દૈવ વૈરી થયો. મને પાંખ ન આપી. સગપણ થાય પછી સંબંધ જાહેર થયો એટલે તેને ઢાંકી શકાય નહિ. તમારા ગુણો અવર્ણનીય છે. ભક્ત પ્રભુનું સ્મરણ કરે છે તેનું વિવિધ ઉપમાઓ દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે.

હાથી સમરઈ વંઝનઈ (વિંધ્યાચલ) રે, ચાતક
સમરઈ મેહો, ચકવા સમરઈ સૂરજઈ રે,
પાવસિ પંથિ ગેહો, પાવસિ પંથ ગેહ સંભારઈ
ભમરૂ માલતી નવી વીસરઈ, થોડઈ

કહણિ ઘણઉ કરિ જાણ્યો. જીવન જી ।।૧૯।।

સીમંધર સ્વામીને વીનતીની અન્ય રચનાઓમાં પ્રભુ ગુણ ગાવાની ભક્તોની સમર્થતા નથી તેનું રૂપકાત્મક નિરૂપમ કરતાં કવિ જણાવે છે કે–

આભ મંડલ કાગલ કરૂં રે, સાયર જલ મષિ થાઈ
તજઉ તુમ્હ ગુણ સુર ગુરુ લિખઈ રે,
તુહઈ પાર ન આવઈ, ગુણ સંભારઈ
વિરહ સંતાવઈ. જી જીવન જી. ।। ૨૩ ।।

અંતમાં કવિના શબ્દો છે–

જયવંત સૂરિ વર વયણ રસાલાં,
ભગતઈ ગાઈ જિન ગુણ માલા.

સીમંધર સ્વામીની ભક્તિ કરવાથી અંતે શિવ રમણી પ્રાપ્ત કરશે એમ ફળશ્રુતિનો ઉલ્લેખ કર્યો છે.

આ ચંદ્રાઉલા સીમંધર સ્વામીના ગુણગાન સાથે ભક્તની સાચા હૃદયની પ્રભુભક્તિ અને વિરહની માહિતી પ્રાપ્ત થાય છે. રસ અને અલંકારની દૃષ્ટિએ પણ કવિત્વ શક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે.

૪. ૧૭મી સદીના કવિ જ્ઞાન સાગરે સં. ૧૬૫૫ જીર્ણગઢ (જૂનાગઢ)માં નેમિ ચંદ્રાવલા કૃતિની રચના ૧૪૪ કડીમાં કરી છે. આ કૃતિમાં નેમનાથ ભગવાનના ગુણ ગાવામાં આવ્યા છે. તેમાં ચંદ્રાવલા દેશીનો પ્રયોગ થયો છે એટલે કૃતિનું નામ નેમિ ચંદ્રાવલા નિર્ધારિત થયું છે. આરંભના શબ્દો છે.

સરસતિ ભગવતી મન ધરી રે, સમરી શ્રી ગુરુપાય
નેમકુમર ગુણ ગાયવા રે, મુજ મન ઉલટ થાય,
મુજ ઉલટ થાય અપાર, સ્તવસ્યું યાદવ કુલ સિણગાર,
બાવીસમા જિનવર બ્રહ્મચારી, જય જય નેમજી જગ હિતકારી
રાજીમતી ભરથાર વલી વલી વંદીયે રે,
રેવંત ગિરિ હિતકાર,
દેખ્યાં ચિત્ત આણંદી યે રે. રાજીમતી.

આ રચના અપ્રગટ છે. અત્રે તેની સંક્ષિપ્ત નોંધ આપી છે.

૫. શ્રી પાર્શ્વનાથજીના ચંદ્રાવલા કૃતિ શ્રી જૈન હિતેચ્છુ મંડળ ભાવનગરના એક સભ્ય દ્વારા સં. ૧૮૩૯માં પ્રકાશિત થયેલ છે. આ કૃતિની પ્રસ્તાવનામાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

અન્ય દર્શનીઓમાં વસંત ઋતુને વિશે ગાવાને માટે યુધ વિગેરે કર્મબંધનના હેતુરૂપ પાંડવવલા વગેરે ચંદ્રાવલા દૃશ્યમાન થાય છે. પરંતુ આપણા સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ તેવા ચંદ્રાવાગ બે-ત્રણ ઉપરાંત વિશેષ બનેલા જણાતા નથી. તેમાં વળી છપાયેલા તો બિલકુલ છે જ નહીં. તેથી એવી લખેલી પરતો સઘળાઓના ઉપયોગમાં આવી શકતી નથી. તેવી તરહની એક સાધારણ ખોટ પુરી પાડવાને અર્થે શ્રી જૈન જ્ઞાન હિતેચ્છુ મંડળના એક અલ્પમતિ સભાસદે સ્વશક્તિ અનુસાર શ્રી શ્રી પાર્શ્વજીના જન્મ ચરિત્રના વૃત્તાંત યુક્ત ચંદ્રાવલા બનાવેલા છે.'

પ્રસ્તાવનાને આધારે ચંદ્રાવલા રચનાનું પ્રયોજન જાણવા મળે છે. જૈન ધર્મમાં મિથ્યાત્વનો ત્યાગ કરવાનો ભગવંતનો સાચો ઉપદેશ છે. એટલે મિથ્યાત્વમાંથી બચીને સમકિતને શુદ્ધ કરવા–ટકાવી રાખવા માટે આ પ્રકારની રચનાનું પઠન–પાઠન–શ્રવણ ઉપકારી છે એમ સમજાય છે. આ રચના ચરિત્રાત્મક હોઈ તેની વિશેષ વિસ્તારથી નોંધ ન લખતાં કૃતિનો મિતાક્ષરી પરિચય આપવામાં આવ્યો છે.

કવિએ ચંદ્રાવલા દેશીનો પ્રયોગ કરીને પાંચ પ્રકરણમાં વિભાજન દ્વારા પાર્શ્વનાથ ભગવાનનાં પાંચ કલ્યાણકનું વર્ણન કર્યું છે. ચંદ્રાવલાના કર્તા વિશે કોઈ ઉલ્લેખ મળતો નથી પણ પ્રસ્તાવનામાં જે માહિતી છે તેનો પ્રથમ પ્રકરણના અંતમાં સંદર્ભ મળે છે.

*'હિતેચ્છુ નિત ધામે પરવરી એણી પરે*
*છપ્પન દિક કુમારી, ગુણ ગાવે પ્રભુ પાસ.'*

કવિએ વસ્તુ વિભાજન માટે પ્રકરણ શબ્દ પ્રયોગ કર્યો છે. અને અંતે દોહારાથી પછીના પ્રકરણની માહિતી આપી છે.

*બીજે સર્ગે એ કહ્યો, પાર્શ્વતણો અધિકાર*
*મન સ્થીર રાખી સાંભળો, છે બહુ વાત રસાળ.*

'સર્ગ' શબ્દ પ્રયોગ વિભાજનનું સૂચન કરે છે.

કવિએ મધ્યકાલીન કાવ્ય શૈલીનું અનુસરણ કરીને ચંદ્રાવલાની રચનાના આરંભમાં દેવ અને સરસ્વતીની સ્તુતિ કરીને વસ્તુ નિર્દેશ કર્યો છે.

*પ્રથમ નમી જીન રાજને, સમરી સારદ માય,*
*પભણું પાર્શ્વ જીણંદનું, જન્મચરિત્ર ઉછાંય ।।૧।।*

કવિએ ચંદ્રાવલાની ફળ શ્રુતિ વિશે નીચે પ્રમાણે જણાવ્યું છે.

એણીપરે પાર્શ્વતણા ગુણ ગાવે, હરખે ધરી મન માંહી.
શ્રવણે સુણલાં પાતીક નાસે સમકિત દીલ ઉછાંહિ.
સમકિત દીલ ઉછાંહિથી લેશે, આતમ તત્ત્વનો
અનુભવ થશે, અચળ સુખ અમર પદ પાવે
એણી પરે પાર્શ્વ તણા ગુણ ગાવે, હરખીથકી મનમાં હિ ।।૧૫૧।।
(પા. ૪૫)

પ્રથમ પ્રકરણમાં પ્રભુનો જન્મ, બીજા પ્રકરણમાં પ્રભુના જન્મ મહોત્સવની ઉજવણી, ત્રીજામાં પ્રભુનો દીક્ષા મહોત્સવ, ચોથામાં કેવળજ્ઞાન, પાંચમામાં નિર્વાણ કલ્યાણકની માહિતી દ્વારા પાર્શ્વનાથ ભગવાનના જીવન ચરિત્રનો પરિચય થાય છે. કૃતિ ચંદ્રાવલાની છે પણ તેનો અંતર આત્મા 'વધાવા' પંચ કલ્યાણક સ્તવનની સાથે સામ્ય ધરાવે છે. આજથી ૧૬૫ વર્ષ પૂર્વે ચંદ્રાવલા પ્રકારની કાવ્ય કૃતિ પ્રગટ થઈ છે. અન્ય ચંદ્રાવળા હસ્તપ્રતમાં સુરક્ષિત છે તેનો સમય ૧૭મી સદીનો છે એટલે ચંદ્રાવલા કાવ્યનો ૧૭મી સદીથી પ્રારંભ થયો છે. જૈન સાહિત્યના કાવ્ય પ્રકારોની વિવિધતામાં એક અભિનવ સ્વરૂપનો પરિચય ભક્તિ માર્ગની અને કાવ્ય સૃષ્ટિની અનોખી સફર કરાવે છે. ✷✷✷

૧૦૩-સી બિલ્ડિંગ, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૬ ૩૨૧.

# જયભિખ્ખુ જીવનધારા : ૫

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[મૂલ્યનિષ્ઠ સાહિત્યસર્જન કરનાર સર્જક 'જયભિખ્ખુ'ની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. સાહિત્યકારનું સર્જન આપણી પાસે હોય છે, પરંતુ સાહિત્યકારોના જીવનચરિત્ર બહુ ઓછાં મળે છે. આ છે સર્જક જયભિખ્ખુના બાળપણના પ્રસંગો આલેખતું એમની જીવનકથાનું આ પાંચમું પ્રકરણ.]*

## મહાન દેવતાની પધરામણી

જીવનના ઝંઝાવાતોમાં આમતેમ ફંગોળાતું બાળક ભીખા (જયભિખ્ખુનું હુલામણું નામ)નું મન સતત દ્વિધા અનુભવતું હતું. વારંવાર એ ઊંડા વિચારમાં ડૂબી જતો કે ચાર વર્ષની વયે માતાને ગુમાવનાર બાળકને ક્યારેય માતા સમા વાત્સલ્યની કોઈ મીઠી હૂંફ નહીં મળે? બાળક ભીખાને ક્યાંક હેતનો શીળો છાંયડો મળી જતો અને મમતાના વૃક્ષ નીચે નિરાંતે બેસીને સ્નેહભરી લહરીઓનો માંડ થોડો અનુભવ કરતો, ત્યાં તો જીવનમાં એવી અણધારી ઘટના બનતી કે હેતનું આખું વૃક્ષ જ બળીને ખાખ થઈ જતું. જે છાપરા નીચે આશરો મળ્યો હતો, તે આખુંય છાપરું એકાએક ઊડીને બાજુમાં પછડાતું. સુખની એવી છેતરામણી રમત હતી કે એનો હાથ પોતાના હાથમાં મેળવે, ત્યાં તો એ હાથ કોઈ ખૂંચવી લે અને દુઃખદ સ્મૃતિનો એક વધુ આઘાત હૈયામાં મૂકતું જાય. સુખની જરા તાળી વાગી, ત્યાં તો એ આખું સુખ જ છટકીને ક્યાંક દૂર દૂર અદૃશ્ય થઈ જાય.

બાળકનું મન વિચારના ચગડોળે ચડે છે કે આવું બનતું હશે કેમ? ગમતું રમકડું મળે અને થોડું રમે ત્યાં કોઈ ખૂંચવી લે તે કેવું? વિચાર કરે કે નસીબ જ એવું વક્ર છે કે સુખ સાથે સદાનું આડવેર છે. કયારેક એમ પણ લાગે કે આ દુનિયાના માનવીમાંથી હેતપ્રીત ઓછાં થઈ ગયાં છે. વિંછીયા અને બોટાદ થઈને બાળક ભીખો એના પિતા વીરચંદભાઈ પાસે વરસોડા આવે છે. સતત માનવીની માયા શોધનારા આ બાળકને જીવવા માટે કોઈ લાગણીના આશરાની જરૂર હતી. ઠેર ઠેર ભટકતા રહેલા આ બાળકને ક્યાંક ઠરીઠામ થવાની ઈચ્છા હતી.

માતાના વહાલને શોધતા બાળકને એક એવી માતા મળે છે કે જે અવસાન પામીને આકાશનો તારો બને નહીં અને ક્યારેય એને ત્યજી નહીં દે. પ્રકૃતિની ગોદમાં વસેલા વરસોડા ગામની ધરતીમાં બાળક ભીખાને માની હૂંફનો અનુભવ થયો વરસોડાની આખી પ્રકૃતિએ આ બાળકને આનંદસૃષ્ટિમાં ડુબાડી દીધો. માનવીની માયા ઝંખનારા બાળકને ભૂમિની માયા લાગી ગઈ. માનવીની માયામાં ભરતી–ઓટ આવે, માનવી પરગામ કે પરલોક પણ સિધાવે, જ્યારે આ ધરતી તો સદાકાળ એની સાથે રહે. એના હેતમાં ક્યાંય કશી ખોટ–ઊણપ જોવા ન મળે.

સાબરમતી નદીના કિનારાની ઊંચી ભેખડ પર વસેલું, વડ–જંગલોથી વીંટળાયેલું વરસોડા ગામ બાળક ભીખાનું અતિ વહાલું ગામ બની ગયું. એ ગામની પ્રત્યેક જગા સાથે એને અતૂટ ભાઈબંધી બંધાઈ ગઈ. એના મંદિરો એના આનંદસ્થાનો બન્યાં અને એની વાડી, કૂવા અને ભોંયરાં રોજના એના સાથી બન્યા. સવારથી સાંજ સુધી આ ગામ ભીખાને પોતાની ગોદમાં ખેલાવે. આ બાળક એના હેતનો એવો તો અનુભવ કરે કે જિંદગીના સઘળાં દુઃખો વીસરી જાય.

ગામના છેડે આવેલી શંકરની દેરી એ ભીખાની રોજની જગા. આ દેરી પાસે આવીને એ બેસે. એની માટીની ભેખડમાં ચડવાની અને કૂદવાની ભારે મજા આવે. એ દેરી પાસેથી કલકલ નાદે વહેતા ઝરણાનો અવાજ સાંભળે અને પછી એ ઝરણાની ધારે ધારે થોડો આગળ ચાલે અને એ ઝરણું સાબરમતી નદીને મળે તેના સંગમસ્થાનને નિહાળે. એ જ સાબરમતી નદીને કાંઠે આવેલા સંત ઋષિરાયજીએ બાંધેલી 'એકલસંગી' પાસે ઊભો રહે. આ એકલસંગી વાદળ સાથે વાતો કરતી લાગે. એની નીચે જલપ્રવાહ મીઠું-ધીમું ગુંજન કરીને ગાતો હોય, બાજુની ભેખડ પર નાના દેવવિમાન જેવું ધોળી ધજા ફરકાવતું મંદિર દેખાય. નાનાશા મારુતિ મંદિરની પાસે નાની ધર્મશાળા પણ હતી. સાબરમતીને કાંઠે આ બાળક ઘૂમવા નીકળે, ત્યારે શંકરની દેરી, મારુતિનું મંદિર અને સંત ઋષિરાયજીનો આશ્રમ એ એના રોજના સ્થળો બની ગયા.

આ બાળક શિવજીના દર્શન કરે, મારુતિને નમન કરે અને વળી કુલેશ્વરી માતાના ધામ પાસે જાય. ઘેઘૂર વડલાની છાંય નીચે ગામના પાદરે થઈને સ્ટેશન જતા રસ્તા પર આવેલા આ કલેસર (કુલેશ્વરી) માતાના દર્શનની બાળકને ભારે લગની. એના ઘેઘૂર વડલાના છાંયડે બેસે અને બાજુમાં વહેતી તળાવડીને નીરખે. શિયાળામાં અને ચોમાસામાં આ તળાવમાં પાણી હોય અને ઉનાળામાં એમાં કુંભાર ઈંટો પાડે. એક સરસ મજાનો બાગ માતાના ધામમાં રહેતાં એક મૈયાએ ઉગાડ્યો હતો. સાંજ પડે આ બાળક ત્યાં પહોંચી જાય. બાગમાં દોડે અને વડલા નીચે મંડળી જમાવે.

રોમાંચ અને રહસ્ય, ભાવ અને ભયના કેટલાં બધાં સ્થાનો એક જ ગામમાં હોય છે! આ ગામમાં આવેલું ભોંયરું અલ્લાઉદ્દીનની ગુફા જેવું લાગતું હતું. ગામમાં સહુ કોઈ કહેતા કે આ ભોંયરામાં

સાત ખંડ છે અને એના બીજા ત્રણ ખંડ ઊંડે જમીનમાં છે. વળી એ ખંડોમાં પણ સોનાની હિંડોળાખાટ અને પાતાળકૂવો છે. ભોંયરાની બહાર બેસીને ગોઠિયાઓ વિચારતા કે આ ભોંયરામાં તો કેટલું બધું હશે ? બાળકનું મન ઘણી કલ્પના કરતું. એક-બે વખત મીણબત્તી સળગાવીને ભીખા અને એના ભાઈબંધોએ એમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જેવા થોડાંક ડગ ભર્યા કે કાનકડિયાઓએ (એક જાતના ચામાચીડિયાઓએ) એકસામટી એવી ચિચિયારીઓ કરી કે બધા ભાગીને બહાર નીકળી ગયા.

કોઈએ કહ્યું, 'અરે, આ કાનકડિયા તો ભોંયરાના ચોકીદાર છે. આગળ વધશો તો નાક-કાન કરડી ખાશે.'

આ સાંભળ્યા પછી બાળક ભીખો અને એના ભાઈબંધો ભોંયરા આગળ એકઠા થતા. ભોંયરાના ભેદ વિશે કેટલીય અવનવી, વિચિત્ર કલ્પનાઓ કરતા, પરંતુ એમાં પગ મૂકવાની કોઈ હિંમત કરતા નહીં. જોકે થોડાં વર્ષો પછી કોઈએ બાળક ભીખાને કહ્યું, 'આ તો છપ્પનિયા દુકાળના કામે આવેલા મજૂરોએ માટી ખોદતાં આ રીતનું ઘર બનાવ્યું હતું. આને કારણે ઉનાળામાં એમાં થોડી ઠંડક રહેતી.' જોકે આવા ખુલાસાઓ બાળક ભીખાની કલ્પનાસૃષ્ટિને બહુ પસંદ પડ્યા નહોતા.

ગામના પ્રત્યેક કૂવાઓ સાથે કેટલીય કથાઓ વીંટળાયેલી હોય છે. દરેક કૂવાની ઓળખનું પોતીકું નામ હતું. ગામમાં આવો એક 'દેખતો કૂવો' હતો. એમ કહેવાતું કે એક વાર જીવાભાથી નામના રજપૂતનો આંધળો બળદ આ કૂવામાં પડી ગયો હતો. એ પછી મહામહેનતે એને બહાર કાઢવામાં આવ્યો અને એ દેખતો થઈ ગયો! એ દિવસથી આ કૂવો ગામમાં 'દેખતા કૂવા' તરીકે જાણીતો હતો.

વરસોડાનો બીજો કિયાડીનો કૂવો હતો. એનું પાણી લાવવું એ ભારે મહેનતનું કામ હતું. પાણી ભરનારીને અડધો માઈલ ચાલવું પડે અને પછી માથે બેડું લઈને ઊંચો ચડાવ ચડવો પડે. વળી આવું એક બેડું ન હોય, પણ બબ્બે બેડાં માથા પર હોય અને આવી રીતે ચાર-પાંચ વખત બેડાં સારી લાવવાના હોય. કિયાડીના કૂવાના નરવાં પાણી ઉપરાંત એનું મહત્ત્વ બીજી બાબત માટે હતું. એના જળે કેટલીય ગામડાંની નારીઓના આંસુ સમાવ્યાં હતાં. પંદર દિવસે કે મહિને એકાદ સ્ત્રી એમાં પડીને આત્મહત્યા કરતી હતી. આવું બને ત્યારે કૂવાની આસપાસ આખું ગામ એકઠું થતું હતું. મરનારી સ્ત્રી વિશે કંઈ કંઈ બોલાતું હતું. એના કુટુંબ વિશે કેટલીય વાતો થતી. એના આખા વંશને ઉકેલવામાં આવતો. કેટલાય આધારો અને કેટલીય અટકળો એક કાનેથી બીજે કાને પસાર થતી. સ્ત્રી પુત્રવિહોણી હોય કે સાસરિયાનો ત્રાસ હોય તો તે બાબતો ઓછી ચર્ચાતી, પરંતુ એ સિવાયનું કોઈ કારણ હોય તો આખા ગામમાં દિવસો સુધી એની વાતો લોકકંઠે ચાલતી. આવો બનાવ બન્યા પછી કિયાડીનું પાણી બે-ચાર દિવસ કોઈ પીતું નહીં, પરંતુ એ પછી તો એ જ ઘટમાળ ચાલુ થઈ જતી.

સ્ત્રીની આવી અવદશા જોઈને ભીખાના મન પર ગામડાં પ્રત્યેનો તિરસ્કાર જાગ્યો. એને થયું કે ગામડાની સ્ત્રીઓને કેટકેટલું સહેવું પડ્યું છે! પણ ત્યારે એને કોઈએ કહ્યું કે સ્ત્રી ગામડાંની હોય કે શહેરની હોય, બધી સ્ત્રીઓની દશા સરખી હોય છે. ગામડાની સ્ત્રી કૂવે પડે છે તો શહેરની સ્ત્રી 'પ્રાયમસના અકસ્માતે રાંધતાં દાઝી જતાં ગુજરી ગયા'ના બનાવ બનતા હોય છે. માત્ર રીતમાં ભેદ છે, આપઘાતના કારણ સમાન છે.

ભીખો અને તેના ભાઈબંધોને ખબર પડે કે આજે ગામના રાજા રસ્તા પરથી પસાર થવાના છે ત્યારે એમને માટે એ આશ્ચર્યની ઘટના બની રહેતી. ભીખાએ સાંભળ્યું હતું કે ગામના રાજા એ પાટણના જયશિખરી અને વનરાજ ચાવડાના સીધા વંશજ હતા આથી ભીખો રાજાને જોઈને એમનામાં જયશિખરીનાં પરાક્રમની કલ્પના કરતો. તેઓ જાણે જયશિખરીનો અવતાર હોય તેમ એમને જોઈને ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવતો હતો. રાજા બે ઘોડાની બગીમાં બેસીને બહાર ફરવા નીકળતા હતા. સુંદર મુગટ, કિનખાબના કેડિયા, કમર પર સોનાની તલવાર, ગળામાં મોતી-માણેકની માળા, કાનમાં હીરાની કડીઓ, પગે સોનાનો તોડો, હાથમાં સોનાની પોંચીઓ, સુંદર વાંકડિયાળી મૂછો અને રાજતેજથી ચમકતું પ્રભાવશાળી મુખ-આ બધું નિશાળિયા ભીખાને આશ્ચર્યમાં ડુબાડી દેતું હતું.

ભીખાની નિશાળમાં રાજકુમારી ભણતી હતી. અત્યંત રૂપવાન આ રાજકુમારી શીંગડાવાળા ઘેટાની ગાડીમાં બેસીને રોજ આવે અને નિશાળમાં અલાયદી જગાએ બેસીને ભણે. નિશાળિયા ભીખાને માટે તો આ બધી દેવમૂર્તિઓ હતી અને દૂર રહ્યે રહ્યે એનું દર્શન-પૂજન કરતો હતો.

એક દિવસ રાજા ખુદ દોડાદોડ કરતા નજરે પડ્યા. ગામને પાદર આંબલીઓમાં મોટા મોટા તંબૂ ખોડાવા લાગ્યા. લશ્કરના ઘોડાઓ હમચી ખૂંદતા આવી પહોંચ્યા. આખું ગામ જાણે ગાઢ નિદ્રામાંથી એકાએક સફાળું જાગતું હોય તેમ ધમધમી રહ્યું. નિશાળના માસ્તરો બાળકોને સંવાદ ગોખાવવા લાગ્યા. ગામમાં, ઘરમાં અને નિશાળમાં બધે સાફસૂફી થવા લાગી. નિશાળિયો ભીખો વિચારે કે ખુદ રાજા આટલી બધી દોડધામ કરે છે, તો આવનારી વ્યક્તિ કોણ હશે? એવું તે કોણ આવે છે કે આખું ગામ એના સ્વાગત માટે થનગને છે! ભીખાને તો હતું કે રાજાનો તે કંઈ રાજા ન હોય, પણ હવે એને લાગવા માંડ્યું કે જરૂર રાજાનો પણ કોઈ રાજા છે.

ચાર-છ ભાઈબંધોને લઈને ભીખો આંબલીઓની આસપાસ ફર્યા કરતો હતો. એવામાં વળી એક અણધારી ઘટના બની. વરસોડામાં મહાજનનું એવું જોર કે ખુદ રાજા પણ જીવહત્યા કરી શકે નહીં. આવે સમયે એક દિવસ બે-ત્રણ સવારો નજીકના ગામમાં

જઈ માછલાં અને માંસ લઈ આવ્યા. નિશાળિયાઓ વિચારવા લાગ્યા કે એવું તે કોણ આવે છે કે જેને માટે આટલી બધી છૂટ મુકાઈ હશે! ગામના પાદરે મોટો માંડવો ઊભો કરવામાં આવ્યો અને એના પ્રવેશદ્વાર પર સુંદર કોતરણી કરવામાં આવી. વળી દારૂખાનું પણ ફૂટવાનું હતું અને એ માટે સઘળી ગોઠવણ તૈયાર કરવામાં આવી.

નિશાળિયાઓ મહાન દેવતાની સવારીની રાહ જોઈને બેઠા હતા. ખરેખર એ ઘડી આવી પહોંચી અને એકાએક અનેક જાતના હથિયારોથી સજ્જ બે સવારો ઊંચા પહાડી અશ્વો દોડાવતા બાજુમાં હારબંધ ઊભેલી પ્રજા વચ્ચેથી પસાર થઈ ગયા. બધા આંખની કીકી સ્થિર રાખીને એને નિહાળી રહ્યા. એ પછી બે પાણીદાર ઘોડા પર ચડીને આવતાં ગોરા સ્ત્રીપુરુષ દેખાયાં. એક હતા પોલિટિકલ એજન્ટ અને બીજાં હતાં એમનાં મૅડમ. એમનો રુઆબ પણ અનેરો હતો. જાણે આખી પૃથ્વીનો વિજય કરીને આવતા ન હોય! ગામલોકોની નજર પોલિટિકલ સાહેબ કરતાં એમના 'મડમ' પર વિશેષ ગઈ. બધા ફાટી આંખે નિહાળી રહ્યા. અરે આ તે કેવું ? સ્ત્રી થઈને મરદનો પોષાક પહેરે છે, ઘોડા પર બેસે છે અને મરદની હારોહાર એની માફક ઘોડો ચલાવે છે.

નામદાર પોલિટિકલ એજન્ટને સહુ કોઈ નમી રહ્યા. ગામના શેઠ અને શાહુકાર, વેદ અને પુરાણી સહુ કોઈ એમને નમન કરતા હતા. અરે! ગામના રાજાએ ખુદ જ્યારે એમની અદબ કરી, ત્યારે તો આ નિશાળિયાઓની નજરમાં એ ગોરા સ્ત્રી-પુરુષ અલૌકિક પ્રતિભા બનીને મનમાં વસી ગયાં.

વરસોડાની ભૂમિના વાતાવરણ સાથે નિશાળિયા ભીખાનું મન ગૂંથાઈ ગયું. પોતાને પરદેશી માનતો ભીખો હવે દેશી બની ગયો.

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૬૭૫
મોબાઇલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ભક્ત ભાઈને મિઠાઈ અંદરથી લાવીને મ્હોંમાં મૂકી ખવડાવી ત્યારે એ મોંઘેરા મહેમાનઅંદર પધાર્યા!'

(૨)

૧૯૬૭ના ડિસેમ્બર અંતના દિવસોની વાત છે.

ત્યારે વિસનગર મહિલા આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ તરીકેના કાર્યકાળ વેળાએ અમે અન્ય સાથી–સહયોગ મેળવીને ઉત્તર ગુજરાતમાં ગોઠવાતી, વિદ્યાર્થી–શિબિર શ્રૃંખલામાં મુખ્યપણે અમારી કૉલેજ–છાત્રાઓને લક્ષ્યમાં રાખી વિમલાદીદીનો ત્રણ દિવસનો શિબિર–યોજેલો. તેમની અનુગ્રહ–સંમતિથી તેમનું અને તેમની સાથે પધારેલા ડૉ. પ્રેમલતા શર્માનું આતિથ્ય કરવાનો અમને લ્હાવો મળ્યો. શિબિરની બેઠકો ઉપરાંત અમારા નિવાસમાં જ અમ પરિવારજનો, નાની બાલિકાઓ ચિ. પારુલ–વંદના–ભવિતા અને સહધર્મિણી સુમિત્રાને તેમનો અલભ્ય લાભ મળે. રાત્રે સત્સંગ બેઠક અને પ્રાતઃકાળે મૌન ધ્યાન બેઠક જામે. આનંદની, અંતરાનંદની છોળો ઊડે...! દીદીના પ્રચંડ હાસ્યના ફુવારાઓ પણ છૂટે...!!

એક પરોઢની વાત છે.

આગલી રાતની સત્સંગ બેઠકને અંતે ડૉ. પ્રેમલતા શર્માએ કે જેઓ પંડિત ૐકારનાથ ઠાકુરના શિષ્યા અને બનારસ હિન્દુ યુનિવર્સટીની મ્યુઝિક ફેકલ્ટીના ડીન હતા, પં. ઓમકાર-નાથજીના પ્રિય ભજનો ભાવ વિભોર બની ગાઈ સંભળાવ્યાં હતાં. પંડિતજીએ વિમલાદીદીને પોતાના આત્મજા ગણીને તેમને ખૂબ વાત્સલ્ય આપ્યું હતું એ વાત પણ કરી હતી. એ દિવસોમાં પંડિતજી મુંબઈ બોમ્બે હૉસ્પિટલમાં બિમાર હતા. આ ભૂમિકા સાથે તે રાતે સૌ નિદ્રાધીન થયા હતાઃ પંડિતજીના 'જોગી મત જા!' ભજનના ભૈરવીના સ્વરોમાં રમતાં રમતાં.

પરોઢે દીદી વહેલાં તો ઊઠ્યાં જ હોય, પરંતુ તે પરોઢે તો બહુ જ વહેલા મધરાત પછી વહેલા–ઊઠીને પદ્માસન વાળી ધ્યાનમાં બેસી ગયા. મેં પણ તેમને જોતાં, તેમને વિક્ષેપ કર્યા વિના, તેમની સામે નીચે વિનમ્રપણે આસન જમાવ્યું અને તેમના મૌન–ધ્યાનની અંતર્યાત્રામાં જોડાવાનો પ્રયાસ આદર્યો. કલાકેક પછી જ્યારે દીદી લઘુશંકાર્થે જવા ઊઠ્યા ત્યારે તેમના વધુ વહેલા જાગી જવાનું સહેજે કારણ પૂછ્યુંઃ પુનઃ ધ્યાનમાં બેસતાં બેસતાં તેમણે મને એટલો જ ઉત્તર વાળ્યો કે, 'પંડિતજી–ઓમકારનાથજી મને તેમની છેલ્લી નૂતન સંગીત–રચનાઓ સંભળાવવા બોલાવી રહ્યાં છે'–અને તેઓ પુનઃ ધ્યાનસ્થ થઈ ગયાં–પંડિતજી સાથે તેમનો દૂરસ્થ અંતર–તાર જોડતા! માંદગીના બિછાનેથી મુંબઈથી તેઓ પોતાના આ વ્હાલાં આત્મજાને વાત્સલ્યભર્યું છેલ્લું દિવ્યસંગીત સંભળાવી રહ્યાં હતાં!! સાડા પાંચેક વાગે દીદીએ આંખો ખોલી આ ખુલાસો કરતાં કહ્યુંઃ 'પંડિતજીની મહાયાત્રા શરૂ થઈ ગઈ...તેમણે પોતાના પાર્થિવ દેહને છોડી દીધો!!!'

પુનઃ તેઓ મૌનમાં સંચરી ગયા. પ્રાતઃકાળ છ વાગ્યાના ઓલ ઇન્ડિયા રેડિયોએ સમાચાર પંડિતજીના દેહત્યાગના આપીને સાક્ષી આપી–દીદીના આ દૂરસ્થ દર્શન અને શ્રવણની–Clairvoyance & Mental Telepathyની! 'મત જા' ગાતો જોગી પોતે જ અગમ–જાત્રાએ નીકળી ચૂક્યો હતો...।। ૐ શાંતિઃ।।

બીજા દિવસે શિબિર બેઠકમાં પંડિતજીને શ્રદ્ધાંજલિ દીદીએ આપી અને પ્રેમલતાજીએ 'જોગી મત જા!' હૂબહૂ ઓમકારનાથજીના જ સ્વરોમાં ગાઈ સૌની અશ્રુધારા વહાવી દીધી.

(Voyage within Vimalajee' ની લેખકની કૃતિના આધારે) ✷✷✷

'જિન ભારતી', વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, 'પારૂલ', ૧૫૮૦, કુમારસ્વામી લેઆઉટ, બેંગ્લોર–૫૬૦ ૦૭૮.
ફોન:૦૮૦–૬૫૯૫૩૪૪૦.

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન–૬

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

## ષષ્ઠમ અધ્યાય : સંસ્કાર યોગ

'શ્રી જૈન મહાવીર ગીતા'માં છઠ્ઠો અધ્યાય 'સંસ્કાર યોગ' છે. સંસ્કાર યોગની શ્લોક સંખ્યા ૫૪ છે.

જીવનની સૌથી મોંઘી મૂડી સંસ્કાર છે. જગતના તમામ ધર્મો, તમામ દેશો, તમામ મનુષ્યો સંસ્કારની મહત્તા જાણે જ છે. સંસ્કાર વિનાના જીવનની કશી જ કિંમત નથી તે સૌ જાણે છે. બાળકના જન્મથી મૃત્યુ પર્યંત સંસ્કારનો સંબંધ જોડાયેલો રહે છે. જીવનની ધરતી પરથી ઉન્નતિના શિખર પર પહોંચવા માટે માનવી પાસે સંસ્કારનો પુલ–bridge જોઈએ.

સંસ્કારનું આટલું બધું મહત્ત્વ છે? એક પ્રસંગ ક્યાંક વાંચેલો કે એક દંપતીને કોઈ સંતાન નહોતું. એમણે ભગવાન શિવજીની ઉપાસના કરી. શિવજીએ પ્રસન્ન થઇને પૂછ્યું કે 'શું જોઇએ છે?' દંપતીએ સંતાન માટે પ્રાર્થના કરી. થોડીકવાર પછી શિવજી બોલ્યા કે 'તને પુત્ર તો થશે પણ તેનામાં દુનિયાના બધા જ અવળા સંસ્કાર હશે તો ચાલશે?' દંપતીએ મૂંઝવણ તો અનુભવી પણ પછી વિચારીને કહ્યું કે, 'પુત્ર તો જોઈએ જ છે માટે અમને આપો. એનામાં કુસંસ્કાર હશે તો તમે જેમ કહો તેમ પણ તેનામાં 'વિવેક' નામનો સંસ્કાર જરૂર મૂકજો, જેથી કોઈપણ ખોટું કામ કરતા તે ડરશે અને પછી તે ખોટું કામ નહિ કરે.' કથા તો ઘણી લાંબી છે પણ દંપતીએ વિવેક નામના એક જ સંસ્કારથી તે વ્યક્તિની જિંદગી ઉત્તમ બનાવી દીધી હતી તેમ કહેવાય છે. સંસ્કારનું આવું મહત્ત્વ છે. માતા–પિતા કે વિદ્યાગુરૂ કે ધર્મગુરુઓ પોતાની પાસે આશીર્વાદ માંગતા બાળકને 'સંસ્કારી બનજે' તેવા આશીર્વાદ આપે છે. વિદ્યાના સંસ્કાર, લગ્નના સંસ્કાર, ધર્મના સંસ્કાર વગેરે અનેકવિધ સંસ્કાર-પ્રકારથી જીવન સજ્જ કરવાનું હોય છે. નમ્રતા, સરળતા, ઉદારતા, ક્ષમા, વિનય, વિવેક–આ સંસ્કારરત્નો આપણને વિધ–વિધ સ્વરૂપે ધન્ય બનાવે છે.

સદ્‌ગુણ એ જીવનની આધ્યાત્મિક સંપત્તિ Spiritual Property છે, એ હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. કાર્લ માર્ક્સની આ વાત ગાંઠે બાંધવા જેવી છેઃ Our goal should be much not to have much. આપણું પોતાનું જીવનલક્ષ્ય પોતાના ભીતરને અંદરથી સમૃદ્ધ કરવાનું હોવું જોઈએ; બહારની સમૃદ્ધિના ઢગ ખડકવાનું નહિ. જીવનની મહાનતા સત્યનિષ્ઠામાં છે, આત્મસન્માનમાં છે.

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની એક અપ્રકટ ડાયરીનું પાનું અહીં ઉતારવાનું મન થાય છે. સર્વકાલીન સમાજમાં સૌને સદાય ઉપયોગી એવા ૨૭ નિયમોથી તેમણે પોતાના જીવનને સમૃદ્ધ કરેલું. આ માત્ર નિયમો છે કે જીવનના અલંકાર સમાન સુવર્ણના અલંકાર છે તે વિચારજો, તો સમજાશે કે જીવનને મહાન બનાવવા માટે પુરૂષાર્થ આમ કરાય :

૧. પ્રતિદિન દેવ ગુરુ વન્દનાદિ કાર્ય કરવું.
૨. આવશ્યક લૌકિક કાર્યોનો વિવેક કરવો.
૩. ગુરુએ જે પ્રમાણે આજ્ઞા ફરમાવી હોય તે પ્રમાણે વર્તવું અને ભવિષ્યમાં જે ફરમાવે એવા ભવિષ્ય માટે વર્તમાનમાં ફરમાવે તે પ્રમાણે વર્તવું.
૪. પ્રત્યેક મનુષ્યની સાથે સભ્યતાથી વર્તવું.
૫. કોઈ પણ સમયે ક્રોધ ન થાય અને સર્વ કાર્યો કરવામાં આવે તેનો અભ્યાસ સેવવો.
૬. રીસ/ક્રોધ ટાળવા માટે સદ્‌ગુરુનું સ્મરણ કર્યા કરવું.
૭. કોઈપણ મનુષ્યને હૃદયની વાતો પૂર્ણ પરિચયથી અનુભવ કર્યા વિના કહેવી નહિ.
૮. ગમે તેવા સમયમાં મગજની સમતોલતા જાળવવી અને સુખ–દુઃખના વખતમાં હર્ષ શોક વિના આત્માનન્દના ઉપયોગી થવું.
૯. ગૃહકલેશ–કુસંપ વગેરે જેમ ન પ્રકટે તેમ વર્તવું.
૧૦. ગમે તેવા પ્રસંગે હિંમત ધારણ કરવી અને ગભરાઈ જવું નહિ.
૧૧. મનમાં સર્વ સમજવું પણ મુખથી કોઈને ખાસ કારણ વિના ખોટો કહેવો નહિ.
૧૨. પ્રત્યેક મનુષ્યના હૃદયના આશયો સમજવા અને સમાગમમાં આવનાર કોઈ મનુષ્યથી છેતરાવું નહિ.
૧૩. કાર્ય કરતાં પહેલાં મુખથી વાચાળપણું બતાવવું નહિ.
૧૪. જેમ બને તેમ ખાસ ઉપયોગી કારણ વિના નકામું ખર્ચ કરવું નહિ.
૧૫. મુખ વગેરેની એવી ચેષ્ટા રાખવી કે જેથી કોઈપણ સુજ્ઞ મનુષ્ય પોતાનું દિલ જાણી શકે નહિ. (ખાસ પ્રસંગે)
૧૬. જેમ બને તેમ પ્રમાણિક વર્તનની છાપ અન્ય મનુષ્યો પર પડે એ રીતે વર્તવા અભ્યાસ વધારવો.
૧૭. મન, વચન, કાયાની શક્તિઓ ખીલે અને આધ્યાત્મિક જ્ઞાન ખીલે એવી રીતે વર્તવું.
૧૮. દરેક કાર્યમાં અપ્રમત્ત સાવધાન રહેવું, અને કોઈપણ કાર્ય કરવું તેમાં આત્મશક્તિનો પ્રથમથી નિર્ણય કરવો.
૧૯. કોઈના ભરમાવ્યાથી કુટુંબ કલેશ–ગૃહકલેશ વગેરે ન થાય એવો ઉપયોગ સદા રાખ્યા કરવો.
૨૦. સર્વત્ર પોતાના સહાયકો વધારવા અને સર્વ હિતેચ્છુ મનુષ્યોના ભલામાં ભાગ લેવો.
૨૧. દરરોજની પોતાની સ્થિતિ તપાસ્યા કરવી અને પોતાના સંબંધી સર્વ મનુષ્યોની બાહ્ય તથા આંતરિક સ્થિતિ તપાસ્યા કરવી.

૨૨. પ્રત્યેક મનુષ્યની સાથે સભ્યતાથી બોલવું પણ ઉપયોગથી બોલવું. પોતાના સમાગમમાં આવનારાથી પોતાને લાભ થાય અને પોતાનાથી અન્યોને લાભ થાય એવું ખાસ લક્ષ્યમાં રાખવું.

૨૩. ગંભીર રહેવું પણ મૂંગા રહેવું નહિ. પોતાની શક્તિ વધે છે કે ઘટે છે તેની આલોચના કરવી.

૨૪. શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ, સદાચાર ઈત્યાદિ ગુણો ખીલવવા માટે કાળજી રાખવી.

૨૫. પરસ્ત્રી આદિ વ્યસનનો ત્યાગ કરવો. નિંદા બને ત્યાં સુધી કોઈની ન કરવી પણ નિંદકો/દ્વેષીઓથી સદા સાવધાન રહેવું.

૨૬. ગુરુને જ્યારે બને ત્યારે વન્દન કરવા જવું અને એમના કહ્યા પ્રમાણે આત્મગુણો ખીલવવા પ્રયત્ન કરવો.

૨૭. દરરોજ કોઈક નવું અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવું.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સં. ૧૯૭૨ની અપ્રકટ ડાયરીનું મહા સુદિ ૨ના લખેલું આ પાનું છે. એમ નથી લાગતું કે આ સર્વકાલીન સંસ્કારની કિંમતી સુવર્ણમુદ્રાઓ છે?

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'સંસ્કારયોગ'નો પ્રારંભ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આમ કરે છેઃ

मनोवाक्काय येदेन् संस्कारास्त्रिविधा स्मृताः।
पुनस्ते कार्ययोगेन बहुधा वर्णिता मया।।
संस्काराज्जायते शुद्धिः शक्तिः संजायते ततः।
शक्त्या कार्माणि सिद्धन्ति बीजादिवाङ्कुराददः।।
सर्वजातीय संस्कारा विद्यादिशक्ति दायकाः।
कर्तव्या मंत्रयोगेन जैनानां प्रगतिप्रदाः।।

(સંસ્કારયોગ, શ્લોક ૧,૨,૩)

અહીં પણ પૂર્વવત્ સમજવાનું છે કે શ્રી ગૌતમસ્વામી વગેરેના પૂછવાથી શ્રી મહાવીર સ્વામી બોલ્યા કે,

**'મન, વચન અને કર્મના ભેદથી સંસ્કાર ત્રણ પ્રકારના છે.જુદા જુદા કાર્યયોગને કારણે તેના ઘણાં પ્રકાર થાય છે.'**

**'જેમ બીજમાંથી અંકુર વગેરે થાય છે તેમ સંસ્કાર વડે શુદ્ધિ, શુદ્ધિ વડે શક્તિ, અને શક્તિ વડે કાર્યસિદ્ધિ થાય છે.'**

**'સર્વ જાતિના સંસ્કારો વિદ્યા વગેરે શક્તિ આપે છે. મંત્ર યોગ વડે તે બધા જૈનોની પ્રગતિ કરનારા છે.'**

આખું કથન સ્પષ્ટ છે કે પ્રારંભથી સંસ્કારના મંડાણ કરવા જોઈએ તથા મન, વચન, કાયાના સહયોગથી સાંસ્કારિક વિકાસ કરવો જોઈએ. સંસ્કાર જ એક એવી અમૂલ્ય સંપત્તિ છે કે જે નિશદિન અને નિરંતર સાથે જ રહે છે. વિદ્યાની પ્રાપ્તિ, કાર્યકુશળતા, દયાવાન બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ, ધર્મભાવના, આત્મકલ્યાણ માટેનો પ્રયત્ન ઈત્યાદિ સદ્‌ગુણોથી જીવન મઢવું પડે. ગમે તેવા ક્રૂરને પણ છેવટ દયાના શરણે જવું તો પડે જ, ગમે તેવા વ્યસનીને પણ છેવટ ત્યાગના શરણે જવું તો પડે જ, ગમે તેવા શ્રીમંતને પણ છેવટ નિર્ધન સાધુના શરણે જવું તો પડે જ, ગમે તેવા માયાવીને પણ છેવટ પ્રભુનું શરણ લેવું તો પડે જ – આ સંસ્કારની સિદ્ધિ છે; સંસ્કારની યશોકથા અસીમ છે, અમર છે.

સંસ્કારની જાળવણી અને સંસ્કારી જીવન એ દૈનંદિન સાધના છે. અભિમાનમાં જીવનારા, વ્યસનોમાં મસ્ત રહેનારા, અજ્ઞાનમાં જીવનારા, વાતોના તડાકામાં સમય પસાર કરનારા, બીજાને છેતરીને સુખી થવાના સપના જોનારાની આ ધરતી પર કોઈ કિંમત નથી : એવા તો અસંખ્ય આવ્યા ને ભૂલાઈ પણ ગયા. ઉચ્ચ આદર્શ સાથે જ પ્રગતિ થાય છે. 'સંસ્કાર યોગ'માં કહે છેઃ **'સંસ્કારયુક્ત સંસ્કૃતિને છોડી દેનાર મારો ભક્ત નથી, અશુદ્ધ હૃદયવાળો અને (સંસ્કારથી) ખાલી સ્વર્ગની સિદ્ધિ પામતો નથી.'**

(સંસ્કાર યોગ, શ્લોક ૬)

ધાર્મિક વ્યક્તિ, ધાર્મિક જીવન, ધાર્મિક પરંપરા સમાજ, દેશ, રાષ્ટ્રની મહામૂલી મૂડી છે. આપણી લોકશ્રદ્ધા એવી છે કે એકાદ પુણ્યશાળી વ્યક્તિથી પણ સૌનું રક્ષણ થાય છે. આગમસૂત્રોમાં આવો ઉલ્લેખ પણ મળે છે. 'કલ્પસૂત્ર'માં કથા મળે છે કે કેવળજ્ઞાન પામતા પહેલા શ્રી વર્ધમાન સ્વામી નૌકામાં નદી પાર કરતા હતા ત્યારે નાવિકે સૌને કહ્યું કે 'નદીમાં તોફાન મચ્યું છે પણ આ તપસ્વીના પુણ્યપ્રભાવથી સૌની રક્ષા થશે.' એમ જ થયું. સંસ્કારની સુગંધ ક્યાંય છૂપી રહેતી નથી. સંસ્કારથી જીવન અને સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ થાય છે, ઉત્થાન થાય છે, રક્ષણ થાય છે. એ માટે જ સંસ્કારનું પ્રયોજન છે. 'સંસ્કાર યોગ'માં વાંચો : **'સર્વ જાતિના જૈનોનો ઉદ્ધાર નિજકર્મો વડે થાય છે. જેનાથી પ્રગતિ થાય તેવા સંસ્કાર કેળવવા જોઈએ. વિશ્વ અને સમાજની શાંતિ માટે અને રક્ષણ માટે વિવેકી લોકોએ સર્વત્ર અને વિદ્યાના સંસ્કાર કેળવવા જોઈએ. ધર્મયુક્ત સંસ્કાર વિશ્વને શાંતિ આપે છે. અધર્મનો નાશ કરવા માટે સંસ્કારનું પ્રયોજન છે.' (સંસ્કાર યોગ, શ્લોક ૧૦,૧૧,૧૨).**

જગતભરમાં અનેક ઘટનાઓ નિહાળવા મળે છે કે વ્યક્તિત્વનો વિકાસ/નિખાર થતાં પૂર્વે વ્યક્તિ આકરી કસોટીમાંથી પસાર થઈને, કહો કે કસોટીની અગ્નિમાંથી પસાર થઈને બહાર નીકળી હોય અને મહાન બની હોયઃ પણ એ આકરી તાવણીમાંથી શુદ્ધ કાંચન જેવું જીવન એ વ્યક્તિનો તો ઉદ્ધાર કરે જ છે પણ સૌને માટે પણ અચૂક પ્રેરક બની રહે છે. કુસંસ્કારમાંથી છૂટેલો માણસ કેટલો બધો સુખી છે તે તો ખુદ જ કહી શકે! સંસ્કારી વ્યક્તિ જ કહી શકે કે સારા સંસ્કારના કારણે તેને શું શું મળ્યું છે! એક બાળક પ્રભુની તસ્વીર સન્મુખ હાથ જોડીને કંઈક ગણગણતો હતો. કોઈએ પૂછ્યું કે 'શું કરે છે?' બાળક કહેઃ 'પ્રભુને વિનંતી કરું છું કે સારું કરજો.' પૂછનારે કહ્યું કે, 'ખરેખર એવું થશે?' બાળકનો જવાબ જુઓઃ 'મમ્મી કહેતી હતી કે, પ્રભુ સારું કરશે પણ આપણે પ્રાર્થના કરીએ એટલે આપણાંથી ખરાબ કામ થતાં અટકે છે. એટલે પ્રભુએ સારું કર્યું જ કહેવાય.' પૂછનાર ચૂપ થઈ ગયો. આનું નામ સંસ્કાર!

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

**'આચાર અને વિચારની સારા સંસ્કારની પરંપરા શક્તિવર્ધક છે.**

**તેને દેશ અને કાળ અનુસાર સુસંસ્કૃત કરવી જોઈએ.'** (ગાથા, ૮)

**'મારામાં એકાગ્ર ચિત્તવાળા લોકોના સંતાનો ધાર્મિક, તેજસ્વી અને સદાચારી થાય છે.'** (ગાથા, ૨૩)

**'ત્યાગીઓએ પોતાના અધિકારથી યોગ્ય સંસ્કાર સેવવા જોઈએ અને સુસંસ્કારોના રહસ્યને જાણવું જોઈએ.'** (ગાથા, ૨૫)

**'દુર્ગુણોનો ત્યાગ એજ ગુણ સંસ્કાર કહેવાય છે. ક્ષાત્ર વગેરેએ બળના સંસ્કાર કેળવવા જોઈએ. (શક્તિમાન બનવું જોઈએ) તે વિશ્વના રક્ષક છે.'** (ગાથા, ૨૮)

**'અન્ય ધર્મીઓ પાસેથી પણ વિશેષ શક્તિ આપનારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનારા સંસ્કાર પ્રાપ્ત કરવા જોઈએ.'** (ગાથા, ૩૫)

**'જે શ્રેષ્ઠ માર્ગો વર્તમાનમાં ઉદ્ભવેલા હોય, સર્વ શક્તિ આપનારા હોય, અને શક્તિ સ્વરૂપ હોય તેને (પણ) સંસ્કાર ગણવા જોઈએ.'** (ગાથા, ૪૦)

**'ત્યાગીજનોના સર્વ સંસ્કાર પ્રત્યક્ષ શક્તિવર્ધક હોય છે. વિવેકપૂર્વક તેમનો ઉપયોગ આચાર અને વિચારમાં કરવો જોઈએ.'** (ગાથા, ૪૧)

**'નવી શક્તિની પ્રવૃત્તિમાં કદી આગ્રહ કરવો નહિ, સર્વકર્મના સંસ્કારો દેશ અને કાળની રીતે સાપેક્ષ હોય છે.'** (ગાથા, ૪૫)

**'જેના વડે ગુરુ અને શિષ્યોની વચ્ચે પૂર્ણ પ્રેમયુક્ત એવા સંબંધો થાય તેવા મંત્રની ભાવનાવાળા સંસ્કારો યોગ્ય છે.'** (ગાથા, ૪૭)

**'જે સંસ્કારો અધર્મનો નાશ કરે, યુગે યુગે મહાશક્તિ આપે તથા ધર્મની વૃદ્ધિ કરે તેના સંસ્કારો ઉત્તમ છે.'** (ગાથા, ૪૯)

**'જે જૈનો શક્તિ અને સંસ્કાર વિહીન છે તે માત્ર નામથી જ જૈન છે. તેઓ મૂઢ છે અને પરતંત્રના વાહક છે અને નાશ પામે છે.'** (ગાથા, ૫૨)

સંસ્કારની સતત પ્રેરણા આપતા આ અધ્યાયમાં પરંપરા જાળવવાની, ક્રાંતિના પંથને અનુસરવાની, નવીન શક્તિને પરખવાની અને અપનાવવાની તથા જીવનને સંસ્કારી રાખીને ઉદય પ્રાપ્ત કરવાની દૃઢ પ્રેરણા પ્રાપ્ત થાય છે. સમ્યક્ ભાવના સાથે અપાતો બોધ હદયંગમ છે. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ,
C/o. અનંત ચશ્માઘર, મનીષ હોલ પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૮–૨૦૦૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૦૭–૦૩–૨૦૦૯ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા શુક્રવાર તા.૧૦-૦૪-૨૦૦૯ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે **મળી હતી.** જેમાં સને ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

## હોદ્દેદારો

**પ્રમુખ:**
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

**ઉપપ્રમુખ:**
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

**મંત્રીઓ:**
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

**સહમંત્રી :**
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ

**કોષાધ્યક્ષ :**
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

## સમિતી સભ્યો

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા

## કો–ઓપ્ટ સભ્યો

શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા

## નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
શ્રી માણેકલાલ એમ. સંગોઈ
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ કોઠારી
શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા
શ્રી ઉમેશભાઈ ગાલા
શ્રીમતી નીનાબહેન ગાલા
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ

# સર્જન સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **કર્મનો સિદ્ધાંત**
**લેખક : હીરાભાઈ ઠક્કર**
**પ્રકાશકો : પંકજભાઈ એ. ભટ્ટ, વિનોદ જે. વસા, ભોગીલાલ પી. મહેતા**
મૂલ્ય-અમૂલ્ય, પાના : ૧૦૫, આવૃત્તિ-૧.

શ્રીમદ્ ભગવદ્ગીતા પર અનેક પુસ્તકો લખાયા છે. ગીતા મુખ્યત્વે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિ યોગની ફિલસૂફી બતાવતો ગ્રંથ છે. જે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, કન્નડ, તેલુગુ, સિંધી વગરે ભાષામાં પ્રકાશિત થયેલ છે.

કર્મના સિદ્ધાંત મુજબ આ જન્મમાં નથી મળ્યા તેવા અસંખ્ય કર્મોનું ફળ ભોગવવા બીજો જન્મ લેવો પડે છે. કર્મફળ ભોગવવા વારંવાર જન્મ લેવો પડે છે અને બધાં કર્મો ભોગવાઈ જાય પછી બીજો જન્મ લેવો પડતો નથી. બધાં કર્મો કરવા છતાં કર્મથી બંધાયા વિના ફળથી કેવી રીતે બચી શકાય તે લેખકે અહીં સમજાવ્યું છે. કર્મના સિદ્ધાંતમાંથી પુનર્જન્મ કઈ રીતે નિવારી શકાય તે લેખકે ખૂબ જ સરળતાથી સમજાવ્યું છે.

લેખક હીરાભાઈ ઠક્કરે નિવૃત્ત થયા પછી ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ભારત, દક્ષિણ ભારત, લંડન, સાઉથ આફ્રિકા તથા મોરેશિયસ પ્રવચનો આપ્યા છે. તેઓ માને છે કે–

પુસ્તક વાંચો અન્યને વંચાવો વેચશો નહીં.

શ્રી હીરાભાઈએ આ પુસ્તક વિના મૂલ્યે સમાજમાં વહેંચવું હોય તો છાપવાની મંજૂરી આપેલ છે.

xxx

પુસ્તકનું નામ :
**જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો: સ્વરૂપ અને સમીક્ષા**
**લેખક : ડૉ. કવિન શાહ**
**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રુતનિધિ**
૩૦૩, વાલેશ્વર સ્ક્વેર, ઈસ્કોન મંદિર,
સરખેજ, ગાંધીનગર હાઈવે, અમદાવાદ.
મૂલ્ય–રૂા. ૪૦૦/–, પાના : ૩૭૨, આવૃત્તિ-૧ સંવત–૨૦૬૪.

સંશોધનાત્મક, તલસ્પર્શી અને ઉત્તમ સાહિત્ય સર્જન જ્યારે બહુ ઓછા પ્રમાણમાં થતું જોવા મળે છે તેવા સમયમાં જૈન સાહિત્યના વિદ્વાન અને સંશોધક ડૉ. કવિન શાહનો આ ગ્રંથ જૈન સાહિત્યના કાવ્ય પ્રકારો પરની વિવિધ માહિતી પૂરી પાડે તેવો છે.

શ્રી અગરચંદજી નહાટા (બિકાનેરવાસી) 'જૈન કાવ્યોકી રૂપ પરંપરા' પુસ્તક પ્રગટ કર્યું છે. તેમાં સ્વરૂપ લક્ષી ૧૫ કાવ્ય પ્રકારોની માહિતી ઉપલબ્ધ થાય છે. નહાટાજીએ એમના પુસ્તકમાં નાના મોટા ૧૧૭ કાવ્યપ્રકારોની સૂચિ આપી છે. અને તેમાંના ૮૦ કાવ્ય પ્રકારોની માહિતી દર્શાવી છે; ડૉ. કવિન શાહે મુખ્યત્વે બે પ્રકારમાં સમગ્ર કાવ્ય પ્રકારોનું વિભાજન કર્યું છે. સ્વરૂપલક્ષી અને વસ્તુલક્ષી કાવ્ય પ્રકારો. સ્વરૂપલક્ષી કાવ્ય પ્રકારોમાં દરેક કાવ્ય પ્રકારના વિશિષ્ટ લક્ષણો છે. વસ્તુલક્ષી કાવ્ય પ્રકારોમાં–ભક્તિ પ્રધાન, ઉપદેશાત્મક, જ્ઞાનાત્મક, છંદમૂલક અને સંખ્યામૂલક એમ ચાર વિભાગ કરવામાં આવ્યા છે. આ બધા પ્રકારો જૈન સાહિત્યમાં લોકપ્રિય છે.

લોકોની રુચિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તેમાં પણ કાવ્યરુચિવાળા ભક્તો ઓછા હોય છે. છતાં કાવ્ય પ્રકારોનું જ્ઞાન પ્રાપ્ત થાય તો રુચિનો વિકાસ થાય.

કાવ્ય પ્રકારો ઉપરાંત જૈન સાહિત્યમાં સંશોધન કરવા લાયક વિષયોની સૂચિ આપવામાં આવી છે. વિદ્વાનો, જ્ઞાનમાર્ગના ભક્તો અને સાહિત્ય પ્રેમી વર્ગને આ સૂચિ ઉપયોગી થાય તેવી છે. આ એક વિશિષ્ટ સાહિત્ય ગ્રંથ છે. જે દરેક પુસ્તકાલય તથા સંશોધન કરનાર પીએચ.ડી.ના અભ્યાસીઓ તથા વિદ્વાનોએ વસાવવા જેવો ગ્રંથ છે.

xxx

ગ્રંથનું નામ : **હૃદય નયન નિહાળે જગધણી ભાગ–૧–૨–૩**
**(આનંદઘન સ્તવન ચોવીશી વિવરણ)**
**સ્તવન રચયિતા : યોગીરાજ શ્રી આનંદઘનજી**
**વિવરણકર્તા : પં. પ્ર. મુક્તિદર્શન વિજયજી**
**સંયોજક સંગ્રાહક**–સૂર્યવદન ઠાકોરદાસ જવેરી
**પ્રકાશક : શ્રી માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ, માટુંગા**
**પ્રાપ્તિસ્થાન :**
**(૧) સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**
૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન,
મલાડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૪.
**(૨) લાવણ્યશ્રીજી જૈન ઉપાશ્રય**
૦૦૩, સૃષ્ટિ, એપાર્ટમેન્ટ,
સંજીવની હૉસ્પિટલ પાસે, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.
મૂલ્ય–રૂા. ૪૦૦/– (ત્રણ પુસ્તકના સેટની કિંમત), પાના–૧૨૮૦, આવૃત્તિ–૧ ઈ. સ. ૨૦૦૮.

પૂ. યોગીરાજ આનંદઘનજીએ પોતાની સ્તવન ચોવીશીમાં અધ્યાત્મ રસને ઘૂંટી ઘૂંટીને પીધો છે અને જગતને અધ્યાત્મરસનું પાન કરાવ્યું છે. આ મહાપુરુષના હૃદયમાં રહેલા ગંભીર ભાવોને ખોલવા અતિ કઠિન છે. પ. પૂ. આ. વિજયઘોષ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય આજ્ઞાવર્તી, શાંત અને સરળ સ્વભાવી પં. મુક્તિદર્શન વિજયજીએ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનો દ્વારા ગહન પદાર્થોને સરળ શૈલીમાં મૂકી અધ્યાત્મરસનું પાન કરાવ્યું છે.

આનંદઘન ચોવીશી ઉપર તેમણે લખેલા વિવેચન-'હૃદય નયન નિહાળે જગધણી ભાગ–૧–૨–૩ લોકોના જીવનમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે દીવાદાંડી સમાન બની રહેશે.

આ ગ્રંથ સાધક, સાધન, સાધ્યનું સ્વરૂપ સ્પષ્ટ બતાવનાર હોઈ તે અમૂલ્ય બને છે. અધ્યાત્મથી તરબતર આ ગ્રંથનું પરિશીલન આપણને ઉત્તરોત્તર વિશુદ્ધ ભૂમિકાએ પહોંચાડવા સક્ષમ છે.

ભૌતિકવાદની બોલબાલાથી દૂષિત થયેલા આ પંચમ કાળમાં અધ્યાત્મના અજવાળા કરવા એ સહરાના રણમાં ખેતી કરવા જેવું કઠિન કામ છે; પણ અધ્યાત્મના વિષયમાં સુજ્ઞ એવા પૂજ્યશ્રીએ કાર્ય ખંત અને ઉલ્લાસથી, ઊંડાણ અને અંતરથી આલ્હાદક રીતે પાર પાડીને જૈન જગતમાં એક નવા જ પ્રકારની કેડી કંડારી છે. આ વિષયના વિવેચનોમાં પૂજ્યશ્રીએ કરેલ આ વિવેચન જૈન જગતમાં તેમ જ ચોવીશી સાહિત્યમાં અનેરી ભાત પાડે તેમ છે. આ સ્તવનોમાં પૂજ્યશ્રીએ આનંદઘનજીના ભાવોને જાણ્યા અને માણ્યા છે. તેને પામવા મથામણ કરી છે, એ તેમના સ્વાધ્યાય અને સાધનાની સિદ્ધિ છે.

જૈન શ્વેતાંબર આમ્નાયમાં એક નવી જ ભાત ઉપસાવનાર આ મહાકાય, વિશાળ, દળદાર ઉત્તમ ગ્રંથ ગૌરવવંતો અને પરમ પદના પંથે પ્રયાણ કરવામાં દીવાદાંડી સમાન નીવડે તેવો છે.

xxx

પુસ્તકનું નામ :
**Jainism-The Cosmic Vision**
**લેખક : કુમારપાળ દેસાઈ**
**પ્રકાશકો :** મહાવીર ફાઉન્ડેશન,
૧૧, લિન્ડસે ડ્રાઈવ, કેન્ટોન, લંડન, યુ. કે.
**પ્રાપ્તિસ્થાન :** (૧) ગુર્જર એજન્સીસ, રતનપોળ નાકાની સામે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.
(૨) નવભારત સાહિત્યમંદિર, ૧૩૪, પ્રિન્સેસ

સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. પાના : ૨૫૮, આવૃત્તિ-૧. જૂન-૨૦૦૮.

જૈન ધર્મ અને સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી કુમારપાળ દેસાઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશ-વિદેશમાં જૈનદર્શન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યના વિષયો પર તેમની મધુર વાણીમાં વ્યાખ્યાનો આપી પરદેશમાં વસતા જૈન અને જૈનેતરોમાં રહેલી જૈન ધર્મ પ્રત્યેની જિજ્ઞાસાને સંતોષે છે. જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં કુમારપાળ દેસાઈનું નોંધપાત્ર વિશિષ્ટ યોગદાન રહ્યું છે.

અંગ્રેજી ભાષામાં જૈનઝમ-'ધ કોસ્મિક વિઝન' જૈન ધર્મ-વૈશ્વિક દર્શન-પુસ્તકમાં લેખકની વિશાળ દૃષ્ટિની પ્રતીતિ થાય છે અને સાથે સાથે જૈન ધર્મના વિવિધ પાસાઓનું વિશ્લેષણ અને માહિતી અંગ્રેજી ભાષામાં પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકને લેખકે ૧૬પ્રકરણમાં વિભાજિત કરી જૈન ધર્મની પ્રાચીનતા, જીવદયા, પ્રભુ મહાવીરનો સંદેશ, ક્ષમાપના, અહિંસા, જીવન જીવવાની કળા, જૈનધર્મમાં સ્ત્રીઓનું પ્રદાન, અંતિમ સદીમાં જૈન ધર્મની પ્રવૃત્તિઓ વગેરે લેખો દ્વારા લેખક માનવીને આધ્યાત્મિક, નૈતિક અને પર્યાવરણીય પ્રકૃતિ દ્વારા જીવન જીવવાની રીતિનો માર્ગ દર્શાવે છે. તો સાથે સાથે ગ્લોબલાઈઝેશનનો સામનો જૈન ધર્મની દૃષ્ટિએ કેવી રીતે કરવો તે સમજાવી 'જીવો અને જીવવા દો'નો સંદેશો આપે છે.

આ પુસ્તક કુમારપાળ દેસાઈના જૈન ધર્મના વિશાળ વાંચન અને ગહન ચિંતનની પ્રતીતિ કરાવે છે.

અંગ્રેજીમાં ભણતા દેશ-પરદેશમાં વસતા વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓ સર્વને જૈન ધર્મ સમજવા માટે અતિ મહત્ત્વનું આ પુસ્તક છે.

XXX

પુસ્તકનું નામ :

**Ahimsa From Mahavir to Mahatma**

**લેખક : ડૉ. ગીતા મહેતા (એમ.એ., ડી.એસ., પીએચ.ડી.)**

**પ્રકાશક :** ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિ ન્યુ દિલ્હી.

મૂલ્ય-રૂા. ૨૨૫/-, પાના : ૨૦૦, આવૃત્તિ-૧ સંવત-૨૦૦૮.

તીર્થપતિ પ્રભુ મહાવીરે જૈન ધર્મના પાંચ વ્રતો પ્રરૂપ્યા છે, સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ સિદ્ધાંતોને જીવનમાં ઉતાર્યા અને જીવ્યા. તે ઉપરાંત ભારતની અંગ્રેજો સામેની સ્વતંત્રતાની લડતમાં અહિંસાને શસ્ત્ર બનાવી સમગ્ર વિશ્વને અહિંસાની શક્તિની પ્રતીતિ કરાવી.

ગાંધીવાદી વિચારસરણી ધરાવનારા અને વર્ષો સુધી વિનોબાજીની ભૂદાનની લડતમાં સહયોગ આપનારા ડૉ. ગીતાબેન મહેતાએ 'મહાવીર ટુ મહાત્મા' નામના ગ્રંથમાં અહિંસાની વિભાવના સુંદર રીતે સમજાવી છે.

દસ પ્રકરણમાં વિભાજિત આ ગ્રંથના પ્રથમ ચાર પ્રકરણમાં અહિંસાના વિવિધ અર્થો આપી વિવિધ દર્શનો જેવાં કે વૈદિક, જૈન, બૌદ્ધ, પુરાણ વગેરેના સંદર્ભમાં અહિંસાની વિભાવના સદૃષ્ટાંત આલેખી છે. અને ત્યારબાદ ભારતના સંતો તથાગત બુદ્ધ, તિરુવલ્લવર, નામદેવ, તુકારામ, રામાનંદ, કબીર, નાનક, તુલસીદાસ અને નરસિંહ મહેતા તથા શીખપત્રી વગેરેના દૃષ્ટાંતો દ્વારા અહિંસાની વિભાવનાની પરિપૂર્તિ કરી છે.

ભારતમાં સામાજિક સુધારાના માધ્યમ તરીકે અહિંસા અને રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર વગેરેના મતે અહિંસા વિષયક દૃષ્ટિકોણ સમજાવ્યો છે. સત્ય એ જ અહિંસા અને સત્ય એ જ ઈશ્વર માની સત્યના આગ્રહી બાપુ સત્યથી જીવ્યા અને રાજકારણમાં પણ સત્યનો આગ્રહ રાખ્યો એ વિચારને સ્પષ્ટ કર્યો છે. છેલ્લા બે પ્રકરણમાં ગાંધીજીના અનુયાયી અને વિચારકોના મતે 'અહિંસા'ના સિદ્ધાંતની સમજ આપી છે.

સરળ અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ આ પુસ્તક વિદેશીઓ તથા અંગ્રેજી માધ્યમમાં ભણનારા યુવાનોને પ્રભુ મહાવીરથી શરૂ થયેલ અહિંસાનો સિદ્ધાંત ગાંધીજી અને વર્તમાન યુગ સુધી કઈ રીતે પ્રસ્થાપિત થયો તે સમજવા માટે અત્યંત ઉપયોગી છે.

XXX

પુસ્તકનું નામ : **સમ્મેઅ શૈલં તમહં થુણામિ**
(વારાણસીથી શિખરજી સુધીની કલ્યાણ ભૂમિઓની ભાવયાત્રા)

**લેખક : ડૉ. શેફાલી શાહ**

**પ્રકાશક :** સદ્ભાવના કલા અકાદમી
૪૦૧, હેમદેવ હાઉસ, ધરણીધર દેરાસર સામે, અક્ષત ફ્લેટ્સની બાજુમાં, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ગુજરાત (ભારત)
ફોન : ૦૭૯-૨૬૬૦૬૪૧૪.
મોબાઈલ : ૯૮૨૫૪ ૮૧૪૦૨

**પ્રાપ્તિસ્થાન :**

(૧) શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

(૧) મલ્ટી ગ્રાફિક્સ, ૧૮, ત્રીજે માળે, ખોટાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૭૩૨૨૨

મૂલ્ય રૂા. ૫૫૦, પાના : ૪૮૧, પ્રથમ આવૃત્તિ ૧૪-૧૨-૨૦૦૮.

'સદ્ભાવના કલા અકાદમી'ના પ્રણેતા, ભક્તિ સંગીત અને સુગમ સંગીતના જાણીતા કલાકાર એવા ડૉ. શેફાલીબહેન શાહે અતિ પ્રાચીન મહાતીર્થ, અનેક તીર્થંકરોની કલ્યાણભૂમિ સમેતશિખરજીની સચિત્ર શબ્દયાત્રાનો આ ગ્રંથ તૈયાર કરી જિન શાસનને સુંદર ભેટ આપી છે. વારાણસીથી શિખરજીની યાત્રાનો આ ગ્રંથ એ માત્ર માહિતી નથી પણ યાત્રાનો સત્ય પુરાવો છે.

નયનરમ્ય અને નયનગમ્ય સુંદર તસ્વીરો પ્રભુ પરમાત્માની છબીને તાદૃશ કરે છે. પ્રભુજીના ફોટાઓ સાથે તેમની કલ્યાણકારી ભૂમિરૂપી થાવર તીર્થના ચિતારની નોંધ પણ આબેહૂબ છે. તે ઉપરાંત આ પુસ્તકનું આયોજન, સંયોજન અને પ્રકાશન જૈન શાસનના ઈતિહાસમાં અતિ મહત્ત્વનું અને નોંધપાત્ર ગણી શકાય તેવું છે જેમાં ભક્તિભાવથી ઐતિહાસિક સંદર્ભો, શિલ્પકળાની સૂક્ષ્મ અને જ્ઞાનસભર માહિતી ઉપરાંત યાત્રિકો માટે જરૂરી આવાસ આહાર આદિ સગવડોનું વર્ણન પણ કરેલું છે. કુમારપાળ દેસાઈના શબ્દોમાં કહીએ તો, 'વારાણસીથી શિખરજી સુધીની કલ્યાણક-ભૂમિઓ વાચકના માનસચક્ષુ સમક્ષ પસાર થતી જાય છે અને એનું હૃદય એના અનુપમ આનંદની ભરતી અનુભવે છે. વળી એ કલ્યાણક ભૂમિઓની સાથોસાથ સાધક ચાલતો જાય, સ્તવન-વંદના કરતો જાય અને એ રીતે ઉર્ધ્વગામી યાત્રા ચાલતી રહે છે.'

આ પુસ્તક દરેક જૈનને તેમજ સમ્મેત શિખરજીની યાત્રાએ જનાર પ્રત્યેક મુમુક્ષુને સુંદર માર્ગદર્શન પૂરું પાડશે અને જે ન જઈ શકે તેને પ્રત્યેક પૃષ્ઠ ફેરવતાં તીર્થોની ભાવયાત્રા જેવી અનુભૂતિ થશે. સામાન્ય યાત્રિકોથી માંડીને આધ્યાત્મિક સાધકો અને સંશોધકોને પણ ઉપયોગી થાય તેવી વિસ્તૃત અને વૈવિધ્યપૂર્ણ માહિતી પીરસીને આ ગ્રંથને બહુજનોપયોગી બનાવવા બદલ ડૉ. શેફાલીબેનને અભિનંદન. XXX

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(માર્ચ :–૨૦૦૯ના અંકથી આગળ)

૫૩૯. પારિગ્રહિકી ક્રિયા : જે ક્રિયા પરિગ્રહનો નાશ ન થવાને માટે કરવામાં આવે, તે 'પારિગ્રહિકી ક્રિયા'.
जो क्रिया परिग्रह का नाश न होने के लिए की जाय वह 'पारिग्रहिकी क्रिया' है ।
Action undertaken with a view to preventing the destruction of one's acquisitions.

૫૪૦. પારિણામિક (ભાવ) : કોઈ પણ દ્રવ્યનું સ્વાભાવિક સ્વરૂપપરિણમન જ પારિણામિક ભાવ કહેવાય.
किसी भी द्रव्य का स्वाभाविक स्वरूप परिणमन ही पारिणामिक भाव कहलाता है ।
The natural self transformation undergone by a substance is called its parinamikbhava.

૫૪૧. પારિતાપનિકી ક્રિયા : પ્રાણીઓને સતાવવાની ક્રિયા 'પારિતાપનિકી.'.
प्राणियों को सतानेवाली क्रिया पारितापनिकी क्रिया है ।
Action of the form of inflicting pain the living beings.

૫૪૨. પારિષદ્ય : જે મિત્રનું કામ કરે છે તે પારિષદ્ય છે.
जो मित्र का काम करते हैं वो पारिषद्य है ।
Those who act as companion.

૫૪૩. પિંડપ્રકૃતિ : નામ કર્મની ૪૨ પ્રકૃતિઓમાંની ૧૪ પિંડ પ્રકૃતિઓ કહેવાય છે.
नाम कर्म की ४२ प्रकृतिओं में से १४ पिंड प्रकृति कहलाती है ।
Out of the 42 subtypes of Nama-Karma the 14 subtypes are designated Pindaprakrti.

૫૪૪. પિપાસાપરીષહ : ગમે તેવી તૃષાની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુદ્ધ આહારપાણી ન લેતાં સમભાવપૂર્વક એ વેદનાઓ સહન કરવી.
तृषा की चाहे कैसी भी वेदना हो, फिर भी अङ्गीकार की हुई मर्यादा के विरुद्ध जल न लेते हुए समभावपूर्वक ऐसी वेदनाओं को सहन करना क्रमशः पिपासा परीषह है ।
Should thus suffer these sensations with a sense of equanimity. These are respectively called trsa Patisha or Pipasaparisaha.

૫૪૫. પિશાચ : વ્યંતરનિકાયના દેવનો એક પ્રકાર છે.
व्यंतरनिकाय के देव का एक प्रकार है ।
One of the sub types of Vyantaranikaya gods.

૫૪૬. પુદ્ગલપ્રક્ષેપ (અતિચાર) : કાંકરી, ઢેફું વગેરે ફેંકી કોઈને પોતાની નજીક આવવા સૂચના આપવી, તે પુદ્ગલપ્રક્ષેપ.
कंकड, ढेफा आदि फेंक कर किसी को अपने पास आने के लिए सूचना देना–पुद्लप्रक्षेप है ।
Throwing outwards some physical stuff like a gravel. stone, or a lump of dry mud with a view to calling someone from outside to come near oneself.

૫૪૭. પુદ્ગલપરાવર્ત : જ્યારે કોઈ એક જીવ જગતમાંનાં સમગ્ર પુદ્ગલ પરમાણુઓને આહારક સિવાય બીજાં શરીરો રૂપે તથા ભાષા, મન અને શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી ને વિસર્જન કરે. એમાં જેટલો કાળ લાગે તે પુદ્ગલપરાવર્ત.
जीव पुद्गलों को ग्रहण करके शरीर, भाषा, मन और श्वासोच्छ्वास रूप में परिणत करता है। जब कोई एक जीव जगत में विद्यमान समग्र पुद्गल परमाणुओं को आहारक शरीर के सिवा शेष सब शरीरों के रूप में तथा भाषा, मन और श्वासोच्छ्वास रूप में परिणत करके उन्हें विसर्जन करे-इसमें जितना काल लगता है, उसे पुद्गालपरावर्त कहते है ।
When in the case of particular it so happens that it appropriates all the existing material paricles of the univese and releases them after transforming them into each of the types of body except the aharaka type-also into speech, manasound breath (then the period of time required for all this is period technically called Pudagalaparavarta)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## સિદ્ધ યોગિની વિમલાતાઈ

*આધુનિક યુગના મૈત્રેયી અને ગાર્ગી, શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી, જે. કૃષ્ણમૂર્તિ, વિનોબાજી, દાદા ધર્માધિકારી અને અનેક ચિંતકોના ચિંતનને આત્મસાત્ કરી એક આધ્યાત્મિક મહાકાવ્ય જેવું જીવન જીવી જનાર પરમ યોગિની વિમલાતાઈ ઠકારેએ ૮૮ વર્ષની ઉંમરે આબુ શિખરે પોતાના દેહને સ્વેચ્છાએ અને ઉમળકાથી વિદાય આપી દેહ વિલયને મહોત્સવ બનાવ્યો.*

*પૂ. વિમલાતાઈની હજારોને મંત્રમુગ્ધ કરી દે એવી, હિમાલય-માંથી ઋષિકેશ–હરદ્વારની ગંગા જેવી નિર્મળ અને ઓઘવતી વાણીનો લાભ આ સંસ્થાની પર્યુષણ વ્યાખ્યાનમાળાને મળ્યો હતો.*

*૧૯૬૩માં શ્રી પરમાનંદભાઇએ 'પ્રબુદ્ધ જીવન'માં પૂ. વિમલાતાઈ વિશે લખ્યું હતું. ત્યારે એ લેખના ઉત્તરમાં પૂ. તાઈએ પરમાનંદભાઈને પત્રમાં લખ્યું હતું.*

*'હું ૧૯૫૩માં ભૂદાન આંદોલનમાં જોડાઈ ત્યારે લોક કલ્યાણની કોઈ એક પ્રવૃત્તિ સમજીને જોડાઈ નહોતી, પણ એ આંદોલનની જે એક આધ્યાત્મિક બાજુ હતી તેનાથી હું મુગ્ધ બની રહી અને તે કારણે હું આકર્ષાઈ હતી. માનવીમાં રહેલી INNATE GOODNESS વિષેની– પાયાના શુભ તત્ત્વ વિષેની–શ્રદ્ધા પર આધારિત એવા આ ક્રાંતિકારી આંદોલને માનવજાત પ્રત્યેના પ્રેમથી ભરેલા મારા ચિત્તને આકર્ષ્યું હતું. એને લગતી પ્રવૃત્તિ પાછળ મારામાં રહેલી કર્તૃત્વ શક્તિને અભિવ્યત કરવાની કોઈ ખાસ વૃત્તિ નહોતી, પણ માનવજાત માટેના પ્રેમને અભિવ્યક્ત કરવાનો આશય હતો.'*

*એઓશ્રી રાષ્ટ્રિય ચળવળમાં સક્રિય બન્યા, પરંતુ 'અંદર' તો કોઈ અજબની 'ખોજ' હતી. એ ખોજ તરફ એઓ વળ્યા, પામ્યા અને અનેકોના અનેકરીતે માર્ગદર્શક બન્યા.*

*આ પરમ શ્રદ્ધેય વિમલા ઠકારનું ગુજરાતી ભાષા ઉપર પ્રેરક પ્રભુત્વ હતું. ગુર્જર ગિરાનું એ સદ્ભાગ્ય. નૈષ્ઠીક બ્રહ્મચારિણી વિમલાતાઈ ખરેખર સરસ્વતી સ્વરૂપા હતા.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' પરમ પૂજ્ય તાઈને શબ્દાંજલિ અર્પી એઓશ્રીના શિષ્ય પ્રા. પ્રતાપભાઈ ટોલિયા દ્વારા પ્રાપ્ત પ્રસંગો પ્રસ્તુત કરી પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી નત મસ્તકે એ ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન કરે છે.*

❑ **ધનવંત શાહ**

# પંથે પંથે પાથેય...

## (૧) વિદુષી વિમલાતાઈ ઠકાર અને સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી

## (૨) મહાગાયક ઓમકારનાથ ઠાકુરે આત્મજાને અંતિમ ભજન સંભળાવ્યું !

**પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા**

(૧)

શિવકુટી માઉન્ટ આબુના શાંત–પ્રશાંત વાતાવરણમાં અને વિમલાદીદીના વિમલ સાન્નિધ્યમાં અદ્ભુત અનહદ અંતર્નાદ જગાવતી–સંભળાવતી મૌન બેઠકને અંતે અનાહતમાંથી આહત–નાદ પ્રગટ્યા... સિતારના તારના ધ્વનિ–પ્રતિધ્વનિ રણક્યા..ધ્વનિ–નાદ પછી પ્રણવ–ગાન અને રવીન્દ્ર સંગીતના મૃદુલ મંજુલ સ્વરગાન ગુંજ્યા...અને અંતે ગવાયું મલ્લિકજી રચિત હિન્દી ભજન :

*'પ્રભુજી! તૂ હી સબકુછ જાને પ્રિયતમ!*
*ફિર મૈં કરું ક્યોં ક્યાસ રે, મૈં તો તેરા દાસ...*
*અબ તો એક વરદાન મૈં માગું,*
*વહ હૈ તેરા સહવાસ, પ્રભુજી! મૈં તો તેરા દાસ...'*

શ્રવણાંતે બાહ્યાંતર મૌનમાંથી અનુગુંજિત થતી દીદીની પરાવાણી પ્રગટીઃ પ્રભુનો દિવ્ય સહવાસ ઝંખતા ચાચાજી પોતે જ પોતાનું આ ભજન ગાવા અને સૌને પોતાની મસ્તીમાં ભીંજવવા અનેક વેળાની જેમ એકવાર અચાનક, અણધાર્યા જ અહીં આવી ચઢ્યા...ન કોઈ પત્ર કે ન કોઈ પૂર્વસૂચના!

'શિવકુટીના દરવાજે આવી ઊભા અને 'સહવાસ' માગતું આ ભજન ગાવા લાગ્યા અને પછી બૂમ પાડી ત્યાંથી જ, અંદર પગ મૂક્યા વિના જ–

'તાઈ રે તાઈ ! આયા તેરા ભાઈ...
ખિલા દે કુછ મિઠાઈ...!!'

'સાંભળીને અમે સફાળા દરવાજે દોડ્યા... પ્રણામ કરી સાનંદાશ્ચર્ય અનુભવતા અંદર આવવા વિનવ્યા, નિમંત્ર્યા...

'પણ આ મસ્ત મૌલા એમ પગ અંદર મૂકે શાના?

'એ તો બાળકની જેમ હઠ પકડીને માથું ધુણાવતા બેવડાવતા રહ્યાઃ

'ખિલા દે કુછ મિઠાઈ તાઈ!
તબ આવે અંદર તેરા ભાઈ!'

'અને જ્યારે આ બહેને આ મોંઘા–મશ્કરા

(વધુ માટે જુઓ પાનું ૨૧)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.